


# બાઇબલ–
# ઝબકાર અને ઝાંખી

પીયૂષ એસ. ક્રિશ્ચિયન

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

2BGZ1

બાઈબલ–

# ઝબકાર અને ઝાંખી

: લેખક :

**પીયૂષ એસ. ક્રિશ્ચિયન**

: પ્રકાશક :
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬.
ફોન નં. ૬૪૪ ૫૨ ૮૧

૧લી આવૃત્તિ ૧૯૮૩ નકલ ૧૦૦૦ કિંમત રૂ. ૪/-
૨જી આવૃત્તિ ૧૯૯૯ નકલ ૧૦૦૦ કિંમત રૂ. ૨૦/-

: મુદ્રક :
ફોટ્રોનિક્સ
ભરવાડા હાઉસ, હાઈકોર્ટ રેલવે ક્રોસિંગ પાસે,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.
ફોન નં : ૬૪૨૭૪૪૮



**જન્મ : ૩૧-૮-૧૯૪૦** **મરણ : ૧૯-૯-૧૯૯૮**

# અર્પણ

આ લેખનકાર્ય માટે

પ્રેરણાં, પ્રોત્સાહન અને

ભરપૂર વાતાવરણ આપનાર

મારી પ્રિય પત્ની

**(સ્વ) શ્રીમતી જ્યા પી. ક્રિશ્ચિયનને**

સપ્રેમ.

ગાંધીનગર

તા. ૧૨-૧-૧૯૯૯ **— પીયૂષ એસ. ક્રિશ્ચિયન**

# નિવેદન

ઈશ્વરભક્ત અયૂબને કહેવામાં આવ્યું હતું કે "શાંત ઊભો રહીને દેવનાં અદ્‌ભુત કાર્યોનો વિચાર કર" (અયૂબ ૩૭ : ૧૪) એવી શાંત પળોમાં અભિપ્રેરિત વિચારોના પરિપાકરૂપે બાઈબલના વિવિધ પ્રસંગોને આવરી લેતા લેખોથી લેખનકાર્યની શરૂઆત થઈ.


રેવ. જયાનંદ ચૌહાન તથા શ્રીમતી જયવંતીબહેન ચૌહાનના સતત પ્રોત્સાહનથી છેલ્લાં વીસ વર્ષથી "ખ્રિસ્તીબંધુ"માં પ્રકાશિત મારા કેટલાક લેખોને વ્યવસ્થિત પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવાની પ્રેરણા 'ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી'ના સાહિત્યપ્રેમી બીઝનેસ આસિસ્ટન્ટ પ્રિન્સિપાલ શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ તરફથી મળી. તેમના આગ્રહ અને પ્રોત્સાહનથી જ આજે આ પુસ્તક આપની સમક્ષ મૂકી શક્યો છું.

મુખપૃષ્ઠના આલેખન માટે મારા કલાકારમિત્ર શ્રી વિક્રમ પંચાલનો ઋણી છું. અન્યત્ર આવૃત્ત ચિત્રો વિવિધ સંદર્ભ ગ્રંથોમાંથી ઉપલબ્ધ થયાં છે તેનો ઋણ સ્વીકાર કરું છું. મિત્રો - પટેલ, પંડયા અને પંચાલ સહિત ઘણી વ્યક્તિઓના પ્રત્યક્ષ અને પરોક્ષ સહકાર અને સહાય માટે આભારી છું.

પુસ્તકના વાચન દ્વારા પ્રાપ્ત થતી 'ઝાંખી' અંતે સંપૂર્ણ 'દર્શન' બને એ જ અભ્યર્થના.

– પીયૂષ એસ. ક્રિશ્ચિયન

'નેસ્ટ' પ્લોટ ૩૫૨/૪
સેકટર - ૨૦
ગાંધીનગર-૩૮૨૦૨૦



| | |
|---|---|
| સ્વ. શ્રી સેમ્યુલ નરસિંહભાઈ પરમાર | સ્વ. રાહેલબેન એસ. પરમાર |
| જન્મ તા. ૨૦-૧-૧૯૦૨ | જન્મ તા. ૩-૩-૧૯૦૭ |
| મૃત્યુ તા. ૧૬-૯-૧૯૮૧ | મૃત્યુ તા. ૧૭-૩-૧૯૫૭ |

તેઓ આણંદ સી.એન.આઈ. મંડળીના સભાસદો હતા. સ્વર્ગસ્થ શ્રી સેમ્યુલભાઈ મેટ્રિક સુધીનો અભ્યાસ કરી બ્રિટીશ સરકાર વખતે શિવરાજપુર માઇન્સ-ઓફિસમાં નોકરી કરતા હતા, પરંતુ ત્યારબાદ માઇન્સ બંધ થતા તેમ જ આણંદમાં તેમના વૃદ્ધ માતા-પિતા એકલા રહેતા હોઈ પતિ-પત્ની બંને બાળકો સાથે આણંદ આવી તેમનાં માત-પિતાની સેવા અર્થે આણંદમાં સ્થિર થયા. ત્યાં ટેલરીંગ કામ શીખી તે વ્યવસાય અપનાવ્યો સાથે સાથે મંડળી પાસેથી ધાર્મિક પુસ્તકો લઈ (ખાસ કરીને સુવાર્તા પ્રચાર માસમાં) તેનું વેચાણ કરી નાણાં મંડળીમાં જમા કરાવતા. તેમના પત્ની રાહેલબહેન પતિના કાર્યમાં મદદ કરી

સંપૂર્ણ સહકાર આપતા તેમ જ કુટુંબ બહોળું હોઈ તેમનાં ઘરે અચાનક કોઈપણ મહેમાન બહારથી આવે તો તેમને ભૂખ્યાં જવા દેતાં નહીં. તેમને ઈશ્વરે ત્રણ દીકરા અને ત્રણ દીકરીઓનું દાન આપ્યું.

સ્વર્ગસ્થ શ્રી સેમ્યુલભાઈ મર્હૂમ ડી. સુ. રેવ. ઈશ્વરદાસભાઈ, સાલ્વેશન આર્મીના લેફ્ટન્ટ કર્નલ મર્હૂમ શ્રી હિંમતસિંગભાઈ તેમ જ વડીલ સ્વર્ગસ્થ યોહાન નરસિંહભાઈ (પ્રાંતિજ)ના નાનાભાઈ તેમ જ નિવૃત્ત ડી. સુ. રેવ. પી. એન. ક્રિશ્ચિયનના મોટાભાઈ થાય છે.

સ્વર્ગસ્થ શ્રી સેમ્યુલભાઈ જીવનનાં અંતિમ સમયમાં માંદગીનાં બિછાને હતા ત્યારે ભજનસંગ્રહનું ગીત નંબર ૨૪૦નો પ્રથમ શ્લોક "આકાશથી દેવે કહ્યું, દયા પ્રગટ કરાય; સંપૂર્ણ તારણ થયું, ન નાશે લોકો જાય" એ ગીત તેમના મુખમાં હતું.

સ્વર્ગસ્થની સ્નેહસ્મૃતિમાં તેમનાં પુત્ર શ્રી જ્યોર્જભાઈએ આ પુસ્તક "ઝબકાર અને ઝાંખી"નાં પ્રકાશન માટે રૂા. ૫૦૦૦/-નું દાન આપ્યું છે.

# બીજી આવૃત્તિ પ્રસંગે

'ઝબકાર અને ઝાંખી' એ શ્રી પીયૂષભાઈ ક્રિશ્ચિયને રચેલો, એમની વિદ્વતા અને અભ્યાસનિષ્ઠાનો સુરેખ પરિચય કરાવતો, એક વિચારપ્રેરક ગ્રંથ છે. ગુજરાતના અલ્પધન ખ્રિસ્તી સાહિત્યમાં વિજ્ઞાન અને ધર્મને લગતાં ખૂબ અલ્પ પુસ્તકો છે, તેમાં આ ગ્રંથ એક સુભગ ઉમેરો છે.

લેખકનું લગ્નજીવન ખૂબ સુખી અને આશીર્વાદિત હતું. તેમાં તેમનાં પત્ની જ્યુડીથ (જયા) બહેનનો અમૂલ્ય ફાળો હતો. હૃદયરોગને કારણે તેમનું અકાળે અવસાન થતાં તેમના સ્મરણાર્થે તેમના પતિ શ્રી પીયૂષભાઈ ક્રિશ્ચિયને રૂા. ૧૦,૦૦૦/-નું જે ઉમદા દાન આપ્યું છે તે માટે તેઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

વડોદરાના શ્રી જ્યોર્જભાઈ પરમાર સાહેબે આ ગ્રંથના પ્રકાશન માટે અગાઉ રૂા. ૫૦૦૦/-નું જે ઉમદા દાન આપ્યું હતું, તે બદલ તેમનો પણ હૃદયપૂર્વક આભાર.

બંને દાતાઓની ઉદારતાનો આભાર માની આ વિદ્વાન લેખકને આવાં બીજાં પુસ્તકો લખવા માટે અમારું હાર્દિક આમંત્રણ છે.

– ભગવતપ્રસાદ ચૌહાણ
(સેક્રેટરી)

"હે યહોવા,

તારા નિયમશાસ્ત્રમાંની આશ્ચર્યકારક વાતોનું અવલોકન કરવા માટે મારી આંખો ઉઘાડ."

– ગી. શા. ૧૧૯ : ૧૮

# આવકાર અને મુખપૃષ્ઠ પરિચય

કોટાનકોટિ વિશ્વોના સર્જક ઈશ્વરે માનવજાતિને જે કેટલાંક અદ્‌ભુત વરદાનો આપ્યાં છે, તેમાંનું એક અપ્રતિમ કૃપાદાન તે બુદ્ધિ છે. માનવીનું વિશિષ્ટ લક્ષણ એવી પ્રગતિશીલ માનવબુદ્ધિના કાર્યક્ષેત્રમાં ચાર બાબતો આવી જાય છે - સંબંધ, અનુમાન, સંકેત ને વિવેક અથવા ઔચિત્ય. વાત અને વાત વચ્ચે સંબંધો જોવા, અનુમાનો દ્વારા એક સત્યમાંથી બીજું સત્ય તારવવું, અરૂપ સંકેતોના અર્થો સમજવા ને તેમનો ઉપયોગ કરવો, ને યોગ્ય-અયોગ્યનો વિવેક કરવો એ માનવબુદ્ધિનાં વિશિષ્ટ ગુણલક્ષણો છે, જેમણે ખાસ કરીને વિજ્ઞાન અને સાહિત્યનાં ક્ષેત્રોમાં માનવજાતિએ સાધેલ અદ્‌ભુત વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

પવિત્ર ને ઈશ્વરપ્રેરિત ધર્મગ્રંથ બાઇબલમાં ઈસુ ખ્રિસ્ત પૂર્વે (B. C. – *Before Chirst*) ના અને ઈસુ ખ્રિસ્ત પછી (A. D. – *anno domini*) ના હજારો વર્ષોના સમયગાળા દરમ્યાન બનેલા અસંખ્ય બનાવો નોંધાયા છે. બાઇબલમાં માત્ર ઈશ્વરદીધાં સનાતન સત્યોની અભૂતપૂર્વ રજૂઆત જ નથી, એ સત્યો માનવજાતિને કેવી રીતે ને કયા સમયોમાં કયા પેગંબરોના માધ્યમ દ્વારા પ્રાપ્ત થયાં તેનું અતિ રસપ્રદ એવું નિરૂપણ પણ છે. બાઇબલના પ્રત્યેક શબ્દમાં ને તેમાં નોંધાયેલ પ્રત્યેક બનાવમાં શોધકને શિક્ષણ સાંપડે જ સાંપડે.

મનુષ્યો સ્વાભાવિક રીતે જ ઈશ્વરદત્ત એવી બુદ્ધિના વિનિયોગ દ્વારા બાઇબલમાં નોંધાયેલા બનાવોનું અર્થઘટન કરવા ને વૈજ્ઞાનિક સૂઝસમજ મેળવવા ઇચ્છે છે; તેથી જ વિજ્ઞાન, પુરાતત્ત્વ, ઇતિહાસ, સમાજવિદ્યા, ભાષા એમ વિવિધ દષ્ટિકોણથી બાઇબલમાં નોંધાયેલા

ઐતિહાસિક પ્રસંગોની સમજ ને જાણકારી પમાડતા અસંખ્ય ગ્રંથો અંગ્રેજીમાં ને અન્ય પાશ્ચાત્ય ભાષાઓમાં રચાયા છે. ગુજરાતીમાં આવા અભ્યાસપૂર્ણ ગ્રંથોનો અભાવ ઘણાં વર્ષોથી જણાતો હતો, એટલે આવા ઓછા ખેડાયેલા ક્ષેત્રમાં પુરાતત્ત્વ, વિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ ને સાહિત્યની મદદથી સંબંધ, અનુમાન, સંકેત ને વિવેકનો ઉપયોગ કરી **'ઝબકાર અને ઝાંખી'** પુસ્તકના વિદ્વાન લેખકે ગુજરાતી સમાજની એક મોટી સેવા બજાવી છે, એક નવી દિશા ઉઘાડી છે, અને તેથી સ્વાભાવિક રીતે જ તે આપણા અભિનંદનના અધિકારી બને છે.

દા. ત. સદોમ ને ગમોરાહ નામનાં બે નગરોના ગંધક અને આગથી થયેલા વિનાશ (ઉત્પત્તિ ૧૯મો અધ્યાય) અંગે લેખકે જુદા જુદા સંશોધકોનાં સંશોધનોનો આધાર લઈ અત્યારે એ પ્રદેશમાં મળી આવતા ગંધકના ટુકડાઓમાં ગંધક, ચિરોડી ને પેટ્રોલિયમની ઉપસ્થિતિ છે તે પુરવાર કરી બતાવ્યું છે. લોટની પત્ની ખારના થાંભલામાં ફેરવાઈ ગઈ તે અંગે પણ હાલનાં સંશોધનો દ્વારા પ્રાપ્ત થતી રસપ્રદ માહિતીનું નિરૂપણ આ પુસ્તકમાં મળે છે.

પુસ્તકમાં યરેખોના કોટનું તૂટી પડવું (યહોશુઆ છઠ્ઠો અધ્યાય), રાજા દાઉદરચિત ગીતશાસ્ત્રનાં અમુક ગીતોનું વૈજ્ઞાનિક ને ગણિતીય રસદર્શન, બાઇબલ ને અંકશાસ્ત્ર, ઈસુજન્મની ઐતિહાસિકતા, એફેસસ નગર - આવાં ઘણાં રસપ્રદ ને લેખકના વિશાળ વાચનને કુશાગ્ર વિચાર શક્તિની ઝાંખી પૂરી પાડતાં નિરૂપણો છે, જે દ્વારા ઘણા વિચારકોની જિજ્ઞાસા સંતોષાશે ને વધુ જાગૃત પણ થશે એવી શ્રદ્ધા છે.

મુખપૃષ્ઠ પણ લેખકની વિદ્વતા, વિચારશીલતા ને કલ્પનાશક્તિનો સુંદર પરિચય કરાવી જાય છે. Iesous CHristos Theou HYios Soter જેનો અર્થ થાય છે Jesus Christ of God the Son Saviour. ગ્રીક ભાષામાં તેનો પ્રથમાક્ષર લઈ બનેલો શબ્દ છે Ichthus

(ઈખ્થુસ) જેનો અર્થ માછલી એવો થાય છે. સર્જનના પાંચમા દિવસે ઈશ્વરે માછલીનું સર્જન કર્યું. સજીવોમાં **માછલી** પ્રથમ હતી. પ્રભુ ઈસુ કહે છે કે, "આ પેઢીને પેગંબર યૂનાના ચિહ્ન સિવાય બીજું કોઈપણ ચિહ્ન આપવામાં આવશે નહિ" (માથ્થી ૧૨ : ૩૯. ૧૬ : ૪).

પ્રાચીન ખ્રિસ્તીઓ ઈસુ ખ્રિસ્ત માટે **'ઈસુ ખ્રિસ્ત, દેવનો પુત્ર, મુક્તિદાતા'** એવું પાંચ શબ્દોનું સંબોધન વાપરતા હતા. એ પાંચેય શબ્દોના પ્રથમાક્ષરો લેવાથી બનેલા સાંકેતિક શબ્દ 'ઈખ્થુસ' (માછલી) માં ખ્રિસ્તી ધર્મનાં ઘણાં ગંભીર રહસ્યો છુપાયેલાં છે (જુઓ લેખ નં. ૧૪, પૃ. ૮૯-૯૩), અને લેખક યોગ્ય રીતે જ જણાવે છે કે તેમાં પ્રેરિતોનું આખું વિશ્વાસનામું આવી જાય છે. ખ્રિસ્ત પ્રતિ દોરી જાય છે, તેથી જ આકાશ તરફ ઊંચી થતી માછલીને મુખપૃષ્ઠમાં મધ્યસ્થાને મૂકવામાં આવી છે. માછલીમાંથી ફૂટતાં પ્રકાશનાં કિરણો તે પેગંબરો ને સવિશેષ ઈસુ ખ્રિસ્તનાં જ્ઞાનદાયી અને જીવનદાયી વચનો છે. ઉપલા મથાળે દોરેલો ક્રૂસ પણ સંકેતમાં ઘણા ઘણા અર્થો સૂચવી જાય છે. માછલીની આંખમાં ઈશ્વરકૃપાનાં દર્શન પણ જોનારને થઈ શકે! માછલી ને ક્રૂસ ઈશ્વર ને માનવ વચ્ચેનો સંબંધ પણ સૂચવે છે. ક્રૂસની ઊર્ધ્વરેખા (vertical) ઈશ્વર સાથેનો સંબંધ અને ક્ષિતિજસમાંતરરેખા (horizontal) માનવબંધુઓ સાથેનો સંબંધ સૂચવે છે.

સંસારને ભારતીય પરંપરામાં સાગરનું રૂપ આપ્યું છે. બાઈબલ આપણા ઉપગ્રહ માટે પૃથ્વી (Earth) શબ્દ પ્રયોજે છે અને Cosmos એવો ગ્રીક શબ્દ માટે પ્રયોજે છે જગત કે સંસાર (The World). અહીં જે સાગર છે તે સંપૂર્ણપણે ભ્રષ્ટ એવા જગતને કે સંસારને સૂચવે છે. ખ્રિસ્તી સિદ્ધાંતો મુજબ માનવીના ત્રણ શત્રુઓ છે - સેતાન, જગત કે સંસાર અને માનવી પોતે (તેનું દુષ્ટ હૃદય અને પાપી સ્વભાવ). આને કારણે સેતાનના, સંસારના ને પાપના મહાસાગરમાં માણસ ડૂબે

છે. તેનો તરફડિયાં મારતો હાથ પાણીની બહાર છે એટલે હજી ડૂબતા માણસ માટે બચવાની આશા છે. હાથ એ ડૂબતી વ્યક્તિઓની જરૂરિયાત સૂચવે છે. પાંચ આંગળીઓ એ વિવિધ જરૂરિયાતો દર્શાવે છે.

ચિત્ર એમ પણ સૂચવી જાય છે કે ઈશ્વરની પ્રતિમા પ્રમાણે સર્જાયેલા અને જેના શરીરમાં ઈશ્વરનું અને પવિત્ર આત્માનું મંદિર છે તેવા માણસને માટે ખ્રિસ્તના ક્રૂસમાં અમર આશા છુપાયેલી છે. ઈશ્વરની આંખ તો સદાય માનવજાતિ પર મંડાયેલી રહે છે અને ક્રૂસના હાથો દ્વારા તે ડૂબતા માણસને બચાવીને તેને સંસારમાંથી સ્વર્ગમાં સંતોની સંગતમાં ઊંચે લઈ જવા ચાહે છે. પરંતુ તે માટે માણસે **મુક્તિદાતા, ઈશ્વરપુત્ર, ઈસુ ખ્રિસ્ત**ને શરણે જવું જ રહ્યું. આમ આ નાનકડા ચિત્ર દ્વારા લેખકે કેટકેટલું સૂચવી દીધું છે!

મુખપૃષ્ઠ લેખકની ઊંડી વિચારશક્તિ, કલ્પનાશક્તિ ને કલાનું દ્યોતક છે. પુસ્તકમાં સમાયેલી મહત્ત્વની વિગતોને સ્પષ્ટ કરવા લેખકે ઘણો શ્રમ લઈને આકૃતિઓ ને ચિત્રો રજૂ કર્યાં છે.

પુસ્તકના યુવાન વિદ્વાન લેખક પાસે ગુજરાતનો સમાજ ઘણી અપેક્ષાઓ રાખે છે અને વિજ્ઞાન ને ધર્મનો સુભગ સમન્વય રજૂ કરતાં આવાં બીજાં પુસ્તકો દ્વારા લેખક તે આશા સંતોષશે તેવી મને શ્રદ્ધા છે. **'ઝબકાર અને ઝાંખી'** ને હું હૃદયના ઉમળકાથી આવકારું છું અને આ પ્રાસ્તાવિક કથન રજૂ કરવાના કાર્યને એક બહુમાન માનું છું.

બહુશ્રુત લેખકને હું હૃદયના અભિનંદનસહ શુભેચ્છા પાઠવું છું.

અમદાવાદ — **ભગવતપ્રસાદ ચૌહાણ**

૧૪-૩-૧૯૮૩

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| નિવેદન | iv |
| આવકાર અને મુખપૃષ્ઠપરિચય | ix |
| ચિત્રોની યાદી | xv |
| ૧. પ્રથમ સજીવ માનવ - આદમ | ૧ |
| ૨. રહસ્યમય વ્યક્તિ - અયૂબ | ૭ |
| ૩. ભૂસ્તરવિજ્ઞાનનો ચમત્કાર | ૧૩ |
| ૪. ધ્વનિવિજ્ઞાનનો ચમત્કાર | ૨૦ |
| ૫. રાજા ફારૂનનો મૃતદેહ (મમી) | ૨૫ |
| ૬. વૈજ્ઞાનિક રસદર્શન - ગીતશાસ્ત્ર ૮ | ૩૧ |
| ૭. ગણિતીય રસદર્શન - ગીતશાસ્ત્ર ૧૧૯ | ૩૯ |
| ૮. બાઇબલ અને અંકશાસ્ત્ર | ૪૪ |
| ૯. પવિત્ર ભૂમિ : ઐતિહાસિક ઝાંખી | ૫૩ |
| ૧૦. ઈસુજન્મની ઐતિહાસિકતા | ૬૫ |
| ૧૧. ઈસુની માતા મેરી | ૭૦ |
| ૧૨. રાણીનો ખજાનો | ૭૮ |
| ૧૩. એફેસસ નગર | ૮૩ |
| ૧૪. ખ્રિસ્તી ધર્મનું પ્રાચીન પ્રતીક | ૮૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧૫. શુભસંદેશકર્તાઓનો પરિચય | ૯૪ |
| (૧) સંત માથ્થી | ૯૪ |
| (૨) સંત માર્ક | ૯૯ |
| (૩) સંત લૂક | ૧૦૫ |
| ૧૬. ઈસુના અંતિમ દિવસોની ક્રમબદ્ધ તવારીખ | ૧૧૧ |
| (૧) પૂર્વતૈયારી | ૧૧૨ |
| (૨) અંતિમ યાત્રા | ૧૧૮ |
| (૩) ગુડ ફ્રાઈડે | ૧૨૬ |
| ૧૭. પારાદૈસનો પ્રવાસી | ૧૩૨ |
| ૧૮. પુનરુત્થાન - એક ચર્ચા | ૧૩૬ |
| ૧૯. એમ્માૌસ તરફ | ૧૪૧ |

# ચિત્રોની યાદી


| ચિત્ર | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | આદમની વંશાવળી | ૨ |
| ૨. | ઈસુ ખ્રિસ્તના બલિદાનરૂપી મૃત્યુની છાયા દર્શાવતું - હાબેલ અને મેલ્ખીસેદેકનાં અર્પણોનું ચિત્ર | ૧૧ |
| ૩. | સદોમ-ગમોરાહના વિનાશનું વૈજ્ઞાનિક રહસ્ય દર્શાવતી આકૃતિ | ૧૬ |
| ૪. | યરેખો નગર | ૨૨ |
| ૫. | રાજા ફારૂન મેર્નેપ્તાહ | ૨૫ |
| ૬. | દ્રાક્ષા પીલવા માટેની વ્યંવસ્થા દર્શાવતું ચિત્ર | ૩૧ |
| ૭. | ભરવાડ દાઉદભક્ત | ૩૨ |
| ૮. | દાઉદ રાજાના સમયમાં લેવી કુળના સંગીતકારો | ૪૧ |
| ૯. | આધુનિક નાઝારેથ નગર | ૫૩ |
| ૧૦. | નાઝારેથથી બેથલેહેમનો માર્ગ તથા અન્ય સ્થળો | ૫૪ |
| ૧૧. | ગિબઓન (ડુંગર ઉપરનું શહેર) | ૫૬ |
| ૧૨. | એન-ગનીમ નગર : એસ્દ્રાએલોનનું મેદાન | |
| ૧૩. | શખેમ નગર | ૫૯ |
| ૧૪. | સમરૂન પ્રજાનો પવિત્ર પર્વત ગરીઝીમ | ૬૦ |
| ૧૫. | આદિપિતૃ ઈબ્રાહિમનું એલોન વૃક્ષ | ૬૧ |
| ૧૬. | રાહેલની કબર | ૬૨ |
| ૧૭. | આધુનિક બેથલેહેમ નગર | ૬૩ |
| ૧૮. | રોમન શાહેનશાહ ઓગસ્ટસ સિઝર | ૬૫ |

| ચિત્ર | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૯. | માતા મેરી અને બાળઈસુ | ૭૧ |
| ૨૦. | પવિત્ર પરિવાર | ૭૪ |
| ૨૧. | ઈથિયોપિયાનો હબસી ખોજો અને સંત ફિલિપ | ૭૯ |
| ૨૨. | આર્તેમિસ દેવીની પ્રતિમા | ૮૪ |
| ૨૩. | કાપરનાહૂમ નગરના પ્રભુમંદિરમાં – પાંચ રોટલી તથા બે માછલીના ચમત્કારનું ચિત્રનિરૂપણ. | ૯૨ |
| ૨૪. | સંત માથ્થી | ૯૪ |
| ૨૫. | સંત માર્ક | ૯૯ |
| ૨૬. | સંત લૂક | ૧૦૬ |
| ૨૭. | ઈસુનો અંતિમ યાત્રાપથ | ૧૧૧ |
| ૨૮. | શિષ્યો સાથે છેલ્લું ભોજન (ઇટાલીના એક ચર્ચમાંનું ચિત્ર) | ૧૧૭ |
| ૨૯. | (ઈસુને બંદીવાન કરીને લઈ જતા રોમન સૈનિકોએ – યરુશાલેમનાં પથ્થર જડેલા માર્ગ પર દોરેલી કૂકરીની રમતનું ચિત્ર) [રમતની હારજીત પરથી ઈસુના સીવણ વગરના ડગલાની માલિકી નક્કી કરવામાં આવી.] | ૧૧૯ |
| ૨૦. | ગલગથા (ખોપરીની જગા) (માથ્થી ૨૭ : ૩૩. માર્ક ૧૫ : ૨૨. લૂક ૨૩ : ૩૩. યોહાન ૧૯ : ૧૭) | |
| ૩૧. | જ્યાં ઈસુનાં પુનિત પદચિહ્નો પડ્યાં હતાં તે – કિદ્રોન ખીણનાં ઐતિહાસિક પગથિયાં | ૧૨૩ |
| ૩૨. | વેદનાયુક્ત ક્રૂસિફિકશન | ૧૩૦ |


# ૧. પ્રથમ સજીવ માનવ - આદમ

સર્જનની પ્રક્રિયાના અંતિમ દિવસે સર્જનહારે ભૂમિમાંથી માટી લઈ તેમાંથી પોતાની જ પ્રતિમા પ્રમાણે માનવ ઘડ્યો. આ નિર્જીવ પૂતળામાં ઈશ્વરે સ્વયં પોતાનો પ્રાણ પૂરીને તેને સજીવ રૂપ આપ્યું. તે જ પ્રથમ સજીવ માનવ - આદમ. (આદમા એટલે રક્તવર્ણી માટી.) માતાના ગર્ભસ્થાનની દૈહિક પ્રક્રિયામાંથી પસાર થયા વિના આ પૃથ્વી પર પુખ્તવયે જન્મનાર આદમ એકમાત્ર અસામાન્ય સજીવ માનવ હતો. આમ, આ પ્રથમ માનવ, પાર્થિવ અને દિવ્ય તત્ત્વોનો અજાયબ સમન્વય હતો. તેથી તેને "દેવનો દીકરો" કહેવામાં આવ્યો છે (લૂક ૩ : ૩૮).

ત્યાર બાદ પત્ની હવા (Eve)નું સૃજન, તેમનું શરૂઆતનું નિર્દોષ જીવન અને અંતે પાપના પ્રવેશ દ્વારા એદન બાગમાંથી શાપિત થઈ બહાર જવાના પ્રસંગો ઉત્પત્તિ ૨ અને ૩ માં ખૂબ સંક્ષિપ્ત રીતે વર્ણવ્યા છે. પ્રથમના બે પુત્રોનો જન્મ અને હાબેલના કરુણ અંત સિવાય અન્ય કોઈ નોંધપાત્ર ઉલ્લેખ મળતો નથી. આમ આદમના સંપૂર્ણ જીવનવૃત્તાંત વિષે બાઈબલ શાંત છે.

આદમની ૧૩૦ વર્ષની ઉંમરે ત્રીજા પુત્ર શેથનું આગમન થયું (ઉત્પત્તિ ૫ : ૩-૫). 'કેલી'ની હેન્ડબુકમાં એક દંતકથાનો ઉલ્લેખ છે તે પ્રમાણે આદમને કુલ ૨૭ પુત્રો અને ૩૩ પુત્રીઓ જન્મ્યાં. સર્વ સજીવોની માતા હવા (Eve) ના જીવન અને મૃત્યુ વિષે વધુ કાંઈ નિર્દેશ મળતો નથી.

આદમનું કુલ આયુષ્ય ૯૩૦ વર્ષનું હતું (ઉત્પત્તિ ૫ : ૫). આટલા લાંબા આયુષ્ય દરમ્યાન તેમણે શું કર્યું અને તેમના જીવનનું




ચિત્ર ૧ : આદમની વંશાવળી

પ્રમુખકાર્ય શું હશે તે માત્ર કલ્પનાનો જ વિષય ગણાય. છતાં તે નિષ્ક્રિય તો હશે જ નહિ. બાઈબલનાં સંક્ષિપ્ત વૃત્તાંતો ઉપર મનન કરીને તેની કલ્પના થઈ શકે. ઉત્પત્તિ પાંચમા અધ્યાયમાં આદમની વંશાવળી આપી છે જે ચિત્ર ૧માં દર્શાવી છે. પુત્રો, પૌત્રો અને પ્રપૌત્રો સુધીનું દીર્ઘ જીવન અને તેનો પ્રત્યેક દિવસ આદમ માટે એક નક્કર ઈતિહાસ હતો. કારણ કે તે પોતે જ ઈતિહાસની શરૂઆત હતો (ઉત્પત્તિ ૧ : ૨૮). તે પોતે જ આદિ ભૂગોળનો જ્ઞાતા હતો (ઉત્પત્તિ ૨ : ૮-૧૫. ૩ : ૨૩). તેના પુત્રો દ્વારા ખેતી (૪ : ૨), પશુપાલન (૪ : ૨૦), સંગીત (૪ : ૨૧), યુદ્ધનાં શસ્ત્રોની વિદ્યા (૪ : ૨૨), તેમ જ ઈશ્વરવિદ્યા (૪ : ૨૬) ની શરૂઆત થઈ. આમ આદમ માનવજાતના ઈતિહાસમાં અજોડ અને અસામાન્ય હતો. પ્રત્યેક પ્રસંગોનો તે પ્રત્યક્ષ સાક્ષી હતો. તે પ્રસંગ તેણે પોતાની સ્મૃતિમાં સાચવી રાખ્યો હશે.

ત્રીજા પુત્ર શેથના જન્મ પ્રસંગે તેણે ઈશ્વરનો આભાર માન્યો, કારણ કે હાબેલની ખાલી જગ્યા શેથ દ્વારા પુરાઈ (ઉત્પત્તિ ૪ : ૨૫). શેથ એટલે "ઠરાવેલો-નિયુક્ત." આ નિયુક્ત પુત્ર દ્વારા ભવિષ્યની પૃથ્વી ભરાઈ જવાની હતી. આદમે પોતાના સ્મૃતિપ્રસંગોથી શેથને વાકેફ કર્યો હશે. આમ આદમના શેષ જીવનનું પ્રમુખકાર્ય આ જ રહ્યું હશે. ઉત્પત્તિના અધ્યાયો વાંચતાં જરૂર લાગશે કે કોઈ કોઈ પ્રત્યક્ષ સાક્ષી દ્વારા એનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રત્યેક પુત્ર, પૌત્ર કે પ્રપૌત્રને યોગ્ય નામ આ વડદાદા આદમ દ્વારા આપવામાં આવ્યું હશે, કારણ કે અર્થપૂર્ણ નામો પાડવાનું વિશેષ દાન સીધું સર્જનહાર તરફથી આદમને આપવામાં આવ્યું હતું (ઉત્પત્તિ ૨ : ૧૯-૨૦. ૩ : ૨૦). તેણે સજીવ માનવમાં પ્રથમ નામ પોતાની પત્નીનું આપ્યું. હવા (Eve) એટલે "સર્વ સજીવની માતા," બીજા અર્થમાં "આશા"! આદમ હવે પછી એક આશામાં જીવવાનો હતો. ત્યાર બાદ પાંચ પેઢી સુધી તેના પૌત્રોની વણજાર શેથ ૯૧૨, અનોશ ૯૦૫, કેનાન ૯૧૦,

માહલાલએલ ૮૯૫, યારેદ ૯૬૨... ચાલુ રહી. કોઈ નોંધપાત્ર બનાવ બન્યો નહિ. આદમની મુક્તિની આશા લંબાતી રહી. ઢળતી અવસ્થામાં આદમની ૬૨૨ વર્ષની વયે પ્રપૌત્ર હનોખનું આગમન થયું. તેના જન્મથી આદમની આશાનું કિરણ પ્રદીપ્ત થયું હશે, કારણ કે તેનું નામ હનોખ એટલે "દીક્ષિત" પાડવામાં આદમ પછી દેવની સાથે પ્રત્યક્ષ સંગતમાં રહેનાર હનોખ પ્રથમ માનવ હતો. "તે દેવની સંઘાતે ચાલ્યો" (ઉત્પત્તિ ૫ : ૨૪). તેણે પ્રભુના પુનરાગમનનું પ્રથમ ભવિષ્યકથન આપ્યું : "સઘળાંનો ન્યાય કરવાને... પ્રભુ પોતાના હજારોહજાર સંતો સહિત આવ્યો" (યહૂદા કલમ ૧૪-૧૫). આમ હનોખ પ્રથમ પ્રબોધક બન્યો. આદમના જીવનમાં એ ક્ષણ ખૂબ મહત્ત્વની બની હશે.

પરંતુ આવનાર મુક્તિદાતાની છાયા તો સ્વયં આદમ જ હતો જે ખુદ તેનાથી અજાણ હતો! આદમ ઈશ્વર દ્વારા માટીમાંથી જન્મ્યો, મનુષ્યની જેમ જ મૃત્યુ પામવાનો હતો, આવનાર મુક્તિદાતા ઈશ્વર દ્વારા માનવમાતાથી જન્મવાનો હતો, મનુષ્યની જેમ જ મૃત્યુ પામી દેવની જેમ પુનઃ સજીવન થવાનો હતો! "પહેલો માણસ આદમ સજીવ પ્રાણી થયો, છેલ્લો આદમ જીવન આપનાર આત્મા થયો.... પહેલો માણસ પૃથ્વીમાંથી માટીનો થયો; બીજો માણસ આકાશથી છે" (૧ કોરીંથી ૧૫ : ૪૫-૪૭). આદમ દ્વારા આજ્ઞાભંગથી જગતમાં પાપ પ્રવેશ્યું અને પાપ દ્વારા મરણનો પ્રવેશ થયો. મુક્તિદાતા ઈસુ દ્વારા એ પાપનું પ્રાયશ્ચિત થયું (રોમનો ૫ : ૧૨-૧૯). આમ આદમ જેની ઝાંખી માટે તલસતો હતો તે પ્રપૌત્રનું આગમન તો હજી ઘણું દૂર હતું.

ત્યાર બાદ ૬૮૭ વર્ષની ઉંમરે વધુ એક પ્રપૌત્રનું આગમન થયું હનોખના જીવનમાં રોપાયેલી આશા આ પ્રપૌત્રના આગમનથી બદલાઈ ગઈ. આ પ્રપૌત્રનું નામ પાડવામાં આવ્યું "મથૂસેલાહ" - એટલે

"મૃત્યુ પામશે ત્યારે પાણી આવશે." કેવું વિચિત્ર નામ! આદમને કદાચ પ્રથમ વખત 'જળપ્રલય'ના આગમનની એંધાણી મળી. તેનાથી વસેલી દુનિયાનો આવો કરુણ અંત? શું સર્જનહાર પોતાની સૃજનલીલા સમેટી જ લેશે? મથૂસેલાહના મૃત્યુ પછી તરત જ જળપ્રલય થવાનો હોય તો લાંબું જીવો મથૂસેલાહ! અને ખરેખર બાઇબલનાં પાત્રોમાં સૌથી દીર્ઘજીવી વ્યક્તિ મથૂસેલાહ હતો. તે ૯૬૯ વર્ષ જીવ્યો (ઉત્પત્તિ ૫ : ૨૭). માનવજીવનના પ્રાયશ્ચિત માટે ઈશ્વરે આટલા લાંબા સમય સુધી રાહ જોઈને જળપ્રલય મોડો મોકલ્યો. "નૂહના સમયમાં... દેહ સહન કરીને ધીરજ રાખતો હતો" (૧ પિતર ૩ : ૨૦).

આદમ હતાશ થઈ ગયો હશે. નવા પૌત્રની રાહ જોવામાં બીજાં બસો વર્ષ નીકળી ગયાં. લામેખનું આગમન ૮૭૪ વર્ષની વયે થયું. પરંતુ મથૂસેલાહ દ્વારા મળેલું પ્રકટીકરણ લામેખના આગમનથી બદલાયું નહિ. આદમ હવે ખરેખર વૃદ્ધ અને કૃશકાય બન્યો હશે. જન્મની સ્વાભાવિક પ્રક્રિયાથી વંચિત રહી ગયેલો આ વૃદ્ધ હવે મૃત્યુની વાટ જોતો હતો. તેના મૃત્યુ સાથે સર્જનહારનો એકમાત્ર પ્રત્યક્ષ સાક્ષી આ પૃથ્વી ઉપરથી જતો રહેશે. લામેખના જન્મ પછી ફક્ત ૫૬ વર્ષ બાદ પૃથ્વીનો સર્વપ્રથમ સજીવ માનવ - આદમ ૯૩૦ વર્ષની વયે મૃત્યુ પામ્યો.

પોતાના આદિપિતા અને પૂર્વજ આદમને સદેહે જીવતો જોનાર અને સાંભળનાર સૌથી છેલ્લો વંશજ આદમનો પ્રપૌત્ર લામેખ હતો. લામેખના જીવનમાં આદમના મૃત્યુ સિવાય બીજો નોંધપાત્ર બનાવ તે નૂહનો જન્મ હતો જે જળપ્રલયનો સાક્ષી થવાનો હતો. બાળક નૂહે પોતાના પિતા લામેખ પાસેથી પોતાના પૂર્વજોની પ્રથમદર્શી માહિતી મેળવી હશે. અને જળપ્રલય દરમ્યાન પોતાની સ્મૃતિમાં યાદ કરતાં, તે સમયે ૪૯૨ વર્ષના આ લામેખે પોતાના પુત્ર નૂહને કહ્યું હશે : "દીકરા નૂહ, આ વાત બરાબર નોંધી રાખજે. તારા પૂર્વજ અને વડદાદા આદમની દફનક્રિયામાં હું લામેખ હાજર હતો. ત્યારે હું લગભગ ૫૬

વર્ષનો સૌથી નાનો બાળક (!) હતો. મારા પિતા મથૂસેલાહ ૨૪૩ વર્ષના હતા. તેઓ પણ હાજર હતા. તેમના પિતા હનોખ ૩૦૮ વર્ષના હતા. ગમગીન ચહેરે દાઢી પસવારતા આદમના માથા આગળ બેઠા હતા. આદમદાદાને હનોખ ઉપર ખૂબ પ્રેમ હતો. હનોખના પિતા યારેદ ૪૭૦ વર્ષના હતા. તે પણ હાજર હતા. યારેદના પિતા માહલાલએલ ૫૩૫ વર્ષના હતા. તેમના પિતા કેનાન ૬૦૫ વર્ષના હતા. કેનાનના પિતા અનોશ ૬૯૫ વર્ષના હતા. તેમણે દફનક્રિયામાં પ્રાર્થના કરાવી હતી (ઉત્પત્તિ ૪ : ૨૬). અનોશના પિતા શેથ જે આદમના ત્રીજા દીકરા હતા તેઓ ૮૦૦ વર્ષના હતા. ખૂબ દુઃખી થતા હતા. એ બધા આદમદાદાની દફનક્રિયામાં હાજર હતા. વળી હું લામેખ એકલો જ એવો વંશજ છું કે મેં મારા સર્વ વડદાદાને હાજરીમાં દફનાવ્યા છે. ફક્ત મારા દાદા હનોખ સિવાય; કારણ કે તે તો મૃત્યુ પામ્યા જ નહિ. ઈશ્વરે તેમને સીધા જ આકાશમાં લઈ લીધા અને અદશ્ય થઈ ગયા" (ઉત્પત્તિ ૫ : ૨૪).

નૂહની પાસે ઉત્પત્તિથી જળપ્રલય સુધીની પ્રથમદર્શી માહિતી એ રીતે આવી. આટલા બધા સાક્ષીઓની વાત કઈ રીતે ખોટી હોઈ શકે? આદમના મૃત્યુ સાથે તેની આશા દફન થઈ, પરંતુ ઈશ્વરની યોજના આગળ વધી. જેમ ઇજિપ્તમાંથી છૂટકારો પામેલી ઇઝરાયલ પ્રજાની આખી પેઢી કનાનમાં પ્રવેશ પામી શકી નહિ, તેમ આદમ જળપ્રલય પછીના યુગમાં પ્રવેશી શક્યો નહિ. આદમ ઉપર શાપ હતો કે, "જે દિવસે તું ખાશે તે જ દિવસે તું મરશે જ મરશે" (ઉત્પત્તિ ૨ : ૧૭). ત્યાર બાદ આદમ ૯૩૦ વર્ષ જીવ્યો, કારણ કે ઈશ્વરની નજરમાં હજાર વર્ષ એક દિવસ જેવાં છે (૨ પિતર ૩ : ૮). આદમ કે તેનો વંશજ હજાર વર્ષ પૂરાં જીવ્યા નથી, એટલે કે જે દિવસે જન્મે તે જ દિવસે મરે. સર્જનહારના ગણિત પ્રમાણે આદમ ૨૧ કલાક ૩૬ મિનિટ જીવ્યો. તે ૨૪ કલાક પૂરા કરી શક્યો નહિ.

ઈશ્વરના વચનમાં એવું પરાક્રમ છે. ★

# ૨. રહસ્યમય વ્યક્તિ - અયૂબ

બાઈબલનાં પુસ્તકોમાં "અયૂબનું પુસ્તક" એક અદ્વિતીય ગણી શકાય તેવું પુસ્તક છે. પ્રાચીન સાહિત્યમાં આ પુસ્તક અતિ સમુદ્ધ ગણાય છે. પુસ્તકનું સ્વરૂપ દશ્ય કાવ્યરૂપ છે. સમગ્ર પુસ્તકમાં સ્પષ્ટ ત્રણ વિભાગો નજરે પડે છે : પ્રથમ વિભાગમાં પ્રસ્તાવનારૂપે અધ્યાય ૧ અને અધ્યાય ૨ સમાવી શકાય. અધ્યાય ૩ થી અધ્યાય ૪૨ : ૬ બીજો વિભાગ છે. આ વિભાગ પદ્ય કાવ્યરૂપ છે. છેલ્લો વિભાગ ૪૨ : ૭ થી ૧૭ કલમો પરિશિષ્ટરૂપે લખાયો છે. પ્રસ્તાવના અને પરિશિષ્ટ વિભાગો કરતાં કાવ્યરૂપ વિભાગ વધારે પ્રાચીન ગણાય છે. કારણ કે તે વિભાગમાં વપરાયેલો "ઈશ્વર" માટેનો શબ્દ ઘણો પુરાતન છે. પ્રસ્તાવના અને પરિશિષ્ટ વિભાગોમાં "ઈશ્વર" માટે "યહોવા" શબ્દ ૩૧ વાર વપરાયો છે. આ શબ્દ પ્રમાણમાં નવો ગણાય; જ્યારે એ જ શબ્દ કાવ્યવિભાગમાં ફક્ત એક જ વાર વપરાયો છે (૧૨ : ૯). આ શબ્દથી વધારે પુરાતન શબ્દો કાવ્યવિભાગમાં "એલ" ૫૫ વાર, "એલોઆહ" ૪૧ વાર, "શાદ્દાઈ" ૩૧ વાર વાપરવામાં આવ્યા છે. જૂના કરારનાં બાકીનાં સર્વ પુસ્તકોમાં "એલોઆહ" માત્ર ૧૬ વાર, અને "શાદ્દાઈ" માત્ર ૧૭ વાર વાપરવામાં આવ્યા છે તે ઉપરથી જોઈ શકાશે કે આ કાવ્ય કેટલું પુરાતન હશે!

સમગ્ર પુસ્તક આદિપિતૃઓના સમયકાળનું વાતાવરણ દર્શાવે છે. સંપત્તિની ગણના પશુસંખ્યામાં થાય છે (૧ : ૩). એક જ દેવને ભજનાર અયૂબ પોતે જ પોતાનો યાજક - પુરોહિત હતો તેથી દહનીય અર્પણ ચડાવતો હતો (૧ : ૫). તે મૂર્તિપૂજા નિષેધમાં માનતો હતો (૩૧ : ૨૬-૨૮). તેને સાત પુત્રીઓ અને ત્રણ પુત્રો હતાં. તે "પૂર્વના લોકોમાં સૌથી મોટો પુરુષ" હતો (૧ : ૩). સાંજે તે નગરના ચૌટામાં

ઉચ્ચ આસને બિરાજી પ્રજા સાથે સંગતમાં રહેતો (૨૯ : ૭, ૨૧-૨૩). પ્રજા તેની વાણી સાંભળવા આતુર રહેતી. તેનો પ્રબોધ અસરકારક હતો. તેનો સ્વભાવ આનંદી હતો (૨૯ : ૨૪). માર્ગદર્શન સાથે યોગ્ય દિલાસો પણ આપતો. પ્રજામાં તે સર્વોચ્ચ સરદાર અને રાજા સમાન માન ભોગવતો (૨૯ : ૨૫). મહેમાન કે પરદેશીની પરોણાગતમાં તે ખાસ આગ્રહી હતો (૩૧ : ૩૧-૩૨). ગરીબોનો બેલી અને નિઃસહાયનો સહાયક એવો અયૂબ સંપૂર્ણ ન્યાયપરાયણ હતો (૩૧ : ૧-૨૨).

બાઈબલમાં અન્યત્ર અયૂબના નામનો એકમાત્ર ઉલ્લેખ પયગંબર હઝકીએલના પુસ્તકમાં કરવામાં આવ્યો છે. અહીં અયૂબને પુરાતન સમયના મહાન ભક્તોની પંક્તિમાં મૂકવામાં આવ્યો છે : "નૂહ, દાનિયેલ અને અયૂબ" (હઝકી. ૧૪ : ૧૪). આ દાનિયેલ (Daniel) અને ભવિષ્યવેત્તા દાનિયેલ (Daniyyel) બીજો જુદી જુદી વ્યક્તિઓ છે. મૂળ હિબ્રૂ ભાષામાં આ બન્ને નામોની જોડણી પણ જુદી જુદી દર્શાવી છે એ તાત્ત્વિક તફાવત છે (ગુજરાતી બાઈબલમાં આ તફાવત નથી). "ઉગારીતી લખાણો"ની શ્રેણીમાં સંખ્યાબંધ માટી-લેખો મળી આવ્યા છે. તેમાં આ પુરાતન દાનિયેલના નામનો ઉલ્લેખ છે. આમ સમગ્ર રીતે જોતાં આ ત્રણે ઈશ્વરભક્તો આદિપિતૃ ઈબ્રાહિમની પૂર્વેના સમયગાળામાં હતા તેમ નિઃશંક કહી શકાય.

ઈતિહાસકાર શફ્ફોર્ડના "પ્રોફેન હિસ્ટરી"ના પુસ્તકમાં સમયકાળના અનુમાન વિષે જરા જુદી પદ્ધતિ અપનાવી છે. આદિપિતૃ ઈબ્રાહીમના પૂર્વજોનું આયુષ્ય ઘણું લાંબું હતું. નૂહ પછી આ આયુષ્યની લંબાઈ ઉત્તરોત્તર ઘટતી ગઈ. નૂહ પછી પાંચમી પેઢીએ પેલેગનું આયુષ્ય ૨૩૯ વર્ષ, રેઉ ૨૩૯ વર્ષ, સરૂગ ૨૩૦ વર્ષ, નાહોર ૧૪૮ વર્ષ, તેરાહ ૨૦૫ વર્ષ અને ઈબ્રાહિમ ૧૭૫ વર્ષ હતું. અયૂબનું આયુષ્ય લગભગ ૨૪૦ વર્ષ હતું તેથી તેને પેલેગ-રેઉનો સમકાલીન ગણી શકાય.

સદોમ-ગમોરાહના વિનાશ અંગેના લેખમાં ચર્ચા કર્યા મુજબ આ પ્રદેશમાં ખનીજ તેલ હતું. અયૂબ કહે છે કે "ખડકો મારે માટે તેલની નદીઓ વહેવડાવતા હતા" (૨૯ : ૬). આમ અયૂબના સમયમાં એ "તેલના ઝરા" હજી જીવંત હતા. તેમનો વિસ્ફોટ દ્વારા વિનાશ થયો નહોતો. તેથી અહીં અયૂબ ચોક્કસપણે સદોમ-ગમોરાહના વિનાશ પહેલાંની વાત કરે છે. આથી તેનો સમયગાળો પિતૃ ઈબ્રાહિમ પહેલાંનો હોવો જોઈએ તેમ કહી શકાય.

અયૂબના પુસ્તકમાં અયૂબ અને ઈશ્વર વચ્ચેનો સંવાદ આપેલો છે જે વૈજ્ઞાનિક રીતે ઘણો જ રસપ્રદ છે.

અયૂબ : ઈશ્વર સપ્તર્ષિ, મૃગશીર્ષ તથા કૃત્તિકાનો તથા દક્ષિણના [નક્ષત્રમંડળ]નો સરજનહાર છે." (૯ : ૯)


ઈશ્વર : "શું તું કૃત્તિકા નક્ષત્રને બાંધી શકે છે? અથવા મૃગશીર્ષના બંધ છોડી શકે છે?.... શું તું સપ્તર્ષિને તેના મંડળ સહિત દોરી શકે છે?" (૩૮ : ૩૧, ૩૨).

ખગોળશાસ્ત્રને સ્પર્શતો ઉપરોક્ત સંવાદ સર્વપ્રથમ ખગોળશાસ્ત્રી પ્રેસિડેન્ટ ગોગેટને ધ્યાનમાં આવ્યો. ઈ.સ. ૧૭૬૧માં તેમણે તેમના પ્રખ્યાત પુસ્તક "ઓરિજિન ઓફ લોઝ"માં તેની ચર્ચા કરી છે. અહીં નભોમંડળના નકશામાં આ ચાર નક્ષત્રો અનુક્રમે વૃષભ, વૃશ્ચિક, વ્યાધ અને કુંભરાશિનાં સ્થાનોમાં સામસામેના સ્થળમાં હોવાનું જણાવ્યું છે. આવું સ્થાનસંક્રમણ અયૂબના સમયમાં થયેલા બે વિષુવવૃત્તીય અને બે અયનાન્ત, એમ કુલ ચાર સંપાત દર્શાવે છે. કોમ્પ્યુટર ઉપર પશ્ચાદ્‌વર્તી ગણતરી પ્રમાણે આવું સ્થાનાન્તર દર્શાવતા એ ચાર સંપાત ઈ.સ. પૂ. ૨૧૩૬માં થયા હતા. ત્યાર બાદ આયર્લેન્ડના ડબ્લીન શહેરના ગણિતજ્ઞ ડૉ. બ્રીન્કલીએ તેમના કોમ્પ્યુટર ઉપર ફેરચકાસણી કરી તો તે સમય ઈ.સ. પૂ. ૨૧૩૦નો જણાયો. આમ અયૂબનો સમયકાળ ઈ.સ. ૨૧૩૦ની

આસપાસ ગણી શકાય. ડો. હેઈલ અને ડો. ડ્યુકોટન્ટ આ ગણતરીને સમર્થન આપે છે. આ સમયકાળ આદિપિતૃ ઈબ્રાહિમના સમયથી એકાદ સૈકા પહેલાંનો છે.

આમ આ રહસ્યમય વ્યક્તિ અયૂબ, આદિપિતૃ ઈબ્રાહિમના સમયકાળમાં અસ્તિત્વમાં હતો. તેના જ્ઞાનસભર પુસ્તક ઉપરથી તે સમયની સંસ્કૃતિ અને પ્રગતિ વિષે ઘણી માહિતી મળે છે. અયૂબ "ઉસ" દેશનો વતની હતો તેમ કહેવાયું છે (અયૂબ ૧ : ૧). આ દેશના ચોક્કસ સ્થાન માટે કોઈ નિર્દેશ મળતો નથી, પરંતુ બાઈબલના અન્ય સંદર્ભો દ્વારા તેનું અનુમાન થઈ શકે છે. બાઈબલમાં વારંવાર ઉલ્લેખિત "અદોમ" પ્રદેશ, એસાવના પુત્રોનો પ્રદેશ હતો (ઉત્પત્તિ ૩૨ : ૩. ૩૬ : ૧-૧૭. ગીતશાસ્ત્ર ૧૩૭ : ૭. માલાખી ૧ : ૪). અદોમનો ઈતિહાસ આમ ઘણો પુરાતન છે. એસાવ ત્યાં રહેવા ગયો તે પહેલાં પણ ત્યાં અન્ય રાજાઓ રાજ કરતા હતા (ઉત્પત્તિ ૩૬ : ૩૧). તે સમયથી આ અદોમને "ઉસ" દેશ તરીકે ઓળખવામાં આવતો હતો. પ્રબોધક યિર્મેયા પોતાના વિલાપમાં કહે છે: "અદોમની દીકરી, ઉસ દેશમાં રહેનારી" (યિર્મે. વિલાપ ૪ : ૨૧). તે સમયમાં પુત્રોના નામ ઉપરથી પ્રદેશનું નામ પાડવાની સામાન્ય પ્રથા હતી. નૂહના પુત્ર શેમની વંશાવળીમાં એક પૌત્રનું નામ "ઉસ" હતું (ઉત્પત્તિ ૧૦ : ૨૩. ૧ કાળવૃત્તાંત ૧ : ૧૭). આ પ્રદેશનું નામ તેના ઉપરથી પડ્યું હોય! અદોમ અને ઉસ બન્ને પ્રદેશો એક જ હોવાની સંભવિતતાને વર્તમાન વિદ્વાનો પણ સમર્થન આપે છે. જો અયૂબ "ઉસ" દેશનો રહેવાસી હોય, તો (ઉત્પત્તિ ૧૦ : ૨૩) પ્રમાણે શેમના વંશજો સાથે જરૂર તેને કોઈ સંબંધ કે સગપણ હોય તેવું નકારી શકાય નહિ. સૌથી સંભવિત શક્યતા માટે શેમના પુત્રોની વંશાવાળીનો અભ્યાસ કરવો પડે. શેમના પુત્ર આર્પાકશાદની ચોથી પેઢીએ પુત્ર યોકટાનનું નામ આવે છે. બાઈબલની અન્ય વંશાવળીમાં વારસ (ઈસુ ખ્રિસ્ત)ની મુખ્ય રેખાને

પ્રાધાન્ય આપી અન્ય ફાંટા-રેખાની વિગતો પડતી મૂકવામાં આવી છે જ્યારે આ એક જ જગ્યાએ (ઉત્પત્તિ ૧૦ : ૨૩) માં મુખ્ય રેખાની બહારના એક વંશજ યોકટાનના બાર પુત્રોનાં વિગતવાર નામો આપવામાં આવ્યાં છે. રોબીન્સનકૃત પુસ્તક "હેરોડોટસ"માં આ બારેય પુત્રોની અન્ય વિગતો આપી છે. તેમાં સૌથી છેલ્લો પુત્ર યોબાબ છે. યોબાબ એટલે યોબ + આબ અથવા પિતા યોબ કે પિતા અયોબ. આ અયોબ



ચિત્ર ૨

ઈસુ ખ્રિસ્તના બલિદાનરૂપી મૃત્યુની છાયા દર્શાવતું હાબેલ અને મેલ્ખીસેદેકનાં અર્પણોનું ચિત્ર. (છઠ્ઠી સદીનું સાન વિટાલેના ચર્ચમાંનું ભીંતચિત્ર)

અથવા અયૂબ તે ઈશ્વરભક્ત અયૂબનો સમકાલીન જણાય છે. તેનું વ્યક્તિત્વ વગેરે સંપૂર્ણ સુસંગત છે. વધુ વિગતો ઉપલબ્ધ નથી.

બાઈબલમાં ધૂમકેતુની જેમ એકાએક પ્રકાશમાં આવીને વિલીન થઈ જતાં ઘણાં પાત્રો છે. આવી જ એક રહસ્યમય વ્યક્તિ મેલ્ખીસેદેક છે. તેને "શાલેમનો રાજા....પરાત્પર દેવ (એલ-એલ્યોન) નો યાજક" એ રીતે ઓળખાવ્યો છે (ઉત્પત્તિ ૧૪ : ૧૮ તથા હિબ્રૂ ૭ : ૧-૧૧). "પૂર્વના રાજાઓ" સાથેની લડાઈમાં જીત મેળવીને પાછા ફરતાં, પિતૃ ઈબ્રાહિમે તેને માનવંત ગણીને દશાંશ આપ્યો હતો. ડો. બનશેન તથા ડો. કેનરીક જેવા કેટલાક વિદ્વાનોએ અયૂબ અને આ મેલ્ખીસેદેક બન્ને એક જ વ્યક્તિ હોવાના મતને સમર્થન આપ્યું છે. જોકે બન્નેનાં વ્યક્તિત્વ અને આચરણ ઉપરાંત સમકાલીનતા મળતાં આવે છે, છતાં આશાવાદી અનુમાન સિવાય તેનો બીજો કોઈ ઐતિહાસિક આધાર નથી.

આમ અજાયબ વ્યક્તિત્વ ધરાવનાર આ પુરાતન ઈશ્વરભક્ત ઉપર રહસ્યનો પડદો હોવા છતાં, તેના ઉપરથી ઉપલબ્ધ જીવનશિક્ષણમાં કોઈ ફેર પડતો નથી. ★

# ૩. ભૂસ્તરવિજ્ઞાનનો ચમત્કાર

બાઇબલમાં બે પ્રાચીન નગરોના ભયાનક ચમત્કારિક વિનાશનું તાદશ વર્ણન આપવામાં આવ્યું છે. આદિપિતૃ ઇબ્રાહિમના ભત્રીજા લોટનું પસંદ કરેલું નગર સદોમ અને પડોશનું બીજું નગર ગમોરાહ (ઉત્પત્તિ ૧૯). લગભગ ૪૦૦૦ વર્ષ પૂર્વે બનેલી આ ઘટના આધ્યાત્મિક દૃષ્ટિકોણથી બાઇબલમાં નોંધવામાં આવી છે. આવી વિરલ ઘટનાઓને ઈશ્વર કેવી રીતે સંભવિત બનાવે છે તેનું સ્પષ્ટીકરણ બાઇબલમાં આપવામાં આવેલું નથી, પરંતુ પ્રત્યક્ષ જોવાયેલી આ ઘટનાની વિશ્વસનીય નોંધ અહીં કરવામાં આવી છે તે એક હકીકત છે. આધુનિક ભૂસ્તરવિજ્ઞાન, પુરાવિદ્યા અને ઐતિહાસિક સંશોધન દ્વારા આ ઘટનાની પુનર્રચના શક્ય બની છે.

યરદન નદીની પૂર્વ દિશામાં, ઉત્તરે ગાલીલ સમુદ્ર અને દક્ષિણે મૃત સરોવર પાસે આવેલો નીચાણવાળો પ્રદેશ તે આ ઘટનાની પૃષ્ઠભૂમિ છે (ઉત્પત્તિ ૧૩ : ૧૦). આદિપિતૃ ઇબ્રાહીમના સમયમાં આ એક બહુ જ ફળદ્રુપ પ્રદેશ હતો. પ્રો. નેલ્સન ગ્લુક અને તેમની ટુકડીએ આ પ્રદેશમાં પુરાતત્ત્વ સંશોધન દ્વારા ભૂમિખનન કર્યું હતું. તેમના મતે આ વિસ્તારમાં નદીઓમાંથી નહેરો દ્વારા સિંચાઈ પણ થતી હતી. એ આખા પ્રદેશમાં ૩૫ જેટલી પ્રાચીન સમૃદ્ધ માનવવસાહતો અસ્તિત્વમાં હતી. તેના પ્રાપ્ત અવશેષો ઈ.સ. પૂર્વે ૩૦૦૦ થી ઈ.સ. પૂર્વે ૨૦૦૦ના સમયગાળાના સાબિત થયા. આ સમયગાળો આદિપિતૃ ઇબ્રાહિમના સમયગાળાનો સમકાલીન ગણાય. સંશોધક પ્રો. વોલ્ટર જે. બિસ્લી પણ તેને સમર્થન આપે છે. ત્યાર બાદ કોઈક વિરલ ઘટનાથી આ સમૃદ્ધ વસાહતો એકાએક નષ્ટ થઈ. તેનો સમકાલીન

ઈતિહાસ ઉપલબ્ધ નથી તેથી બાઈબલમાં ઉપલબ્ધ એકમાત્ર નોંધ (ઉત્પત્તિ ૧૯)નો સ્વીકાર કરવો રહ્યો.

"ઈશ્વર ધરતીને હલાવીને પોતાને સ્થાને ખસેડે છે, અને તેના સ્તંભો કંપે છે" (અયૂબ ૯ : ૬). આમ કુદરતી કોપ ઈશ્વર તરફથી મોકલવામાં આવે છે તેવી દૃઢ માન્યતા યહૂદીઓમાં હતી. ભૂસ્તરવિજ્ઞાન સાથે સંકળાયેલા કેટલાક ઐતિહાસિક ધરતીકંપો અને જ્વાળામુખીની નોંધ બાઈબલમાં કરવામાં આવી છે (ઉત્પત્તિ ૧૯ : ૨૪. નિર્ગમન ૧૯ : ૧૮. ગીતશાસ્ત્ર ૬૮ : ૮. ૧ શમૂએલ ૧૪ : ૧૫ અને આમોસ ૧ : ૧). અમુક ચોક્કસ વિસ્તારોમાં જ ધરતીકંપો થાય છે. આવા વિસ્તારો કંપસંવેદનશીલ (Earthquake prone) તરીકે ઓળખાય છે. જ્યાં ભૂપૃષ્ઠ નીચે ભૂસ્તરીય તિરાડ (Geological fault) હોય ત્યાં આવા વિસ્તારની સંભાવના વધુ હોય. ઉપરોક્ત ઐતિહાસિક ધરતીકંપોના સ્થળને પાલેસ્ટાઈનના નકશા ઉપર મૂકવામાં આવે તો જણાશે કે તે આખો વિસ્તાર આવો કંપસંવેદનશીલ વિસ્તાર હતો. આવી ઐતિહાસિક ભૂસ્તરીય તિરાડનો ઉપયોગ કરીને ઈશ્વરે આપેલા ન્યાયનો એક અદ્‌ભુત પ્રસંગ પયગંબર મૂસાના સમયમાં બન્યો હતો તેની અતિ સ્પષ્ટ નોંધ બાઈબલ (ગણના ૧૬)માં આપવામાં આવી છે :

"...તે જ પળે એમ થયું કે તેઓની તળેની જમીન ફાટી; અને પૃથ્વી પોતાનું મુખ ઉઘાડીને તેઓને...સ્વાહા કરી ગઈ...અને પૃથ્વીએ તેઓને ઢાંકી દીધાં...." (ગણના ૧૬ : ૨૯-૩૫).


ભૂપૃષ્ઠની આ તિરાડ પાલેસ્ટાઈનમાં યરદનની ખીણમાંથી પસાર થઈ, રાતો સમુદ્ર વટાવી, છેક મધ્ય આફ્રિકા સુધી આજે પણ વિસ્તરેલી છે. તેને ભૂસ્તરવિશારદોએ "રીફ્ટ વેલી" (Rift valley) એવું નામ આપેલું છે. યરદનના આ નીચા અને સપાટ મેદાન (પુનર્નિયમ ૩૪ : ૩)માં પાંચ સમૃદ્ધ નગરો - સદોમ, ગમોરાહ, આદમાહ, સબોઈમ અને સોઆર વસ્યાં હતાં (ઉત્પત્તિ ૧૪ : ૨). પુષ્કળ પાણીને લીધે આ

પ્રદેશ ફળદ્રુપ અને "યહોવાની વાડી" જેવો હતો (ઉત્પત્તિ ૧૩ : ૧૦). તેથી જ ઈબ્રાહિમના ભત્રીજા લોટની પસંદગી આ સદોમ નગર ઉપર ઊતરી હતી. સદોમ નગર આમ લોટનું નિવાસસ્થાન બન્યું.

સદોમ-ગમોરાહની ધરતીની નીચે જુદા જુદા સ્તરમાં જળકૃત ખડકોની હારમાળા આવેલી છે. એ ભૂપૃષ્ઠના વૈજ્ઞાનિક સંશોધનમાં ઓસ્ટ્રેલિયાની ભૂસ્તરવિદ્યા સંસ્થાના ભૂસ્તરશાસ્ત્રીઓએ ડૉ. વોલ્ટર બિસ્લીની આગેવાની નીચે ભાગ લીધો હતો. આજુબાજુની ધરતી અને ખડકોની રચના ઉપરથી તેમ જ ધરતીના પેટાળમાં શારકામ કરીને સ્તરોના નમૂના મેળવી, આ વૈજ્ઞાનિકોએ સંશોધનનો આરંભ કર્યો. ખીણનો સપાટ પ્રદેશ નીચો છે. બંને બાજુ પર્વતો આવેલા છે. આ પર્વતો અને મેદાનને જોડતી આજુબાજુની રેખા ઉપર પેલી ભૂસ્તરીય તિરાડ આવેલી છે. મૃત સરોવર સમુદ્રની સરેરાશ સપાટીથી ૧૩૦૦ ફૂટ નીચે આવેલું છે. આ આખી ધરતી પણ સમુદ્રની સપાટીથી નીચે છે. આમ કુદરતી પ્રકોપ માટે આવી ભૌગોલિક પરિસ્થિતિ ઘણી સાનુકૂળ ગણાય. સામાન્ય રીતે જળકૃત ખડકો નીચે ખનીજતેલનો વિપુલ જથ્થો સંગ્રહ થયેલો હોય છે. (મૃત સરોવરના દક્ષિણ વિસ્તારમાં ખનીજ તેલના વપરાઈ ચૂકેલા સંગ્રહનું આવું એક સ્થળ તાજેતરમાં મળી આવ્યું છે.) ઘટનાના સમયકાળ દરમ્યાન ખનીજ તેલનો સંગ્રહ જીવંત હતો. તેનો અછડતો ઉલ્લેખ અયૂબના પુસ્તકમાં મળે છે. "ભૂમિમાંથી તો અન્ન નીપજે છે; અને તેની નીચે તો જાણે અગ્નિથી કાંઈ ઊકળતું હોય એમ થાય છે"... "ખડકો મારે માટે તેલની નદીઓ વહેવડાવતા હતા" (અયૂબ ૨૮ : ૫. ૨૯ : ૬).

ઉપરોક્ત ભૌગોલિક અને ભૂસ્તરીય સંદર્ભમાં આ ઘટના મૂકવાથી આશ્ચર્યજનક સમજણ મળશે. આજથી લગભગ ૪૦૦૦ વર્ષ પૂર્વેની "એક વહેલી સવારે સૂર્યોદય પહેલાં"... (ઉત્પત્તિ ૧૯ : ૧૫, ૨૩, ૨૭) આ ધરતી ખળભળી ઊઠી. આખું મેદાન પેલી તિરાડોની રેખા

ઉપર, નીચે બેસી ગયું. આમ થવાથી નીચેના ખનીજ તેલના જથ્થા ઉપર દબાણ વધ્યું. ઘર્ષણ થવાથી ગરમી સાથે અગ્નિ પેદા થયો અને




ખનીજતેલ સાથે લાવા, ક્ષાર, ડામર, ગંધક વગેરેનો ફુવારો ઉડવાની ભૂસ્તરીય પ્રક્રિયા

"સદોમ તથા ગમોરાહ ઉપર ગંધક તથા આગ આકાશમાંથી વરસાવ્યાં." (ઉત્પત્તિ ૧૯ : ૨૪)

ચિત્ર ૩

સદોમ-ગમોરાહના વિનાશનું વૈજ્ઞાનિક રહસ્ય દર્શાવતી આકૃતિ.

આ તેલ સળગી ઊઠ્યું;તે સાથે જ બંને બાજુની તિરાડો દ્વારા આ સળગતો લાવારસ ઉપરની બાજુએ ચડ્યો, અને આકાશમાં હજારો ફૂટ ઊંચા ફુવારારૂપે ફંગોળાયો. પરિણામે મેદાનની વચ્ચે વસેલાં નગરોની પ્રજા ઉપર **આકાશમાંથી** સળગતા અંગારા, ગંધક અને ક્ષાર વરસવા લાગ્યાં. "ત્યારે યહોવાએ સદોમ તથા ગમોરાહ પર ગંધક તથા આગ.... **આકાશમાંથી** વરસાવ્યાં" (ઉત્પત્તિ ૧૯ : ૨૪). ધરતીકંપની અસરથી નીચે સરકતી ધરતી દ્વારા બધાં નગરો નષ્ટ થયાં. "યહોવાએ તે નગરનો તથા આખા નીચાણનો તથા નગરમાં સર્વ રહેનારાંનો તથા ભૂમિ પર ઊગેલાંનો નાશ કર્યો" (ઉત્પત્તિ ૧૯ : ૨૫).

આજુબાજુની ધરતી ઉપરથી પ્રો. કાઈલની વૈજ્ઞાનિક ટુકડીએ આજે પણ ગંધકના ટુકડા જ્યાં ત્યાં વેરાયેલા શોધી કાઢ્યાં છે. આ નમૂનાનું પૃથક્કરણ કરતાં ટી. આર. સી. રીડ નામના વિદ્વાને તેમાં ગંધક, ચિરોડી (જિપ્સમ), ડામર અને પેટ્રોલિયમની હાજરીને પ્રમાણિત કરી છે. આ ઘટના બન્યા પછી પાંચસો વર્ષ બાદ પયગંબર મૂસાએ પણ આ અવલોકન કર્યું હતું. "વળી, સદોમ, ગમોરાહ, આદમાહ તથા સબોઈમના નાશની પેઠે આખો દેશ ગંધક તથા ખારરૂપ થયો છે જેમાં કંઈ વવાતું નથી, કંઈ નીપજતું નથી, તેમ જ કંઈ ઘાસ ઊગતું નથી" (પુનર્નિયમ ૨૯ : ૨૩).

આ પ્રકોપથી બચવા ઈશ્વરના આદેશથી નાસતા લોટના પરિવારમાંથી લોટની પત્નીએ ઇરાદાપૂર્વક પાછળ જોયું અને તે "ક્ષારનો થાંભલો" બની ગઈ (ઉત્પત્તિ ૧૯ : ૨૬). અત્યારે આ પ્રદેશમાં જબેલ ઉસ્દુમના પર્વતને અડીને જ ૧૫૦ ફૂટ જાડાઈનું ક્ષારનું સ્તર આવેલું છે. પ્રો. કાઈલની ટુકડીના અન્વેષણમાં જણાયું કે આજુબાજુના પર્વતોની ટોચે તથા ઢોળાવ ઉપર આ જ પ્રકારના ક્ષારના ટુકડા વેરાયેલા હતા. આકાશમાંથી પ્રવાહીરૂપ લાવાની સાથે ગંધક, ડામર અને ક્ષાર પણ વરસતો જ્યાં લોટની પત્ની ઊભી રહી ગઈ તે દરમ્યાન તેની ઉપર પીગળેલો

ક્ષાર વરસ્યો અને તેમાં જ તે ઊભી ને ઊભી જ દટાઈ ગઈ. ક્ષાર ઠરી જવાથી થાંભલો બની ગયો.

આ ઘટના સમયે ઇબ્રાહિમ કનાનમાં રહેતા હતા (ઉત્પત્તિ ૧૩ : ૧૨). ઘટનાની સવારે તેમણે હેબ્રોન પર્વત ઉપર ચડીને સદોમ તરફ નજર કરી : ''ઇબ્રાહિમ મોટી સવારે ઊઠ્યો...તેણે સદોમ તથા ગમોરાહ ભણી...નજર કરી, અને જુઓ, ભઠ્ઠીના ધુમાડાની પેઠે તે દેશનો ધુમાડો ઉપર ચઢતો હતો'' (ઉત્પત્તિ ૧૯ : ૨૭-૨૮). આ તો પ્રત્યક્ષ સાક્ષીનું બયાન છે. ઇબ્રાહિમ જ્યાંથી જોતા હતા ત્યાંથી સીધી લીટીમાં સદોમનું અંતર લગભગ ત્રીસ માઈલનું હતું. હવે બે પર્વતો વચ્ચેની ખીણમાં સળગતાં નગરોનું દશ્ય ત્રીસ માઈલ દૂરથી જોવાથી ભઠ્ઠીમાંથી નીકળતા ધુમાડાના દશ્ય જેવું જ લાગે. કેટલી સચોટ નોંધ! સળગતાં તેલ, વાયુ, ગંધક, ક્ષાર અને ડામરનો કાળો ઘટ્ટ ધુમાડો દેખાયો. તે વિસ્તારમાં ''નફતના ખાડા''ની નોંધ પણ છે (ઉત્પત્તિ ૧૪ : ૧૦). નફત એટલે નેપ્થા ક્રેકર અથવા ડામર.

સમય જતાં આ નીચે બેસી ગયેલી ધરતી ઉપર મૃત સરોવરનાં પાણી ફરી વળ્યાં. આજે એ ઐતિહાસિક નગરોની ભૂમિ સમુદ્રની નીચે છે. પરંતુ વૈજ્ઞાનિકો માને છે કે એ પ્રજાની હયાતીના ઘણા અવશેષો આજુબાજુનાં ''ઉચ્ચસ્થાનો'' ઉપર હોવા જોઈએ; કારણ કે, આ પ્રજા પોતાનાં પર્વો અને ઉત્સવો ઊજવવા માટે પર્વતો ઉપર મંદિરો તેમ જ પૂજાસ્થાનો બાંધવામાં ખૂબ ઉત્સુક હતી. ''કેમ કે તેઓએ દરેક ઊંચા પર્વત ઉપર તથા દરેક લીલા ઝાડ નીચે પોતાને સારુ ઉચ્ચસ્થાનો, સ્તંભો તથા અશેરીમ બનાવ્યાં'' (૧ રાજા ૧૪ : ૨૩). આ ધારણાને આધારે સંશોધકોએ શોધખોળ ચાલુ રાખી. અંતે પ્રો. કાઇલને સંશોધનમાં સફળતા મળી. આ ભ્રષ્ટ નગરોનું એક ઉચ્ચસ્થાન નામે બાબ-એદ્ર-દ્રા આજે શોધી શકાયું છે. નીચાણના ડૂબી ગયેલા મેદાનથી ૫૦૦ ફૂટની ઊંચાઈએ, સોઆર નગરથી બાર માઈલ દૂર અને આ પ્રકોપના

સ્થળથી ફક્ત પાંચ માઈલ દૂર મળેલા અવશેષો ઉપરથી જણાય છે કે એ પ્રજા પોતાના ધાર્મિક - સામાજિક વિધિઓ પાળવા અહીં નિયમિત આવતી હતી. આ બધા અવશેષો આજે ઓસ્ટ્રેલિયાની પુરાવિદ્યા સંસ્થાના મેલ્બોર્ન શહેરના મ્યુઝિયમમાં જાહેર પ્રદર્શન માટે ખુલ્લા મૂકવામાં આવ્યા છે.

સદોમ-ગમોરાહના અવશેષો જોઈને ડો. જ્યોર્જ આદમ સ્મીથ લખે છે: "અહીં માનવ-પાપના મહાભયંકર ચુકાદાનું દશ્ય ભજવાયું હતું." પવિત્ર શાસ્ત્રના સમગ્ર ઈતિહાસની લંબાઈમાં સદોમ-ગમોરાહની કડવી સ્મૃતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પાપના ન્યાયના પ્રખ્યાત અને પ્રમાણિત ચુકાદા ઉપર પ્રભુ ઈસુએ પણ ઐતિહાસિકતાની મહોર મારી છે - "લોટની પત્નીને સંભારો" (લૂક ૧૭ : ૩૨). આખા પ્રસંગનો આધ્યાત્મિક સાર પયગંબર મૂસાએ આપ્યો છે. "આ મહાપ્રકોપની ઉગ્રતાનું કારણ શું?.... પિતૃઓના દેવ યહોવાના કરારનો તેઓએ ત્યાગ કર્યો અને બીજા દેવોનું ભજન કર્યું, માટે સર્વ શાપ આ દેશ ઉપર લાવવાને યહોવાનો કોપ તે ઉપર સળગ્યો હતો" (પુનર્નિયમ ૨૯ : ૨૪-૨૯).

આમ આધુનિક પ્રજાને દંતકથા જેવી લાગતી બાઈબલની આ પ્રાચીન વિનાશક ઘટના આ રીતે સત્ય સાબિત થાય છે. ★

# ૪. ધ્વનિવિજ્ઞાનનો ચમત્કાર

આધુનિક વિજ્ઞાનની આડપેદાશ તરીકે ત્રણ પ્રકારનાં દૂષણોએ જન્મ લીધો છે : હવા, પાણી અને અવાજનું પ્રદૂષણ (અ. પોલ્યુશન). આ ત્રીજા પ્રકારનું પ્રદૂષણ વિચિત્ર અને સૂક્ષ્મ પ્રકારનું છે. વૈજ્ઞાનિકો અત્યારે 'અવાજ' ઉપર વિવિધ પ્રયોગો કરી રહ્યા છે.


પાણી ભરેલા સરોવરમાં પથરો નાખવાથી વર્તુળાકાર વલયો ઉત્પન્ન થાય છે જેનો કેન્દ્રથી વિરુદ્ધ દિશામાં ધીમે ધીમે ફેલાવો થાય છે; તેવી જ રીતે હવામાં અવાજના અદશ્ય તરંગોનું પ્રસારણ થાય છે. આ તરંગો વ્યક્તિના કાન ઉપર અથડાવાથી કર્ણપટલ ધ્રુજારી અનુભવે છે ત્યારે વ્યક્તિ સાંભળી શકે છે. પ્રતિસેકંડ કેટલા તરંગ થયા તે સંખ્યા દ્વારા અવાજના આંદોલનનું માપ નીકળી શકે છે. વળી આ સંખ્યા દ્વારા ધ્વનિના પ્રકારનું વર્ગીકરણ કરી શકાય છે. આમ સંગીતના તીવ્ર, મધ્યમ અને કોમળ સ્વરોનું રૂપ આ આંદોલન-સંખ્યા ઉપર આધારિત છે. સુમધુર સંગીત તે સુઆયોજિત તરંગ-સંખ્યાનું પરિણામ છે, જ્યારે અવ્યવસ્થિત અને બિનઆયોજિત તરંગ-સંખ્યા ઘોંઘાટ ઉત્પન્ન કરે છે. વિવિધ પ્રકારના ઘોંઘાટોનું મિશ્રણ અવાજનું પ્રદૂષણ ઉત્પન્ન કરે છે. મધુર સંગીત માનવ-મનને આનંદ અને સુખની લાગણીથી ભરી દે છે, પરંતુ ઘોંઘાટ તીવ્ર બેચેની અને કંટાળો ઉત્પન્ન કરે છે. પ્રયોગો દ્વારા જણાયું છે કે "સાંભળી શકાય તેવો" - શ્રાવ્ય - અવાજની આંદોલન - સંખ્યા પ્રતિસેકંડ ૨૦ થી ૨૦,૦૦૦ની વચ્ચે હોય છે. આ શ્રાવ્ય અવાજની આંદોલન-સંખ્યાની ઠરાવેલી વૈજ્ઞાનિક મર્યાદા છે. જ્યારે આંદોલન-સંખ્યા આ મર્યાદાથી ઓછી - એટલે કે ૨૦ કરતાં ઓછી - હોય અથવા ૨૦,૦૦૦ કરતાં વધારે હોય, ત્યારે તેવો અવાજ મનુષ્યનો કાન સાંભળી શકે નહિ. એવો અવાજ અશ્રાવ્ય હોય છે.

ધ્વનિવિજ્ઞાનક્ષેત્રે આ તદ્દન નવી શોધ છે. આવા અંતિમ ધ્વનિને નીચલી મર્યાદામાં "ઇન્ફ્રા સાઉન્ડ" અને ઉપલી મર્યાદામાં "અલ્ટ્રા સાઉન્ડ" કહેવામાં આવે છે.

આ બન્ને પ્રકારના અશ્રાવ્ય ધ્વનિનું વિભાજન અને વર્ગીકરણ અત્યારે શક્ય બન્યું છે. "ઇન્ફ્રા સાઉન્ડ"ની આંદોલન-સંખ્યા ૨૦ કરતાં ઓછી હોય છે અને તેના પ્રયોગો દ્વારા જણાયું છે કે તેમાં વિચિત્ર પ્રકારની વિનાશકશક્તિ છે. જરાપણ સંભળાયા વગર આ પ્રકારનો અવાજ મનુષ્યના મગજના કોષોને છિન્નભિન્ન કરી નાખી મૃત્યુ નીપજાવી શકે છે. ફ્રાન્સના માર્સેલી નગરમાં વૈજ્ઞાનિક પ્રા. ગેવરોદ આ દિશામાં નિષ્ણાત ગણાય છે. પ્રયોગોને આધારે ૮ થી ૧૫ ની આંદોલન-સંખ્યા ઉત્પન્ન કરતું ધ્વનિયંત્ર તેઓ બનાવી શક્યા છે. પ્રાથમિક પ્રયોગો દરમિયાન એક વાર આ ધ્વનિયંત્રમાંથી અશ્રાવ્ય ધ્વનિનો સ્રોત વહેવા લાગ્યો અને તેમની પ્રયોગશાળાની આજુબાજુ એક કિલોમીટરના વિસ્તારમાં આવેલાં બધાં મકાનોનાં બારીબારણાંના કાચનો ફક્ત પાંચ સેકંડમાં ભુક્કો થઈ ગયો. ત્યાર બાદ તેનાથી વધુ અસરકારક અને નિર્જન સ્થળમાં એ જર્જરિત ઇમારત ઉપર તેનો પ્રયોગ કર્યો. સાત આંદોલન-સંખ્યાવાળા "ઇન્ફ્રા સાઉન્ડ"ના મારાથી આખી ઇમારત ફક્ત દસ જ મિનિટમાં જમીનદોસ્ત થઈ ગઈ. જાણે ધરતીકંપ થયો.

"ઇન્ફ્રા સાઉન્ડ"ની આ આધુનિક શોધખોળના પ્રયોગ સાથે વિચિત્ર યોગાનુયોગ ધરાવતો એક પ્રસંગ બાઇબલમાં જોવા મળે છે. ઇજિપ્તમાંથી સંક્રમણ કરીને આવતું ઇઝરાયલ લશ્કર યહોશુઆની આગેવાની નીચે પ્રાચીન કિલ્લેબંધ નગર યરેખો આગળ આવીને અટક્યું. આ નગરની આજુબાજુ મજબૂત કોટ હતો. દુશ્મનોથી ડરી જઈને બધા દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. કોઈપણ રીતે આ કોટ ઓળંગીને નગરમાં પ્રવેશી શકાય તેમ નહોતું. ત્યારે દેવે કેપ્ટન યહોશુઆને આજ્ઞા આપી કે, "તમે સર્વ લડવૈયા નગરને ઘેરો ઘાલો,

ને નગરની એક વાર પ્રદક્ષિણા કરો. એમ છ દિવસ સુધી તું કર. અને સાત યાજકો કોશની આગળ આગળ મેંઢાનાં શિંગનાં સાત રણશિંગડાં



ચિત્ર ૪ : યરેખો નગર
ઉત્ખનન દરમ્યાન મળી આવેલા પુરાતન દીવાલના અવશેષો.

લઈને ચાલે; અને સાતમે દિવસે સાત વાર નગરની પ્રદક્ષિણા કરો, ને યાજકો રણશિંગડાં વગાડે. અને જ્યારે તેઓ મેંઢાનું શિંગ લાંબે સાદે વગાડે, ને રણશિંગડાનો સાદ તમે સાંભળો, ત્યારે એમ થાય કે, સર્વ લોકો માટે સાદે હોકારો કરે; પછી નગરનો કોટ તૂટી પડશે" (યહોશુઆ ૬ : ૩-૫).

યહોશુઆએ દેવની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કર્યું. સાતમા દિવસે સાત વાર પ્રદક્ષિણા કરીને સાત યાજકોએ સાત રણશિંગડાનો લાંબો સાદ ગજાવ્યો તે સાથે લશ્કરે મોટો હોકારો કર્યો. ત્યારે "કોટ એમ ને એમ તૂટી પડ્યો" (યહોશુઆ ૬ : ૨૦).

યહોવા દેવરચિત આ વિશ્વનું સંચાલન અને નિયમન અમુક ચોક્કસ ભૌતિક અને આધ્યાત્મિક નિયમો ઉપર આધારિત છે. ઈશ્વરની આજ્ઞા સાથે સજીવ અને નિર્જીવ સૃષ્ટિ આ સર્વ નિયમોનું પાલન કરવા બંધાયેલી છે. ઈશ્વરરચિત આ નિયમોની શોધખોળ કરતાં કરતાં મનુષ્ય ક્યારેક તેનું અછડતું જ્ઞાન મેળવી લે, ત્યારે તે આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. પરંતુ પરમજ્ઞાની સર્જનહાર કહે છે કે, "શાંત ઊભો રહીને **દેવનાં અદ્ભુત કાર્યોનો** વિચાર કર" (અયૂબ ૩૭ : ૧૪). આમ ધ્વનિવિજ્ઞાનનો એક વિનાશક નિયમ યહોશુઆની મદદે મોકલીને દેવે કનાનનો પ્રદેશ પોતાની પ્રજા માટે ખુલ્લો મૂક્યો.

ધ્વનિવિજ્ઞાનક્ષેત્રે આ "ઈન્ફ્રા સાઉન્ડ"ની શોધે ઘણા વૈજ્ઞાનિકોનું ધ્યાન ખેંચ્યું છે. તેમાં અમેરિકાના વિજાણુવિશેષજ્ઞ પ્રા. જોન ડૉ મુખ્ય છે. તેમણે પ્રતિસેકંડ ૮ થી ૧૨ ની આંદોલન-સંખ્યાવાળું એક ધ્વનિઉત્પાદકયંત્ર બનાવ્યું છે. આ અશ્રાવ્ય ધ્વનિના મારાથી મનુષ્યના પેટના સ્નાયુઓ ઢીલા પડી જાય છે. આમ આ યંત્ર તોફાનો અને હુલ્લડો દરમિયાન લોકોનાં બેકાબૂ ટોળાં વિખેરી નાખી નાસભાગ કરાવે છે. પ્રયોગો દરમિયાન આ સાચું ઠર્યું છે.

અશ્રાવ્ય ધ્વનિની આ સામાન્ય સાધારણ અસર ગણાય. જેમ આંદોલન-સંખ્યા ઓછી તેમ વિનાશક અસર વધારે ! પૃથ્વીના અંત સમયે આ હથિયાર છૂટે હાથે વાપરવામાં આવશે તેવા નિર્દેશો બાઈબલમાં ઘણા મળી રહે છે. યંત્ર દ્વારા તોફાની ટોળામાં જેમ નાસભાગ થાય તેનાથી ભૂંડી નાસભાગ અંત સમયે જોવા મળશે. "જેઓ યહુદાહમાં હોય તેઓ પહાડોમાં નાસી જાય.... ધાબા પર જે હોય તે.... માંહે ન પેસે; અને તે દહાડાઓમાં જેઓ ગર્ભવતી હશે.... તેઓને અફસોસ છે... [તમારું નાસવું] શિયાળામાં ન થાય, માટે પ્રાર્થના કરો" (માર્ક ૧૩ : ૧૪-૧૮). અશ્રાવ્ય ધીમા અવાજનું આ હથિયાર કેટલું મારક છે! "અને તમારામાંના જે બાકી રહ્યા હશે... પાંદડું હાલવાના અવાજથી

તેઓ નાસશે" (લેવીય ૨૬ : ૩૬). "રસ્તામાંનાં બારણાં વાસી દેવામાં આવશે; ત્યારે દળવાનો અવાજ ધીમો થશે, અને [માણસ] પક્ષીના અવાજથી જાગી ઊઠશે" (સભાશિક્ષક ૧૨ : ૪).

આમ, અંત સમયે "ધીમો અવાજ", "પક્ષીનો અવાજ" અને "પાંદડું હાલવાનો અવાજ" વિનાશક રૂપ ધારણ કરશે. સાત રણશિંગડાંના અવાજથી જેમ યરેખો નગરની દીવાલ તૂટી પડી તેમ અંત સમયે સાત રણશિંગડાંના અવાજથી થનાર સાત મહાઅનર્થો વિષે પ્રકટીકરણના પુસ્તકમાં વિગતવાર લખેલું છે (અધ્યાયો ૮, ૯, ૧૧ વાંચો). અંત સમય માટે પ્રબોધક સફાન્યાએ ખૂબ જ સૂચક વ્યાખ્યા આપી છે: "કોટવાળાં નગરો વિરુદ્ધ તથા ઊંચા બુરજો વિરુદ્ધ રણશિંગડાંનો તથા ભયસૂચક નાદનો દિવસ..." (સફાન્યા ૧ : ૧૬).

આ વિનાશક અને ભયસૂચક અવાજો વચ્ચે પૃથ્વીને એક "ધીરા, મીઠા પ્રેમી અવાજ"ની ભેટ આપવામાં આવી છે. એ અવાજ છે સ્વામી પ્રભુ ઈસુનો (પ્રકટી. ૩ : ૨૦). કોઈપણ પ્રકારના પ્રદૂષણ વિનાનો આ અવાજ મનુષ્યજાતિ સ્વીકારી લેશે, તો અંતિમ વિનાશમાંથી બચી જશે.

★

# ૫. રાજા ફારૂનનો મૃતદેહ (મમી)

પયગંબર મૂસાના સમયમાં ઇજિપ્તના રાજા વિષે નિર્ગમનના પુસ્તકના પ્રારંભમાં તેનો પરિચય આમ આપવામાં આવ્યો છે: "મિસર દેશ ઉપર એક નવો રાજા થયો કે જે યૂસફને ઓળખતો નહોતો" (નિર્ગ. ૧ : ૮). આ રાજા ફારૂને મિસરમાં ગુલામી કરતી ઇઝરાયલ પ્રજાના વસ્તીવધારા ઉપર અંકુશ મૂકવા તેમના સર્વ નરબાળકને નદીમાં ફેંકી દેવા આજ્ઞા કરી હતી (નિર્ગ. ૧ : ૧૦-૨૨). આ જ સમયમાં મૂસાનો જન્મ થયો અને રાજા ફારૂનની રાજકન્યા દ્વારા અદ્‌ભુત રીતે બચાવ પામીને મૂસા ફારૂનના જ ઘરમાં ઊછર્યો (નિર્ગ. ૨ : ૧૦). મૂસા જ્યારે મિદ્યાન પ્રદેશમાં હતો ત્યારે આ ફારૂન રાજાનું અવસાન થયું (નિર્ગ. ૨ : ૨૩). ત્યાર પછી તેનો પુત્ર ગાદી ઉપર આવ્યો. એ નવા ફારૂન રાજા પાસે મૂસાને મોકલવા યહોવા દેવે તેને દર્શન દીધું હતું (નિર્ગ. ૩ : ૧૦).



ચિત્ર ૫ : રાજા ફારૂન મેર્નેપ્તાહ
(ઈ.સ. ૧૮૯૬માં આ શિલ્પ મળ્યું હતું. તેના ખભા ઉપર નામ કોતરેલું છે.)

ઉપરના આખા પ્રસંગમાં બે જુદા જુદા ફારૂન રાજાનો ઉલ્લેખ એકસરખા નામથી થયો છે તેથી સમજવામાં ગુંચવણ થાય તે સ્વાભાવિક છે. પરંતુ વાસ્તવમાં તેવું નથી. મિસરના રાજાઓની વંશાવળીમાં રાજાના સામાન્ય નામ તરીકે ફારૂન - Pharaoh- શબ્દ વપરાતો હતો. તેમનાં અંગત કે વ્યક્તિગત નામ જુદાં હોઈ શકે. ઇજિપ્તના આ ફારૂન રાજાઓનો ઘણોખરો ઇતિહાસ ઉપલબ્ધ થયો છે. મુખ્યત્વે પિરામિડો તથા કબરોમાંથી મળી આવેલા ઉલ્લેખો દ્વારા ઘણી માહિતી મળી શકી છે. તેને આધારે બાઇબલમાં જુદા જુદા સમયે ઉલ્લેખિત લગભગ ૧૨ જેટલા ફારૂન રાજાઓને સ્પષ્ટ ઓળખી શકાયા છે. અહીં (નિર્ગ. ૩ : ૧૦) માં યહોવા દેવે જે ફારૂન રાજા પાસે મૂસાને મોકલ્યો તેના વિષે થોડી રસપ્રદ વિગતો મળી છે. આ રાજાનો પિતા ફારૂન જે મૃત્યુ પામ્યો હતો તેના સમયમાં ઇઝરાયલ પ્રજા મિસરની કાળી ગુલામીમાં બંદિવાન હતી. આ ગુલામ પ્રજાના શ્રમથી એ ફારૂન રાજા બે નગરોનું બાંધકામ કરતો હતો. તે નગરોનાં નામ ''પીથોમ'' અને ''રામસેસ'' હતાં (નિર્ગ. ૧ : ૧૧. ૧૨ : ૩૭. ગણના ૩૩ : ૩).

નાઇલ નદીના ડેલ્ટા પ્રદેશમાં આવેલું વર્તમાન સમયનું તાનીસ નગર તે જ જૂનું ''રામસેસ'' નગર હતું તેવું પુરાતત્ત્વ વિશારદોએ શોધી કાઢ્યું છે. વર્તમાન કાંતીર નગરથી આ સ્થળ ૧૯ માઇલ દક્ષિણે આવેલું છે. ગીતશાસ્ત્રના પુસ્તકમાં આ પ્રદેશનો ઉલ્લેખ ''સોઆનનું ક્ષેત્ર'' તરીકે કરવામાં આવ્યો છે (ગીતશાસ્ત્ર ૭૮ : ૧૨, ૪૩). તે સમયથી ઘણાં વર્ષો પૂર્વે ગોત્રપતિ યાકૂબને તથા તેના પુત્રોને યૂસફ દ્વારા આ સ્થળ વતન તરીકે આપવામાં આવ્યું હતું (ઉત્પત્તિ ૪૭ : ૧૧). આ ''રામસેસ'' આ નગરનું બાંધકામ ઈ.સ. પૂર્વે (૧૨૯૦-૧૨૨૪) ના સમયગાળામાં થયું હતું. ત્યારે મિસરની ગાદી ઉપર ફારૂન રામસેસ બીજાનું રાજ્ય હતું. તેથી એવું ફલિત થાય છે કે મૂસા જેના મહેલમાં ઊછર્યો તે રાજા ફારૂન રામસેસ - ૨ હતો (નિર્ગ. ૧ : ૧૦, ૨ : ૧૦).

ઇજિપ્તની રાજવંશાવળીમાં રામસેસ ઉપનામથી ઓળખાતા ૧૧ ફારૂન હતા. આ રામસેસ બીજાએ ૬૭ વર્ષ રાજ્ય કર્યું - ઈ.સ. પૂર્વે (૧૨૯૦-૧૨૨૪). તેના મૃત્યુ પછી તેનો પુત્ર ફારૂન મેર્નેપ્તાહ ઈ.સ. પૂર્વે ૧૨૨૪ માં ગાદી ઉપર આવ્યો. ત્યારે યહોવા દેવે ઇઝરાયલ પ્રજાને મિસરની ગુલામીમાંથી છોડાવવા પયગંબર મૂસાને આ ફારૂન મેર્નેપ્તાહ પાસે મોકલ્યો હતો (નિર્ગ. ૩ : ૧૦).

ઇજિપ્ટોલોજીના કેટલાક નિષ્ણાતો એવું માને છે કે મૂસાના સમયકાળ દરમ્યાન ખરેખર બે નહિ પણ ત્રણ જુદા જુદા ફારૂન હતા. એક જેણે રામસેસ નગર બાંધ્યું, બીજો તે હઠીલો ફારૂન અને ત્રીજો જેના સમયમાં નિર્ગમન થયું. દરેક નિષ્ણાત પોતાના મતના સમર્થનમાં જુદા જુદા વિકલ્પો અને સંભાવના રજૂ કરે છે.

બાઇબલમાં જૂની હસ્તપ્રતોમાં "રામસેસ" શબ્દ જુદી જુદી રીતે લખેલો જોવામાં આવે છે. હિબ્રૂ (તોરાહ)માં Ra(e)mss અથવા Raeamss લખેલું છે. ગ્રીક (સપ્તતિ)માં Ramesse લખેલું છે. જ્યારે લેટિન (વલ્ગેટ)માં Ramesses એ પ્રમાણે લખેલું છે. ઇજિપ્તમાંથી મળેલા અવશેષો ઉપરની ચિત્રલિપિ ઉકેલતાં, વિશારદ ચેમ્પોલિયન (ઈ.સ. ૧૯૧૮) જણાવે છે કે આ ઉલ્લેખ ફારૂન રામસેસ બીજા વિષેનો જ છે. આધુનિક નિષ્ણાતો તેને સમર્થન આપે છે.

જે. ડી. મિશેલી (૧૯૬૦) નામના બીજા એક નિષ્ણાતે તો વળી નિર્ગમનની ચોક્કસ તારીખ પણ ગણી કાઢી છે. તે ઈ.સ. પૂર્વે એપ્રિલ ૯, ૧૪૯૫નો દિવસ હતો. અને ફારૂન રાજા તુથ્મોસીસ બીજાના સમયમાં નિર્ગમન થયું હતું. તેના સમર્થનમાં એમ જણાવવામાં આવે છે કે મૂસા દ્વારા આવેલા અનર્થોમાં એક અનર્થ "ગૂમડાં"નો હતો (નિર્ગ. ૯ : ૧૦). આ ફારૂન તુથ્મોસીસ બીજાના શરીર ઉપર ગૂમડાંનાં નિશાન તેના "મમી" ઉપરથી ઓળખી શકાયા છે!

ઈ.સ. ૧૮૯૮માં ઇજિપ્તના થેબ્સ નગરની "રાજાની ખીણ" નામના પ્રદેશમાંથી એક "મમી" પાટનગર કેરોના મ્યુઝિયમમાં લઈ જવાતું હતું. ત્યાં ઉપસ્થિત લોરેટ નામના એક અંગ્રેજ નિષ્ણાતે એ જોયું અને આ "મમી" ઓળખી કાઢ્યું. તે તો રાજા ફારૂન મેર્નેપ્તાહનો મૃતદેહ હતો. બે વર્ષ પછી ઈ.સ. ૧૯૦૦માં માસ્પેરો નામના એક યાત્રીએ ઇજિપ્તના પાટનગર કેરોમાં આવેલા રોયલ મ્યુઝિયમમાં ફારૂનનું એક "મમી" જોયું. નિરીક્ષણ કર્યા પછી તેણે મ્યુઝિયમના દર્શનાર્થી રજિસ્ટરમાં નોંધ્યું છે : "આ ફારૂન રામસેસ બીજાનો પુત્ર ફારૂન મેર્નેપ્તાહ નિર્ગમન સમયનો ફારૂન છે..."

વર્તમાન નિષ્ણાતો ફારૂન રાજાની કબરોમાં સંશોધન કરતા હતા ત્યારે એક શિલાસ્તંભ (stele) મળી આવ્યો. તેના ઉપર ચિત્ર-લિપિમાં ઈ.સ. ૧૨૨૦ નું લખાણ હતું. ફારૂન મેર્નેપ્તાહ (ઈ.સ. પૂ. ૧૨૨૪-૧૨૧૫)ના સમયના આ લખાણમાં "ઇઝરાયલ", "અપીરૂ", "હબીરૂ" (હિબ્રૂ?), "મીશુ" અથવા "મેશી" (મૂસા?), વગેરે શબ્દો ઉકેલી શકાયા છે. આ "હબીરૂ" (હિબ્રૂ? ગુલામોએ પીથોમ અને રામસેસ નગરો બાંધ્યા. તેમના નેતા "મીશુ" (મૂસા?) હતો.

ત્યાર પછી ઈ.સ. ૧૯૦૭ના ૮મી જુલાઈના દિવસે ઇલિયટ સ્મીથ નામના પુરાવિદ વિશારદને આ "મમી" ઉપર સંશોધન કરવાની પરવાનગી મળી. તેમણે પોતાના વિગતવાર સંશોધનનું એક પુસ્તક ઈ.સ. ૧૯૧૨માં પ્રસિદ્ધ કર્યું અને સાબિત કર્યું કે એ "મમી" ફારૂન મેર્નેપ્તાહનું જ છે.

બાઇબલના સંદર્ભ પ્રમાણે રામસેસ બીજાના પુત્ર ફારૂન મેર્નેપ્તાહે છેવટે થાકીને ઇઝરાયલ પ્રજાને મિસરમાંથી જતા રહેવાની પરવાનગી આપી તેથી એ પ્રજા મૂસાની આગેવાની નીચે રામસેસ નગરથી મહાપ્રયાણ કરીને નીકળી, જે ઐતિહાસિક યાત્રા 'નિર્ગમન' તરીકે

ઓળખાય છે (નિર્ગ. ૧૨ : ૩૭). પરંતુ ફારૂને હજી પણ પોતાની હઠ છોડી નહોતી. ગુલામ પ્રજા ઉપર બદલો લેવા માટે ફારૂન મેર્નેપ્તાહ પોતાના ૬૦૦ રથ અને ઘોડેસવારો સાથે આ પ્રજાની પાછળ પડ્યો (નિર્ગ. ૧૪ : ૬-૯). દુશ્મન ફારૂનથી બચવા માટે યહોવા દેવે સામે આવેલા રાતા સમુદ્રના પાણીના બે ભાગ કરી નાખ્યા. વચ્ચે માર્ગ થવાથી ઇઝરાયલ પ્રજા તેમાંથી પસાર થઈ સામા કિનારે પહોંચી ગઈ (નિર્ગ. ૧૪ : ૨૨). ફારૂન મેર્નેપ્તાહ પોતાના લશ્કર સાથે પાછળ જ હતો. તેઓ હજી સમુદ્રમાં હતા ત્યાં પાણી પૂર્વવત્ થઈ ગયાં તેથી "...રથો તથા સવારો તથા તેમની પાછળ સમુદ્રમાં ગયેલા ફારૂનના સઘળા સૈન્ય ઉપર પાણી ફરી વળ્યાં, **તેઓમાંથી એક પણ બચ્યો નહિ**" (નિર્ગ. ૧૪ : ૨૮. ગી.શા. ૧૦૬ : ૧૧). ત્યારે ઇઝરાયલ પ્રજાએ આ "ફારૂન તથા તેની ફોજને લાલ સમુદ્રમાં ઊથલાવી નાખનાર..." (ગી.શા. ૧૩૬ : ૧૫) એવા યહોવા દેવની સ્તુતિ કરી. આમ સમુદ્રમાં ઈશ્વરના પ્રકોપથી ડૂબી જવાથી ફારૂન મેર્નેપ્તાહનો કરુણ અંત આવ્યો. અહીં બાઇબલનું એક નિવેદન ઘણું જ સૂચક છે : "...અને ઇઝરાયલે સમુદ્રકાંઠે મિસરીઓને મરેલા દીઠા..." (નિર્ગ. ૧૪ : ૩૦). આમ એ સર્વ મૃતદેહો ઓટ થવાથી "સમુદ્રકાંઠે" જોવામાં આવ્યા હતા. તેમાં રાજા ફારૂન મેર્નેપ્તાહનો મૃતદેહ પણ હશે.

છેલ્લે જૂન ૧૯૭૫ માં ફ્રાન્સના એક વિખ્યાત સર્જન - ડૉક્ટર મોરીસ બ્યુસેલીએ આ મમી (મૃતદેહ) ઉપર વધારે સંશોધન કરવાની પરવાનગી માગી. વિગતવાર ચકાસણી કર્યા પછી તેઓ લખે છે : "એન્ડોસ્કોપી નામની રેડિયોગ્રાફિક પદ્ધતિથી મૃતદેહની અંદરના ભાગોના વિગતવાર ફોટા લઈ શકાય છે. તેથી મૃત્યુ તરફ દોરી જનાર ચોક્કસ કારણો તથા સૂક્ષ્મ પ્રક્રિયાની જાણકારી પ્રાપ્ત થાય છે. મારા વિદ્વાન સાથીદારો ડૉ. ડ્યુરીગૉન, ડૉ. અલ મલેગી, ડૉ. મુસ્તફા મનીઆલા તથા પ્રો. મીગ્નોટ આ પ્રયોગ વખતે હાજર હતા... વૈજ્ઞાનિક


અને વૈદકીય પ્રયોગો ઉપરથી એવું ફલિત થાય છે કે રાજા ફારૂન મેર્નેપ્તાહ પાણીમાં ડૂબી જવાથી શ્વાસ રુંધાવાની પ્રક્રિયાને લીધે મૃત્યુ પામ્યો હતો.''

બાઈબલનાં કથનોની સત્યતા ચકાસવા ઉત્સુક વ્યક્તિએ કેરોના રોયલ મ્યુઝિયમમાં જઈને રાજા ફારૂન મેર્નેપ્તાહના મમી (મૃતદેહ)નાં દર્શન કરવાં જોઈએ.

આવા સનાતન સત્યની સાક્ષી માટે જો જીવંત વ્યક્તિઓ ચૂપ રહેશે તો મૃતદેહો પણ પોકારી ઊઠશે. ★

# ૬. વૈજ્ઞાનિક રસદર્શન - ગીતશાસ્ત્ર ૮

પાલેસ્ટાઈન દેશમાં લગભગ સપ્ટેમ્બર માસમાં દ્રાક્ષાવેલાનાં ખેતરોમાંથી ફસલ ઉતારી લેવામાં આવે છે. ખેતરને એક ખૂણે અથવા



ચિત્ર ૬ : દ્રાક્ષા પીલવા માટેની વ્યવસ્થા દર્શાવતું ચિત્ર.

ઘરઆંગણે ખડકમાંથી કંડારેલા બે પડવાળા દ્રાક્ષાકુંડના ઉપલા પડ ઉપર દ્રાક્ષાનાં આ ઝૂમખાંને મૂકવામાં આવે છે. ત્યાર બાદ ચાર કે પાંચ મજૂરો, પથરાયેલી દ્રાક્ષાને પગ વડે તાલબદ્ધ રીતે ખૂંદે છે (ગી. શા. ૮૧ : ૧-૨). આમ દ્રાક્ષાના નિચોડમાંથી નીકળતો રસ નીચલા પડમાંથી કુંડમાં ભેગો થાય (ગણના ૧૮ : ૨૭). આ તાજો અથવા નવો દ્રાક્ષારસ સીધો જ મધુર પીણા તરીકે ઉપયોગમાં લઈ શકાય (નીતિ. ૩ : ૧૦).

જેમ ભારતનાં ખેતરોમાં સમૂહમાં લોકગીતના ઢાળમાં ગાતા

અને કામ કરતા મજૂરોનું ચિત્ર અજાણ્યું નથી, તેમ પાલેસ્ટાઈનમાં દ્રાક્ષાની ફસલ બાદ દ્રાક્ષાકુંડમાં કામ કરતા મજૂરો આનંદથી સમૂહમાં ગીત ગાતા સંભળાય છે. દ્રાક્ષા પીલતાં પીલતાં વાજિંત્ર સાથે ગીતકર્તાની આગેવાની નીચે આ મજૂરો તાલ સહિત "ગિત્તિથ" રાગમાં રચાયેલું આ ગીત ગણગણતા હશે એમ માનવામાં આવે છે.

ગીતકર્તા દાઉદની યુવાનીની શરૂઆતનાં વર્ષોમાં રચાયેલું આ લઘુગીત જેટલું ઊર્મિસભર ગેયકાવ્ય છે તેટલું જ તત્ત્વજ્ઞાનથી ભરપૂર પણ છે. ઘેટાંપાળક દાઉદ પોતાનાં ટોળાં સાથે પર્વતની તળેટીમાં ઘણી વાર રાતવાસો ગાળતો. રાત્રે ટોળાંની ચોકી કરતાં કરતાં જાગરણ કરવું પડતું ત્યારે તે સવાર પડતાં સુધી ઈશ્વરનું સ્મરણ કરતો (ગી. શા. ૫૭ : ૮. ૯૨ : ૩. ૧૦૮ : ૨. ૧૧૯ : ૧૪૭). દિવસોના દિવસો અને રાતોની રાતો તે આકાશ અને તેમાંનાં પરાક્રમોનું અવલોકન કરતો. આકાશની કૃતિઓ ઈશ્વરનું પરાક્રમ પ્રગટ કરે છે તેવો દૃઢ વિશ્વાસ તેણે બાળપણથી જ સંપાદન કર્યો હશે, અને શાસ્ત્રોમાં પણ તે વાંચ્યું હશે (ન્યાયાધીશો ૫ : ૨૦.



ચિત્ર ૭ : ભરવાડ દાઉદભક્ત— તેની લાકડી, ગોફણ અને વાજિંત્ર

યિર્મેયા ૩૧ : ૩૫). આકાશના સૂર્ય, ચંદ્ર અને તારાઓ સમયસર, અવિરતપણે ઈશ્વરની યોજના મુજબ ઊગતા, આથમતા તથા ઠરાવેલી કક્ષાઓમાં ઘૂમતા તે જોતો હશે. આકાશના આ કાર્યક્રમમાં કોઈ વિક્ષેપ પડતો નહિ (યશાયા ૪૦ : ૨૫-૨૬). આમ હજારો વર્ષ પૂર્વે કોઈપણ વૈજ્ઞાનિક સાધનોની મદદ વિના આ અતાગ અવકાશ અને તેમાંનાં રહસ્યોના અવલોકન અને મનન પછી કવિની અનુભૂતિ કેટલી પ્રબળ છે તે ગી.શા. ૮ : ૩-૪ માં જોવા મળશે :

"આકાશો, જે તારા હાથનાં કૃત્યો છે, અને ચંદ્ર તથા તારાઓ, જેઓને તેં ઠરાવ્યા છે, તેઓ વિષે હું વિચાર કરું છું; ત્યારે [હું કહું છું, કે] માણસ તે કોણ છે, કે તું તેનું સ્મરણ કરે છે?" કવિના આ જ વિચારનો ધ્વનિ તેનાં બીજાં ગીતોમાં પણ જોવા મળે છે, તે આ વિચારની કવિમાનસ ઉપરની ઘેરી પ્રબળતા દર્શાવે છે (ગી. શા. ૧૪૪ : ૩-૪).

એક નાના વિચારમૌક્તિકમાં એક મહાન વિરોધાભાસનું દર્શન! પ્રકૃતિના કર્તાની ભવ્યતા અને માનવીની ક્ષુદ્રતા! શાંત, નિરભ્ર રાત્રીએ તારામઢેલ આકાશ જોવું તે પણ એક અનેરો અનુભવ છે. નરી આંખે આકાશમાં લગભગ ૨૫૦૦ તારા ગણી શકાય! આકાશની ભવ્યતા, દૂરદર્શકયંત્રની આંખે જોવાથી તો ઓરજ વધી જાય. વૈજ્ઞાનિક ગણતરીથી એમ સાબિત થયું છે કે પૃથ્વી પરના સૌથી શક્તિશાળી દૂરદર્શકયંત્ર વડે દેખાતા અવકાશના દશ્ય ભાગ કરતાં આ વિરાટ બ્રહ્માંડ વીસ અબજગણું મોટું છે!

ચંદ્ર હવે માનવીથી અજાણ નથી. આવા ૮૧ ચંદ્રો ભેગા કરીએ તો પૃથ્વીનો ગ્રહ બને. સૂર્યમાળાનો મોટામાં મોટો ગ્રહ ગુરુ છે; એટલો મોટો કે જેમાં પૃથ્વી જેટલા ૩૧૮ દડા સમાઈ શકે! જ્યારે ગ્રહમાળાના રાજા સૂર્યમાં આ પૃથ્વી જેટલા ૩,૩૩,૩૦૦ દડા સમાઈ જાય. આ ઉપરથી સૂર્યના કદનો ખ્યાલ આવી શકશે. આ વાત તો હજી માનવીની

વિચારશક્તિ ગ્રહણ કરી શકે તેવી વાત થઈ. પરંતુ એન્ટારીસ નામનો એક તારાનો વ્યાસ જ ૪૫ ઉપર સાત મીંડાં ચડાવીએ તેટલા કિલોમીટર છે. એટલે કે તેના વ્યાસમાં આ પૃથ્વી તેની સૂર્ય આસપાસની સમગ્ર કક્ષા અને કેન્દ્રસ્થાને સૂર્યસહિત સમાઈ જાય. હજી પણ બીજો માયરા (એટલે જ આશ્ચર્યકારક) નામનો તારો છે જેનો વ્યાસ સૂર્યના વ્યાસ કરતાં ૪૦૦ ગણો મોટો છે. માનવીની વિચારશક્તિને હતબુદ્ધ કરી નાખે તેવો બીજો એક બીટલગુઝ નામનો રાક્ષસી તારો આ સૂર્ય કરતાં ચાલીસ કરોડગણો મોટો છે.

હવે આ અવકાશી રાક્ષસોનાં અંતરો વિષે જોઈએ. પૃથ્વીનો ઉપગ્રહ ચંદ્ર અહીંથી ફક્ત ૨ લાખ ૪૦ હજાર માઈલ દૂર છે. પૃથ્વીનો સૌથી નજીકનો ગ્રહ બુધ છે, તે અહીંથી ૩ કરોડ ૬૦ લાખ માઈલ દૂર છે, જ્યારે સૂર્યમાળાનો છેલ્લો ગ્રહ પ્લુટો ૩૬૪ કરોડ ૯૦ લાખ માઈલ દૂર છે. જો એક અવકાશયાન એક કલાકે ૩૬૦૦૦ માઈલની ગતિથી ઊડે તો પ્લુટો ઉપર પહોંચતાં જ તેને ૪૬ વર્ષ લાગે! આ તો થઈ હજી આપણી ગ્રહમાળાની વાત. આકાશગંગામાં હજી તો કેટલાયે સૂર્યો અને તેની ગ્રહમાળાઓ છે. અબજો માઈલનાં અંતરો તો એની કાંઈ જ વિસાતમાં નથી, અને આકાશગંગા જેવાં તો અનેક નક્ષત્રોને સમાવતું આપણું આ બ્રહ્માંડ છે. અને તેથીય બહારના સંકેતો હવે વૈજ્ઞાનિકોએ પકડવા માંડ્યા છે! આવાં મહાન અંતરો માપવા માટે માઈલ કે કિલોમિટરનું એકમ ખૂબ નાનું પડે જેથી આવાં અંતરો "પ્રકાશવર્ષ"ના એકમમાં મપાય છે. એક પ્રકાશવર્ષ એટલે એક વર્ષમાં પ્રકાશનું કિરણ જેટલું અંતર કાપે તે અંતર. પ્રકાશની ગતિ એક સેકંડે ૩,૦૦,૦૦૦ કિલોમિટરની છે. એટલે કે એક પ્રકાશવર્ષ બરાબર ૯૪૬ ઉપર દસ મીંડાં ચડાવીએ તેટલા કિલોમિટર. આપણી આકાશગંગાને કિનારે આવેલા તારાઓ પૃથ્વીથી લગભગ એક અબજ પ્રકાશવર્ષ દૂર આવેલા છે. આ બધા જ તારાઓ, ગ્રહો અને ઉપગ્રહો પ્રત્યેક ગતિમાન

છે. તેમની ગતિ પણ માનવીય બુદ્ધિની પરાકાષ્ટા સમાન છે. છતાં તેમનાં સાપેક્ષ અંતરોની લીધે અંદરોઅંદર અથડાઈ પડવાની શક્યતા જ નથી. નક્ષત્રો અને તારાઓનાં ઝૂમખાં, રાશિઓ અને ગ્રહમાળાઓ દરેક પોતપોતાના ઠરાવેલા માર્ગ ઉપર ચોક્કસ ગતિથી આ અનંત અવકાશમાં વિચરી રહ્યાં છે. કેટલું અજાયબ!

કવિ આ વિરાટ વિશ્વને જોઈને તેની મહાનતા આગળ નમી પડે છે : "આકાશો દેવનું ગૌરવ પ્રસિદ્ધ કરે છે; અને અંતરિક્ષ તેના હાથનું કામ દર્શાવે છે" (ગી. શા. ૧૯ : ૧).

સ્વયંપ્રભુ પરમેશ્વરે અયૂબને કહેલાં વચનો અહીં યાદ આવી જાય છે : "પ્રકાશના આદિસ્થાનમાં જવાનો માર્ગ કયાં છે, અને અંધકારનું સ્થળ કયાં છે; કે તું તેની સીમનો પત્તો કાઢે,...."

"શું તું રાશિઓને વખતસર ચલાવી શકે છે? શું તું સપ્તર્ષિને તેના મંડળસહિત દોરી શકે છે? શું તું આકાશના નિયમો જાણે છે? શું તું તેની સત્તા પૃથ્વીમાં સ્થાપી શકે છે?" (અયૂબ ૩૮ : ૧૯, ૨૦, ૩૨, ૩૩).

તેવી જ રીતે ગીતકર્તા દાઉદ આ અદ્‌ભુત કૃતિઓના સર્જનહારની શક્તિથી પ્રભાવિત થઈ તેની આગળ ગદગદિત થઈ જાય છે. મનુષ્યની પામરતાનું તેને સ્પષ્ટ ભાન થાય છે ત્યારે કવિહૃદય પોકારી ઊઠે છે :

"મનુષ્યપુત્ર કોણ, કે તું તેની મુલાકાત લે છે?" આમ કવિની વિચારધારા વિરાટ કર્તા ઉપરથી વામન કૃતિ ઉપર સરી પડે છે. ઉત્પત્તિની શરૂઆતમાં સર્જનહારની આજ્ઞા પ્રમાણે મનુષ્યને કહેવામાં આવ્યું હતું કે "સફળ થાઓ, વધો... અને તેને વશ કરો" (ઉત્પત્તિ ૧ : ૨૮). પ્રથમ દષ્ટિએ આ ભક્તહૃદયકવિ વિચારે છે કે આવા વિરાટ વિશ્વનો વારસ આવો વામન માનવી? કેવો વિરોધાભાસ! નશ્વર, રોગનો શિકાર, કીડાઓનો ખોરાક જેનો દેહ, પાપ, અદેખાઈ, દુઃખ

અને મલિન ઇચ્છાઓને વશ જેનો આત્મા! આવો મનુષ્ય કોણ? આ માનવદેહ માટેનું અયૂબનું વર્ણન જુઓ : "માટીના ઘાટમાંથી ઘડેલું, અંતે માટીમાં મળી જનાર જે ક્ષણમાં પતંગિયા પેઠે કચરાઈ જશે" (અયૂબ ૪ : ૧૯-૨૦).

વળી નોર્થ વેસ્ટર્ન યુનિવર્સિટીના આધુનિક વૈજ્ઞાનિક ડો. ડોનાલ્ડના મત મુજબ માનવમાં રહેલા રાસાયણિક તત્ત્વોની કિંમત જે મંદીના સમયમાં ફક્ત રૂા. ૭ અને ૩૫ પૈસા હતી તે વધીને હાલ રૂા. ૨૭ થઈ છે. પુખ્ત માનવદેહમાં ટકાવારી દષ્ટિએ ૬૫ ટકા ઓક્સિજન, ૧૮૨ ટકા કાર્બન, ૧૦ ટકા હાઈડ્રોજન, ૩ ટકા નાઈટ્રોજન, દોઢ ટકા કેલ્શિયમ, ૧ ટકા ફોસ્ફરસ, અને દોઢ ટકા સોનું, ચાંદી અને બીજાં તત્ત્વો આવેલાં છે.

છતાં સર્જનહારની નજરમાં આ વિરાટ વિશ્વનો વારસ તો મનુષ્ય જ છે. તેની દષ્ટિમાં માનવનું મહત્ત્વ મર્મભર્યું છે. કેટલીક વાર દષ્ટિમાં અર્થ વગરની વસ્તુનું બીજાની દષ્ટિમાં ખૂબ મહત્ત્વ પણ જોવા મળે છે. ઇજિપ્તનાં મહાન પિરામિડો અને તેની પ્રાચીનતમ સંસ્કૃતિઓ કરતાં, નાઈલ નદીમાં ટોપલીમાં તરતું મૂકી દીધેલું બાળક - નિરાધાર બાળમૂસા - ઈશ્વરની નજરમાં ખૂબ મહત્ત્વનું હતું. શાઉલ રાજા અને તેના સર્વ દીકરા કરતાં, ખુદ આ ગીતનો કર્તા નમ્ર ભરવાડનો દીકરો દાઉદ, ઈશ્વરની નજરમાં ખૂબ મહત્ત્વનો હતો (ગી. શા. ૭૮ : ૭૦). આમ કર્તા અને કૃતિ વચ્ચેની શાશ્વત કડીરૂપે આ નિર્ગત માનવજાતને પસંદ કરવામાં આવી છે. માનવજાત અને ઈશ્વર વચ્ચેનું આ સગપણ છે જે દેવત્વના શાશ્વત સ્થૂળ સ્વરૂપનો મર્મ સમજાવે છે: "...મનુષ્યપુત્ર કોણ, કે તું તેની મુલાકાત લે છે? કેમ કે તેં તેને દેવ કરતાં થોડો જ ઊતરતો સૃજ્યો છે, અને તું તેના પર ગૌરવ તથા માનનો મુગટ મૂકે છે..." (કલમ ૪, ૫).

"બેશક સતધર્મનો મર્મ મોટો છે; તે મનુષ્યસ્વરૂપમાં પ્રગટ થયો, આત્મામાં ન્યાયી ઠરાવાયો, દૂતોના દીઠામાં આવ્યો,...મહિમામાં ઉપર લેવામાં આવ્યો" (૧ તીમોથી ૩ : ૧૬).

આમ કવિનાં અંતર્ચક્ષુ સ્પષ્ટ રીતે ભવિષ્યમાં માનવદેહે આવનાર દેવત્વની ઝાંખી કરાવે છે. બીજી બાજુ મનુષ્ય જે આવા મહાન વારસા માટે તદ્દન અપાત્ર છે તેને લાયક ઠરાવે છે. આ વિરાટ બ્રહ્માંડના એક ખૂણે આવેલ આ નાનકડો ગ્રહ પૃથ્વી તો આવનાર રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુના આગમન અર્થે ઠરાવેલ રંગભૂમિ છે જ્યાં આ વિજયી રાજા કૂચ કરશે ત્યારે બ્રહ્માંડના અસંખ્ય તારાઓ પ્રકાશ રેલાવશે અને સર્વ ગ્રહો બુલંદ અવાજે પોકારી ઊઠશે : "રાજ્યાસન પર જે બેઠેલો છે તેને તથા હલવાનને સ્તુતિ, માન, મહિમા તથા સત્તા સદાસર્વકાળ હો" (પ્રકટી. ૫ : ૧૩).

અને કવિના અંતર્પટ સમક્ષ આ ભવ્ય ચિત્રની રેખાઓ વધુ ને વધુ સ્પષ્ટપણે ઊપસતી જાય છે - "તારા હાથનાં કામ પર તેં તેને અધિકાર આપ્યો છે; તેના પગ તળે તેં સઘળું મૂક્યું છે" (કલમ ૬).

કેટલો મહાન આદર! હા, મનુષ્ય સર્વ અપાત્રતા અને અધૂરપ છતાં તેને આ સર્વ આપવામાં આવ્યું છે. સર્જનહારની કૃપાપાત્ર દષ્ટિમાં માનવજાત તેની સર્વોચ્ચ કૃતિ છે - "કે તેની કૃપાના મહિમાની સ્તુતિ થાય; એ કૃપા તેણે [પોતાના] વહાલા [પુત્ર]માં આપણને મફત આપી.... જેથી આપણા પરની તેની દયાને લીધે તે **આવતા યુગોમાં** ખ્રિસ્ત ઈસુમાં પોતાની કૃપાની અતિ ઘણી સંપત દેખાડે" (એફેસી ૧ : ૬. ૨ : ૭).

તે ફક્ત કૃપાવંત જ નથી. તેણે આ માનવજાતની મુલાકાત એક વાર લીધી છે અને આવનાર યુગમાં ફરીથી તે આવશે ત્યારે એક હજાર વર્ષના સુવર્ણકાળ સુધી, બ્રહ્માંડના કેન્દ્રસમા આ નાનકડા ગ્રહને

તે પોતાનું રાજ્યાસન બનાવશે. પ્રકાશિત શુક્ર કે મહાન ગુરુ, ઉષ્ણ સૂર્ય કે શીતલ ચંદ્ર, અથવા દૂરના રાક્ષસી કદવાળા તારાઓને બાજુએ મૂકી, આ નાનકડી પૃથ્વી અને તેમાં વસતી માનવજાતને આવો મહાન આદર અપાયેલો છે.

"પણ સઘળું તેને સ્વાધીન કર્યું, એમ હજુ સુધી આપણી નજરે પડતું નથી" (હિબ્રૂ ૨ : ૮). આ કેટલું સત્ય છે! વાસ્તવિક ચિત્ર જુદું જ છે. અફસોસ! કે મનુષ્ય હજી પણ નબળું, પાપી, દુઃખી અને બિચારું પ્રાણી જ છે. પાપ, પરીક્ષણ, શેતાન, રોગ, સર્વ કાંઈ મનુષ્યને હજી પણ ઘેરી લે છે. ભૌતિકવાદ હજી પણ તેને ભમાવે છે અને મહાન વારસાની આશાને ભુલાવી દે છે. પરંતુ કવિ છેલ્લી પંક્તિમાં આશાનું કિરણ દર્શાવે છે : "આખી પૃથ્વીમાં તારું નામ કેવું ઉત્તમ છે!" આપણે હજી વિજય પામ્યા નથી, પરંતુ વિજયી ખ્રિસ્તને તો પામ્યા જ છીએ. તે આપણે વાસ્તે જ છે. "સઘળાંને તેણે તેના પગો તળે રાખ્યાં, અને તેને સર્વ પર મંડળીના શિર તરીકે નિર્માણ કર્યો; તે તો તેનું શરીર છે, એટલે જે સર્વ વાતે સઘળાંને ભરપૂર કરે તે તેનું ભરપૂરપણું છે" (એફેસી ૧ : ૨૨, ૨૩).

કેટલું મહિમાવંત ચિત્ર! કેવી મહાન આશા! કેવી નક્કર ખાતરી! માનવજાતની અધૂરપ, ઊણપ કે અપાત્રતા બધું જ ખ્રિસ્તમાં સંપૂર્ણ કરવામાં આવશે. ★

## ૭. ગણિતીય રસદર્શન-ગીતશાસ્ત્ર ૧૧૯

શીર્ષક જોઈને આશ્ચર્ય થયું ને! આવાં તો ઘણાં જ આશ્ચર્યો બાઈબલમાં ભરેલાં પડ્યાં છે. ગીતશાસ્ત્ર અનેક લાક્ષણિકતાઓથી ભરપૂર પુસ્તક છે. બાઈબલમાં ગીતશાસ્ત્રની ગોઠવણી પણ કોઈ અગમ્ય લાક્ષણિકતા ધરાવે છે. આજે એક નવા જ અભિગમથી તેનો અભ્યાસ કરીશું.

બાઈબલમાં કુલ ૬૬ પુસ્તકો અને ૧૧૮૯ અધ્યાયો છે. તેમાં લાંબામાં લાંબો અધ્યાય તે ગીતશાસ્ત્ર ૧૧૯, જ્યારે ટૂંકામાં ટૂંકો અધ્યાય ગીતશાસ્ત્ર ૧૧૭ છે. વળી આ ગીત ૧૧૭ બાઈબલમાં કેન્દ્રસ્થ અધ્યાય પણ છે એટલે કે કુલ ૧૧૮૯ અધ્યાયોમાં આ ગીત કેન્દ્રસ્થાને છે; એટલે કે તેનો ક્રમ ૫૯૫ મો આવે છે. વળી એ જાણીને આશ્ચર્ય થશે કે, આખા બાઈબલની કેન્દ્રસ્થ કલમ આ સૌથી લાંબા તથા સૌથી ટૂંકા અધ્યાયોની વચ્ચેના જ અધ્યાયમાં આવેલી છે. એ કલમ છે ગીતશાસ્ત્ર ૧૧૮ : ૮ - "માણસનો ભરોસો કરવા કરતાં યહોવા પર આધાર રાખવો સારો છે." બાઈબલના મધ્યવર્તી વિચારસમી આ કલમ શું અકસ્માતે જ કેન્દ્રસ્થાને આવી હશે? ભાવિક આત્માને આમાં પણ દિવ્ય યોજનાની દૂરંદેશી જણાશે.

ત્યાર બાદ આવે છે લાંબામાં લાંબું ગીત ૧૧૯. ઈશ્વરના નિયમો ઉપર વિગતવાર, નિખાલસ અને દિવ્યપ્રેમપ્રેરિત, ચિંતન-મનનથી ભરપૂર એવું આ ગીત એક લાક્ષણિક હિબ્રૂ કાવ્ય છે. તેના કર્તા વિષે આધારભૂત માહિતી ઉપલબ્ધ નથી, પરંતુ તે કદાચ એઝરા શાસ્ત્રીના કોઈ નિકટના અનુયાયીએ રચ્યું હોય તેવું માનવામાં આવે છે (એઝરા ૭ : ૬, ૧૦, ૧૧).

આ ગીતમાં સમાયેલું શિક્ષણ સચોટ અને સીધું જ છે. અર્થમાં

કોઈ આંટીઘૂંટી નથી. પરંતુ આ ગીતની અગમ્ય લાક્ષણિકતા દર્શાવવા માટે અહીં એક નવા જ દષ્ટિકોણથી તેનો અભ્યાસ આપવામાં આવ્યો છે. ઉત્સુક વાચકને આધ્યાત્મિક પ્રેરણા પ્રતિ ઉન્મુખ કરવાનો જ આશય છે.

ગીતશાસ્ત્ર ૧૧૯ની રચના એક અદ્‌ભુત કાવ્યરચના છે. હિબ્રૂ ભાષામાં ૨૨ મૂળાક્ષર છે. આ ગીત ઉપર દષ્ટિ કરતાં જણાશે કે પ્રત્યેક ભાગની ઉપર શીર્ષક તરીકે "આલેફ", "બેથ", "ગિમેલ" વગેરે નામો આપેલાં છે: આ હિબ્રૂ ભાષાના ૨૨ મૂળાક્ષરો જ છે.

પ્રત્યેક મૂળાક્ષર નીચે આઠ પંક્તિઓ મૂકવામાં આવી છે. તેથી આખા ગીતની કુલ ૧૭૬ પંક્તિઓ થઈ. મૂળ હિબ્રૂ ભાષામાં આ ગીતની પ્રથમ આઠ પંક્તિનો આદ્યક્ષર "આલેફ", બીજી આઠ પંક્તિનો આદ્યક્ષર "બેથ", એવી રીતે ૨૨ આદ્યક્ષરો દર આઠ પંક્તિઓમાં ગૂંથી લેવામાં આવ્યા છે. વળી પ્રત્યેક પંક્તિ વારાફરતી - એકાન્તરિત- લઘુ-ગુરુ લઘુ-ગુરુ લઘુ-ગુરુ... એ પ્રમાણે આઠ લઘુ તથા આઠ ગુરુ અક્ષરોની છે. આમ પિંગળશાસ્ત્રનો આ એક વિરલ પ્રયોગ છે. કોઈ પણ ભાષાકીય પદ્યરચનાની હરોળમાં ઊભી રહી શકે એવી આ અદ્‌ભુત અને આસ્વાદ્ય રચના છે. હિબ્રૂ ભાષાની આવી અટપટી ગૂંથણીને સાદ્યંત બીજી કોઈપણ ભાષામાં ઉતારી શકાય નહિ.

જેમાંથી "ઈશ્વરની ઇચ્છા" એવો અર્થ તારવી શકાય એવા આઠ પર્યાય શબ્દોની પુનરુક્તિ અહીં ગૂંથવામાં આવી છે. ભાષાકથનમાં અર્થહીન પુનરુક્તિને દોષયુક્ત ગણી છે. પરંતુ અહીં કરાયેલી પુનરુક્તિ દ્વારા ભાવિકનું હૃદય આધ્યાત્મિક આનંદની પરાકાષ્ટા જ અનુભવે છે તે આ ગીતની વિશિષ્ટતા છે. આ આઠ શબ્દો છે: (૧) નિયમ (૨) સાક્ષ્યો (૩) શાસન (૪) વિધિ (૫) આજ્ઞા (૬) ઇન્સાફ (૭) વચન અને (૮) માર્ગ. આ આઠ શબ્દો નિઃશંક આગળના (ગીત ૧૯ : ૭-૯)માંથી લેવામાં આવ્યા હોય તેમ જણાય છે.

આખા ગીતની કુલ ૧૭૬ પંક્તિઓમાં ઉપરોક્ત આઠમાંથી એકાદ શબ્દ અચૂક વપરાયો છે. અપવાદ ફક્ત ૧૨૨મી પંક્તિમાં



ચિત્ર ૮ : દાઉદ રાજાના સમયમાં લેવી કુળના સંગીતકારો આફાસની આગેવાની નીચે મંદિરમાં ગાયકગણને સંગીત આપે છે.

જણાય છે. મૂળ હિબ્રૂ ભાષામાં ૨૨ વખત ‘‘આજ્ઞાઓ’’ શબ્દ વપરાયો છે. ‘‘સાક્ષ્યો’’ શબ્દ બહુવચનમાં ૨૨ વખત અને એકવચનમાં એક વખત એટલે પંક્તિ ૮૮ને છેડે (‘‘શિખામણ’’ના અર્થમાં) વાપરવામાં આવ્યો છે.

ઉપરોક્ત અભ્યાસમાં એક વાત ખાસ ધ્યાન ખેંચે છે તે એ કે આ ગીતમાં આઠ અંકનું આધિપત્ય જોવા મળે છે. પ્રાચીન ખાલદી રહસ્યવાદીઓ અંકશાસ્ત્રમાં નિપુણ ગણાતા હતા. તેની થોડી ઘણી અસર યહૂદીઓમાં પણ હતી. આ રહસ્યવાદીઓ આઠ અંકને આધ્યાત્મિક અંક તરીકે ઓળખાવતા હતા. અંકનું મહત્ત્વ બાઈબલમાં મુખ્યત્વે પ્રકટીકરણમાં ખાસ જોવા મળે છે: જેમ કે ‘‘આમાં ચાતુર્ય [રહેલું] છે.

જેને બુદ્ધિ છે, તે શ્વાપદની સંખ્યા ગણે; કેમ કે તે એક માણસ [ના નામ]ની સંખ્યા છે : અને તેની સંખ્યા છસો છાસઠ છે' (પ્રકટી. ૧૩ : ૧૮). અહીં ૬૬૬ એ શ્વાપદ અથવા ''દુન્યવી પ્રાધાન્ય''નું પ્રતીક છે. વળી પ્રાચીન ખ્રિસ્તી રહસ્યવાદીઓ ૮૮૮ની સંખ્યાને પ્રભુ ઈસુ ખ્રિસ્તની સંખ્યા તરીકે સંબોધતા હતા. (હિંદુ શાસ્ત્રોમાં શ્રી ૧। તથા મુસ્લિમોમાં ૭૮૬ સંખ્યા પવિત્ર સંખ્યા ગણાય છે.)

આ આઠની સંખ્યા બાઈબલમાં, ઘણે ઠેકાણે ''નવી શરૂઆત'' અને ''કૃપા''ના પ્રતીક તરીકે જોવામાં આવે છે. જેમ કે :

(૧) યહૂદીઓ બાળકના જન્મ પછી આઠમા દિવસે સુન્નત કરતા (ઉત્પત્તિ ૧૭ : ૧૨).

(૨) નૂહ આદમથી આઠમી પેઢીએ જન્મ્યો હતો અને યહોવાની દષ્ટિમાં કૃપા પામ્યો (ઉત્પત્તિ ૬ : ૮).

(૩) જળપ્રલય બાદ આઠ જણ બચ્યાં (૧ પિતર ૩ : ૨૦).

(૪) દાઉદભક્ત તેના પિતાનું આઠમું સંતાન હતા (૧ શમૂએલ ૧૭ : ૧૨).

(૫) જૂના કરારનું આઠમું પુસ્તક : રૂથ; તથા નવા કરારનું આઠમું પુસ્તક : ૨ કોરીંથી. બન્ને પુસ્તકોનો મધ્યવર્તી વિચાર ''કૃપા'' છે.

હવે ગણિતશાસ્ત્રની દષ્ટિએ આ આઠની સંખ્યાની વિશિષ્ટતા જોઈએ :

૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ આ પ્રાથમિક અંકશ્રેણી છે. તેમાંથી ફક્ત ૮ ની સંખ્યા ઉડાવી દઈએ તો બાકી રહેશે : (૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૯).

હવે જોઈ લો ગમ્મત -

૧૨૩૪૫૬૭૯ x (૧ x ૯) = ૧૧૧૧૧૧૧૧૧

૧૨૩૪૫૬૭૯ x (૨ x ૯) = ૨૨૨૨૨૨૨૨૨

૧૨૩૪૫૬૭૯ x (૩ x ૯) = ૩૩૩૩૩૩૩૩૩

૧૨૩૪૫૬૭૯ x (૮ x ૯) = ૮૮૮૮૮૮૮૮૮

આગળ પ્રયત્ન કરી જુઓ તો આવું જ પરિણામ આવશે. તાત્પર્ય કે આઠની સંખ્યા અદશ્ય રહીને પણ બીજા સર્વ અંકોનું સર્જન કરે છે. "તે અદશ્ય દેવની પ્રતિમા છે" (કોલોસી ૧ : ૧૫, ૧૬). વળી આઠનો અંક નમ્રતાસૂચક છે તે જુઓ -

૮ x ૧ = ૮ = ૦ + ૮ = ૮

૮ x ૨ = ૧૬ = ૧ + ૬ = ૭

૮ x ૩ = ૨૪ = ૨ + ૪ = ૬

૮ x ૪ = ૩૨ = ૩ + ૨ = ૫

જેમ મહાનતા વધે છે (૮, ૧૬, ૨૪, ૩૨...) તેમ અહંકાર ઘટતો જાય છે. (૮, ૭, ૬, ૫...) એ જ સાચું ખ્રિસ્તી વલણ છે. (૧ પિતર ૫ : ૫, ૬).

આમ આઠ અંક તે આધ્યાત્મિક જીવન, નવી શરૂઆત, કૃપા તથા નમ્રતા દર્શાવે છે. આ દષ્ટિએ ગીતશાસ્ત્ર ૧૧૯મો અધ્યાય એક નવી જ પ્રેરણા આપે છે. ★

# ૮. બાઈબલ અને અંકશાસ્ત્ર

ધારો કે તમે બજારમાંથી ૨૪ નારંગી ખરીદીને બાસ્કેટમાં લઈને ઘરે આવો છો. ઘરમાં ડાઈનિંગ ટેબલ ઉપર બાસ્કેટ ઊંધી વાળી દો છો. પછી એ નારંગીઓ એક લંબચોરસ આકારમાં ચાર આડી અને છ ઊભી લાઇનમાં એમ એક એક ગોઠવાઈ જાય છે.

ધારો કે તમે એલિસબ્રિજ નીચેથી ગુજરીમાંથી કાંડાઘડિયાળના છૂટક ભાગો એક પડીકામાં લઈને ઘેર આવો છો. પછી એક ખાલી ડબ્બામાં બધા છૂટક ભાગો નાખીને ડબ્બો હલાવો છો. તેમાંથી એક તૈયાર અને સમય બતાવતું કાંડાઘડિયાળ બહાર નીકળે છે. શું એ શક્ય છે? ના, પૃથ્વીના ભૌતિક નિયમો પ્રમાણે એ શક્ય નથી. કોઈના ગોઠવ્યા વિના એમ બને જ નહિ એ એક નિર્વિવાદ સત્ય છે.

બાઈબલમાં લખાયેલો એકેએક શબ્દ પૂર્વઆયોજિત હોય તેમ અમુક પ્રકારની અંકપદ્ધતિને અનુસરે છે. અંકસંખ્યાનું આ પ્રાધાન્ય એટલું તો પ્રબળ છે કે અભ્યાસીનું ધ્યાન ખેંચાયા વગર રહે જ નહિ. બાઈબલના આવા આલેખનનો આ વિશિષ્ટ દષ્ટિકોણથી સૌ પ્રથમ અભ્યાસ કરનાર વૈજ્ઞાનિક ડો. ઈવાન પેનીન હતા. રશિયામાં જન્મેલા અને અમેરિકામાં શિક્ષણ પામેલા આ વૈજ્ઞાનિકે પોતાના જીવનનાં પચાસ અમૂલ્ય વર્ષો આ અભ્યાસમાં ગાળ્યાં. તેના પરિપાકરૂપે અંકશાસ્ત્ર ઉપર આધારિત ગ્રીક નવો કરાર તથા અંગ્રેજી નવો કરાર - એમ બે વિશિષ્ટ મૂલ્ય ધરાવતાં પુસ્તકો આપણને પ્રાપ્ત થયાં છે. તેમના પછી ડો. એફ. પેઈન તથા ડોન સ્ટેન્ટનની કૃતિ "સીલ ઓફ ગોડ" આ ક્ષેત્રે ઉલ્લેખનીય ગણાય છે.

હિબ્રૂ અને ગ્રીક ભાષાના પ્રત્યેક મૂળાક્ષરને કોઈ એક ચોક્કસ અંકસંખ્યા સાથે સાંકળવામાં આવ્યા છે. તેથી કોઈપણ શબ્દને બે રીતે

દર્શાવી શકાય છે. પ્રથમ સર્વસામાન્ય રીત પ્રમાણે તેની મૂળાક્ષર જોડણીથી એક શબ્દ દર્શાવી શકાય. બીજી રીત પ્રમાણે આખા શબ્દની સંલગ્ન અંકસંખ્યા વડે પણ તે જ શબ્દ દર્શાવી શકાય. આ બીજી રીત માર્મિક અથવા રહસ્યમય જણાય છે. ગુપ્તતા જાળવવા પણ આ બીજી રીતનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે પ્રકટીકરણમાં લખ્યું છે કે : "આમાં ચાતુર્ય [રહેલું] છે. જેને બુદ્ધિ છે, તે શ્વાપદની સંખ્યા ગણે; કેમ કે તે એક [માણસ]ના નામની સંખ્યા છે..." (પ્રકટી. ૧૩ : ૧૮). આમ બાઈબલનાં લખાણોનો અભ્યાસ કરતાં જણાય છે કે અમુક ચોક્કસ સંખ્યાઓનો અર્થસભર ઉપયોગ વારંવાર કરવામાં આવ્યો છે. અત્યારે પણ રોમન મૂળાક્ષરોની કેટલીક સંખ્યાઓનો ઉપયોગ પ્રચલિત છે. જેમ કે -

I = ૧, V = ૫, X = ૧૦, L = ૫૦ અને C = ૧૦૦ વગેરે. તે જ પ્રમાણે આખા શબ્દની કુલ સંખ્યા બની શકે છે. આમ બાઈબલમાં વારંવાર વપરાતી કેટલીક સંખ્યાઓ તથા તેના આધ્યાત્મિક અર્થ નીચે મુજબ છે :

૧ = ઐક્ય
૨ = વિયોગ અથવા સાક્ષી
૩ = ઈશ્વરની ત્રિએકતા અથવા દિવ્ય સંપૂર્ણતા
૪ = સૃષ્ટિ અને સર્જન
૫ = દયા - ઈશ્વરની નિઃશુલ્ક ભેટ
૬ = મૂળભૂત પાપ નીચેનો મનુષ્ય (સાંસારિક)
૭ = સંપૂર્ણતા
૮ = પુનરુત્થાન (ઈસુ ખ્રિસ્તની વ્યક્તિગત સંખ્યા)
૯ = અંતિમ - નિશ્ચયાત્મક
૧૦ = ક્રમબદ્ધતા
૧૧ = આયોજનની અવ્યવસ્થા

૧૨ = આયોજનની વ્યવસ્થા, વહીવટી સરળતા

૧૩ = પાપ, બળવો અને (શેતાનની વ્યક્તિગત સંખ્યા)

૩૭ = ઈશ્વરના જીવંત શબ્દો

૪૦ = અજમાયશી સમય

આમ ઉપર પ્રમાણે સંખ્યાનો આધાર લઈ ઈસુ (ગ્રીક : IESOUS) શબ્દના પ્રત્યેક મૂળાક્ષરની સંખ્યા નીચે મુજબ થશે :

I = ૧૦

E = ૮

S = ૨૦૦

O = ૭૦

U = ૪૦૦

S = ૨૦૦

કુલ ૮૮૮

આમ IESOUS અથવા ૮૮૮ વાંચવાથી ગ્રીક વાચક સમજી જ જાય કે આ "ઈસુ" શબ્દ છે. હવે ૮૮૮ એ એક સ્વયંસંપૂર્ણ શબ્દ છે. ૮૮૮ = ૩૭ x ૩ x ૮ થાય. ઉપર અર્થના કોઠામાં જોવાથી જણાશે કે ૩૭ = ઈશ્વરના જીવંત શબ્દો, ૩ = ઈશ્વરની ત્રિએકતા અને ૮ = ઈસુ. તેથી ૮૮૮ નું વિસ્તૃત અર્થઘટન કરવું હોય તો ઈસુમાં ઈશ્વરના જીવંત શબ્દો, ઈશ્વરની ત્રિએકતા અને ઈશ્વરપુત્રની દિવ્ય સંપૂર્ણતા છે. હવે સંત યોહાનના શુભસંદેશનું પ્રથમ વાક્ય વાંચવાથી અનન્ય પ્રકાશ મળશે : "આદિ એ શબ્દ હતો, અને શબ્દ દેવની સંઘાતે હતો, અને શબ્દ દેવ હતો" (યોહાન ૧ : ૧).

શું આ એક આકસ્મિકતા છે? ના. ઈશ્વરની પ્રેરણારૂપ દોરી વડે વ્યવસ્થિત બંધાયેલા આ શબ્દોરૂપી મણકાની ગોઠવણી તેના કર્તાની ઓળખ આપે છે. "શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે" (૨ તીમોથી ૩ : ૧૬) તેની આ સાબિતી છે.

બાઈબલમાં ઈસુનાં અન્ય નામોની સંખ્યા આ પ્રમાણે છે :

| | | | |
|---|---|---|---|
| ખ્રિસ્ત | ૧૪૮૦ | = | ૧૮૫ x ૮ |
| મુક્તિદાતા | ૧૪૦૮ | = | ૧૭૬ x ૮ |
| સ્વામી | ૮૦૦ | = | ૧૦૦ x ૮ |
| મસીહ | ૬૫૬ | = | ૮૨ x ૮ |
| માનવપુત્ર | ૨૯૬૦ | = | ૩૭૦ x ૮ |
| સત્ય | ૬૪ | = | ૮ x ૮ |

અગમ્ય રીતે આ જુદા જુદા જણાતા શબ્દોમાં 'ઈસુ' શબ્દ સાથે સંકલિત સંખ્યા ૮ જોડાયેલી છે. બાઈબલનું છેલ્લું પુસ્તક – "પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પ્રકટીકરણ અથવા (સંદર્શન)" તરીકે ઓળખાય છે. આ પુસ્તકમાં બરાબર ૮૮૮ શબ્દો છે. આ યોગાનુયોગ કે અકસ્માત ન જ હોઈ શકે. ગ્રીક ભાષામાં શબ્દના એકેએક મૂળાક્ષરની ઠરાવેલી સંખ્યા હોવાથી જો જોડણીમાં સહેજ પણ ફેરફાર થાય તો તેની અંકસંખ્યા વધી કે ઘટી જાય. તેથી પ્રભુ ઈસુનું કથન અહીં યાદ આવી જાય છે : "આકાશ તથા પૃથ્વી જતાં રહે ત્યાં સુધી સઘળાં પૂરાં થયા વગર નિયમશાસ્ત્રમાંથી **એક કાનો અથવા એક માત્રા** જતી રહેશે નહિ" (માથ્થી ૫ : ૧૮).

"પાપ", "ઈશ્વર સામે બળવો", અને "શેતાન" એ મનુષ્યના ત્રણ આધ્યાત્મિક શત્રુઓ છે. બાઈબલમાં આ શત્રુઓને ૧૩ની સંખ્યા દ્વારા દર્શાવવામાં આવ્યા છે :

| | | | |
|---|---|---|---|
| ડેવિલ અથવા શેતાન | ૨૧૯૭ | = | ૧૩ x ૧૩ x ૧૩ |
| શ્વાપદ - ડ્રેગોન | ૯૭૫ | = | ૭૫ x ૧૩ |
| લાલચમાં પાડનાર | ૧૦૫૩ | = | ૮૧ x ૧૩ |
| બેલ્યાલ | ૭૮ | = | ૬ x ૧૩ |
| ખૂની | ૧૮૨૦ | = | ૧૪૦ x ૧૩ |
| સર્પ | ૭૮૦ | = | ૬૦ x ૧૩ |

આમ શેતાની શક્તિનો ટ્રેડમાર્ક ૧૩ હોય તેમ જણાય છે. બાઈબલમાં "ચોરી કરવી" (કલેપ્ટો) શબ્દ ૧૩ વખત વપરાયો છે; પાપની ઉપમારૂપ શબ્દ "ખમીર' (ઝ્યુમ) ૧૩ વખત વપરાયો છે. ઝ્યૂમ શબ્દની અંકસંખ્યા ૪૫૫ એટલે કે (૩૫ x ૧૩) છે. "પાછા ફરી ગયેલા" અને "ઢોંગીઓ"નો ૧૩ વખત ઉલ્લેખ છે. આ બાબત ધ્યાનમાં રાખીને નવા કરારનો એક ખૂબ જ અગત્યનો ધર્મસિદ્ધાંત જોઈએ :

ઈસુ ખ્રિસ્તને મૂસાના "સર્પ"ની માફક ક્રૂસ ઉપર ઊંચા કરવામાં આવ્યા (યોહાન ૩ : ૧૪). કારણ કે "ખ્રિસ્ત પોતે નિષ્પાપ હતા છતાં આપણા માટે ઈશ્વરે તેમને **પાપરૂપ** કર્યા" (૨ કોરીંથી ૫ : ૨૧). આ પાપરૂપ પરિસ્થિતિની સાચી સમજ અંકશાસ્ત્રના અભ્યાસથી આપી શકાય છે : (યોહાન ૧૯ : ૧૯) પ્રમાણે ક્રૂસના માથે પિલાતે મૂકાવેલા ઓળખપત્ર ઉપર "નાઝરેથનો ઈસુ" એવો શબ્દસમૂહ લખ્યો હતો. આ શબ્દસમૂહની અંકસંખ્યા ૨૧૯૭ = ૧૩ x ૧૩ x ૧૩ થાય છે. ત્રણ વખત તેર એટલે પૂરેપૂરી પાપરૂપ સ્થિતિ. આમ આખા જગતનું પાપ તેમના માથે મૂકવામાં આવ્યું હતું તેથી જ ઈશ્વરે પોતાની સમક્ષતા ઈસુ પાસેથી ખેંચી લીધી હતી (માર્ક ૧૫ : ૩૪). આ કેટલી આશ્ચર્યકારક ઘટના છે !

આવી જ અગમ્ય સંખ્યા ૭ ની છે. ઈશ્વરે ધૂળમાંથી મનુષ્ય બનાવ્યું (ઉત્પત્તિ ૨ : ૭). વિજ્ઞાને સાબિત કર્યું છે કે મનુષ્યના શરીરમાં ૧૪ એટલે કે (૨ x ૭) મૂળતત્ત્વો હોય છે. મનુષ્યના દેહનું સંપૂર્ણ બંધારણ માતાના ગર્ભમાં ૨૮૦ = (૪૦ x ૭) દિવસે પરિપકવ થાય છે. પછી મનુષ્યનું આયુષ્ય ૭૦ = (૭ x ૧૦) વર્ષનું ઠરાવવામાં આવ્યું છે (ગી. શા. ૯૦ : ૧૦). અન્ય પશુપક્ષીની સૃષ્ટિમાં ગર્ભસ્થ સમયનો ક્રમ પણ ૭ના જ ગુણકમાં ઠરાવેલો છે.

| | | | |
|---|---|---|---|
| મરઘી, પોપટ, કાગડો, બાજપક્ષી – | ૨૧ | દિવસ | ૩ x ૭ |
| ઉંદર, બતક, સસલાં – | ૨૮ | ” | ૪ x ૭ |
| હંસ – | ૩૫ | ” | ૫ x ૭ |
| શાહમૃગ – | ૪૨ | ” | ૬ x ૭ |
| બિલાડી – | ૫૬ | ” | ૮ x ૭ |
| કૂતરો – | ૬૩ | ” | ૯ x ૭ |
| સિંહ – | ૯૮ | ” | ૧૪ x ૭ |
| ઘેટું – | ૧૪૭ | ” | ૨૧ x ૭ |

આમ ઈશ્વર સાત સમયખંડ દ્વારા મનુષ્ય અને પ્રાણીસૃષ્ટિ સાથે વ્યવહાર કરે છે. બાઈબલની પરાકાષ્ટાસમ પ્રકટીકરણના પુસ્તકમાં સાતની સંખ્યાનો પુનરાવર્તિત ઉલ્લેખ જોવા મળે છે. તેવાં ૫૦ ઉદાહરણો છે જે સ્થળસંકોચને કારણે અત્રે આપી શકાય તેમ નથી. પરંતુ બાઈબલના પ્રથમ પુસ્તક ઉત્પત્તિના પ્રથમ વાક્યની ખૂબીઓની ઝાંખી ખૂબ રસપ્રદ છે.

“આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં” (ઉત્પત્તિ ૧ : ૧). આખા વિશ્વના સર્જનનો ઈતિહાસ આ એક નાનકડા વાક્યમાં સમાયેલો છે. પ્રથમ દૃષ્ટિએ સામાન્ય જણાતું આ વાક્ય હિબ્રૂ અંકશાસ્ત્ર પ્રમાણે ૧૨૫ અસામાન્યતા ધરાવે છે.

(૧) હિબ્રૂ ભાષામાં આ વાક્ય બરાબર સાત શબ્દો ધરાવે છે. (અને ગુજરાતીમાંય સાત જ!)

(૨) સાત શબ્દોમાં કુલ ૨૮ = (૭ x ૪) મૂળાક્ષરો વપરાયા છે. સાતેય શબ્દોની કુલ અંકસંખ્યા ૨૭૦૧ = ૭૩ x ૩૭ થાય છે.

(૩) સાતમાંના પ્રથમ ત્રણ હિબ્રૂ શબ્દો, વાક્યનો કર્તા દર્શાવે છે જેમાં ૧૪ = ૨ x ૭ મૂળાક્ષરો વપરાયા છે.

(૪) બાકીના ચાર હિબ્રૂ શબ્દો, વાક્યનું કર્મ દર્શાવે છે જેમાં ૧૪ = ૨ x ૭ મૂળાક્ષરો છે.

(૫) "આકાશ" શબ્દમાં સાત મૂળાક્ષરો છે.

(૬) "અને પૃથ્વી" શબ્દમાં સાત મૂળાક્ષરો છે.

(૭) વાક્યના ત્રણ મુખ્ય શબ્દો "દેવ", "આકાશ", "પૃથ્વી"માં કુલ ૧૪ = ૨ x ૭ મૂળાક્ષરો છે.

(૮) "દેવ"ની સંખ્યા ૮૬
"આકાશ"ની સંખ્યા ૩૯૫
"પૃથ્વી"ની સંખ્યા ૨૯૬
કુલ ૭૭૭ એટલે સંપૂર્ણતા

(૯) ટૂંકામાં ટૂંકો શબ્દ મધ્યમાં છે.

(૧૦) આ કેન્દ્રસ્થ શબ્દ + ડાબી બાજુનો શબ્દ લઈએ તો ૧૪ મૂળાક્ષરો થાય.

(૧૧) આ કેન્દ્રસ્થ શબ્દ + જમણી બાજુનો શબ્દ લઈએ તોપણ ૧૪ મૂળાક્ષરો થાય.

આ તો થોડી જ વિશિષ્ટતાઓ ગણાવી છે.

હવે નવા કરારની શરૂઆતની રચના જોઈએ. પ્રથમ ૧૭ વાક્યોમાં સંત માથ્થીએ ઈસુ ખ્રિસ્તની વંશાવળી આપી છે. ગ્રીક નવા કરારમાં એ બે ભાગમાં આપી છે. કલમ ૧-૧૧ અને કલમ ૧૨-૧૭. અહીં "શબ્દભંડોળ" અને "કુલ શબ્દો" એ સમજી લેવું પડશે. "કુલ શબ્દો" એટલે વાક્યમાં વપરાયેલા બધા જ શબ્દોનો સરવાળો, જ્યારે "શબ્દભંડોળ" એટલે વાક્યમાં વપરાયેલા જુદા જુદા શબ્દોની કુલ સંખ્યા. ધારો કે એક જ શબ્દ ચાર વખત વપરાયો હોય, તો "કુલ શબ્દો" ચાર થશે, પરંતુ "શબ્દભંડોળ" એક જ ગણાય. હવે (માથ્થી ૧ : ૧-૧૧) ની વિશિષ્ટતા જોઈએ.

| | | | |
|---|---|---|---|
| (૧) શબ્દભંડોળ | – | ૪૯ = | ૭ x ૭ |
| (૨) કુળ મૂળાક્ષર | – | ૨૬૬ = | ૩૮ x ૭ |
| (૩) કુલ સ્વર | – | ૧૪૦ = | ૨૦ x ૭ |
| (૪) કુલ વ્યંજન | – | ૧૨૬ = | ૧૮ x ૭ |
| (૫) સ્વરથી શરૂ થતા કુલ શબ્દો | – | ૨૮ = | ૪ x ૭ |
| (૬) વ્યંજનથી શરૂ થતા કુલ શબ્દો. | – | ૨૧ = | ૩ x ૭ |
| (૭) શબ્દભંડોળમાં આવતાં નામો | – | ૪૨ = | ૬ x ૭ |
| (૮) તેમાં વ્યક્તિનાં નામો | – | ૩૫ = | ૫ x ૭ |
| (૯) સામાન્ય નામો | – | ૭ = | ૧ x ૭ |
| (૧૦) નામ સિવાયના શબ્દો | – | ૭ = | ૧ x ૭ |
| (૧૧) પુરુષોનાં નામો | – | ૨૮ = | ૪ x ૭ |
| (૧૨) સ્ત્રીઓનાં નામો | – | ૭ = | ૧ x ૭ |
| (૧૩) એકમાત્ર શહેરનું નામ બેબિલોન : | | | |
| મૂળાક્ષરો | – | ૭ = | ૧ x ૭ |
| (૧૪) શબ્દભંડોળની અંકસંખ્યા | – | ૪૨,૩૬૪ = | ૬૦૫૨ x ૭ |

આ ઉપરાંત પણ સાતની બીજી ઘણી સૂક્ષ્મ ગોઠવણી આ ફકરામાં છે. હવે માથ્થી, એક જકાતનાકાનો સામાન્ય કારકુન, ફક્ત પોતાની જ બુદ્ધિથી આ ગોઠવણી કરી શકે તેમ માની શકાય નહિ.

આગળ જણાવ્યું તેમ (યોહાન ૧ : ૧માં) ઈસુ ખ્રિસ્તને "શબ્દ" – LOGOS – તરીકે સંબોધન કર્યું છે. આ 'લોગોસ'ની અંકસંખ્યા ૩૭૩ થાય છે. તેમાં ૩૭ એટલે ઈશ્વરના જીવંત કથનો અને ૩ એટલે ઈશ્વરની ત્રિએકતા. (કોલોસી ૧ : ૧૫ માં) ઈસુ ખ્રિસ્તને "ઈશ્વરની પ્રતિમા" તરીકે સંબોધ્યા છે. આ શબ્દની અંકસંખ્યા

૧૩૬૯ = ૩૭ x ૩૭ થાય છે. (ઉત્પત્તિ ૧ : ૧ માં) આપણે જોયું કે મુખ્ય શબ્દો "દેવ", "આકાશ", તથા "પૃથ્વી"ની અંકસંખ્યા ૭૭૭ છે. ૭૭૭ = ૩૭ x ૩ x ૭ એટલે કે આદિ એ શબ્દ (૩૭), ત્રિએક ઈશ્વર (૩), ની સાથે સંપૂર્ણતા (૭)માં હતો. સૃષ્ટિના આરંભ પહેલાં શબ્દ (દાવાર - લોગોસ)નું અસ્તિત્વ હતું. તે ઈશ્વરની સાથે હતો અને જે ઈશ્વર હતા તે જ તે હતો. શબ્દ ઈશ્વરની સાથે આરંભથી જ હતો (યોહાન ૧ : ૧-૪).

વિભિન્ન વર્ગના અને જુદા જુદા સમયે થઈ ગયેલા બાઈબલના લેખકોમાંથી આ થોડાં જ ઉદાહરણો આપ્યાં છે. આ લેખકોએ ફક્ત પોતાની જ બુદ્ધિથી આ ગોઠવ્યું હોય તે શક્ય નથી. તેથી "શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે" એમ માનવું જ પડે છે (૨ તીમોથી ૩ : ૧૬). ★


# ૯. પવિત્ર ભૂમિ : ઐતિહાસિક ઝાંખી

પ્રભુ ઈસુના જન્મ અગાઉ ત્રણ દિવસની આ યાત્રા એ સમગ્ર પવિત્ર ભૂમિની એક નોંધપાત્ર યાત્રા ગણી શકાય. નાઝારેથથી બેથલેહેમની લગભગ ૧૨૦ કિલોમીટરની યાત્રામાં આ આખી પવિત્ર ભૂમિની ઐતિહાસિક અને ભૌગોલિક ઝલક જોઈ શકાય છે [ચિત્ર ૧૦]. ખ્રિસ્તજન્મના સંદર્ભમાં આ પશ્ચાદ્‌ભૂમિકાનો અભ્યાસ ખૂબ રસપ્રદ થશે.

નાઝારેથ એટલે "પુષ્પનગર". પરંતુ નામ પ્રમાણે તેનું દર્શન નહોતું. બે પર્વતો વચ્ચે છીછરી રકાબી જેવો તેનો દેખાવ હતો. ગામમાં ભાગ્યે જ કશું નોંધપાત્ર હતું. આમ બિનમહત્ત્વનું નગર હોવાથી જૂના



ચિત્ર ૯ : આધુનિક નાઝારેથ નગર





ચિત્ર ૧૦ : નાઝારેથથી બેથલેહેમનો માર્ગ તથા અન્ય સ્થળો

કરારમાં પણ તેની નોંધ નથી. ઈતિહાસકાર યોસિફસ દ્વારા પણ તેની નોંધ લેવાઈ નથી. કદાચ એ સમયની પ્રજાની માન્યતા હતી કે "શું નાઝારેથમાંથી કંઈ સારું નીકળી શકે?" (યોહાન ૧ : ૪૬). નગરની ચારે બાજુ ગોળ શિખરોવાળી ટેકરીઓ છે જાણે નગરનું રક્ષણ કરવા ઊભેલા સંત્રીઓ! એકાદ ટેકરી ઉપર ચડીને જોઈએ તો પશ્ચિમે સમુદ્ર અને દક્ષિણ તરફના ધોરી માર્ગ બાજુ એસ્ડ્રાએલોનનું પ્રખ્યાત મેદાન દેખાય. નાઝારેથ ધોરી માર્ગ ઉપર આવેલું નથી પણ તેની ખૂબ નજીકથી ઉત્તરે "સમુદ્ર તરફનો રસ્તો" (યશાયા ૯ : ૧). તથા દક્ષિણે કાર્મેલથી એસ્ડ્રાએલોનની ખીણમાં થઈને પૂર્વ તરફ જતો ધોરી માર્ગ આવેલો છે. આ માર્ગો ઉપર પરદેશી વેંપારી કાફલાઓ, રોમન સૈનિકો વગેરેની પુષ્કળ અવરજવર રહેતી. નાઝારેથની ભોળી ગ્રામ્યપ્રજાને આ પરદેશી પ્રદૂષણથી બચવા માટે પ્રભુ ઈસુએ કદાચ આ ભૌગોલિક કારણ જોઈને ટીકા કરી હતી : "તમે વિદેશીઓને માર્ગે ન જાઓ" (માથ્થી ૧૦ : ૫).

આજે નાઝારેથ નગરમાં સવારથી હલચલ મચી ગઈ હતી. શહેનશાહ સિઝર ઓગસ્ટસનું ફરમાન હતું તે પ્રમાણે સર્વ નગરવાસીઓએ વસ્તીગણના અને કર ભરવા માટે તાત્કાલિક પોતપોતાના નગરમાં પહોંચી જવાનું હતું. ઈ.સ. પૂર્વે છઠ્ઠા વર્ષના ઓક્ટોબર માસનું એ પ્રથમ સપ્તાહ હતું (લૂક ૨ : ૧-૭). નાઝારેથ નગરના પ્રાંગણમાંથી લોકો ધીરે ધીરે બેથલેહેમ જવા નીકળવા લાગ્યા. તેમને દક્ષિણ તરફના માર્ગ ઉપર જવાનું હતું. ગધેડા ઉપર જરૂર પૂરતો પુરવઠો લઈને પરિવારો યાત્રામાં જોડાયાં. કોઈક જુવાનોએ સાથે ડફ, વીણા અને ઝાંઝ જેવાં સંગીતનાં વાજિંત્રો પણ લીધાં. યાત્રા દરમ્યાન વિકટ રસ્તાઓ ઉપર સંગીત સાથે તેમના પૂર્વજ ભક્ત દાઉદરચિત ગીતો ગાવાનો આ યહૂદી યુવાનોમાં કુદરતી શોખ હતો. ત્રણ દિવસ અને ૧૨૦ કિલોમીટરની યાત્રાનો થાક એથી હળવો થશે.



ચિત્ર ૧૧ : ગિબઓન (ડુંગર ઉપરનું શહેર)



ચિત્ર ૧૨ : એન-ગનીમ નગર : એસ્દ્રાએલોનનું મેદાન

રાતી માટી અને ચૂનાના પથ્થરોવાળી ધરતી પૂરી થઈ. કાફલો **એસ્ડ્રાએલોન**ના મેદાનમાં પ્રવેશ્યો. પવિત્ર ભૂમિમાં આ મેદાન "યિઝ્રએલની ખીણ" તરીકે ઓળખાવી છે (યહોશુઆ ૧૭ : ૧૬). યહોશુઆના સમયમાં આ મેદાનની નીચલી ખીણ ઉપર કનાનીઓનાં કિલ્લેબંધ નગરોની હારમાળા હતી (યહોશુઆ ૧૭ : ૧૨-૧૮). તેની પશ્ચિમે પ્રખ્યાત મગિદ્દો શહેરનાં ખંડિયેરો છે. તેની પાછળ કાર્મેલ પર્વત ઉપર પ્રબોધક એલિયાહે મહાવિજય મેળવ્યો હતો. (૧ રાજા ૧૮). કાફલાના યાત્રિકો અહોભાવથી એ પર્વત તરફ જોતા હશે. પૃથ્વીના અંત સમયે ફરીથી એક વાર સમગ્ર દેશજાતિઓ આ જ "હાર-માગેદોન"ની ખીણમાં ભેગી થવાની છે (પ્રકટી. ૧૬ : ૧૬).

બપોરના ખાણા પછી યાત્રા આગળ ચાલી. મેદાનની પોચી ભીની ભૂમિ ઉપર ચાલતાં ઈ.સ., પૂર્વે ૧૨૦૦ નો સમય યાદ આવે છે. આ કીશોન નદીની એક તરફ બારાક કનાનીના દશ હજાર યોદ્ધાઓ અને બીજી તરફ હિત્તીઓનો રાજા યાબીન. તે જ સમયે નદીમાં પૂર આવ્યું તેનો લાભ લઈ પ્રબોધિકા દબોરાહની આગેવાની નીચે ઇઝરાયલના સૈનિકો દ્વારા સેનાપતિ સીસરાના સૈન્યની તારાજી કરવામાં આવી તેની યાદમાં રચવામાં આવેલું દબોરાહનું જુસ્સાભર્યું ગીત આજે પણ આ ભૂમિ જોવાથી તાજું થાય છે (ન્યાયધીશો ૫). માતા મેરીનો પુત્ર એવી જ રીતે "અંધકારની મહાસત્તાઓની" તારાજી કરવાનો હતો એવું સ્મરણ માતા મેરીને થયું હશે.

હવે સમરૂન પ્રાંતમાં જવાનું પ્રવેશદ્વાર એટલે "દોથાનની ખીણ"માંથી માર્ગ પસાર થતો હતો. સામેની ટેકરી ઉપર દોથાન શહેર આવેલું છે. આ જ્યાએ ગોત્રપતિ યાકૂબના વહાલા પુત્ર યૂસફને તેના ભાઈ યહુદાહ દ્વારા ઇશ્માએલી વેપારીઓને વેચી દેવામાં આવ્યો હતો (ઉત્પત્તિ ૩૭). આવનાર મસીહા પણ એક દિવસ પોતાના શિષ્ય યહુદાહ (!) દ્વારા વેચાઈ જવાનો હતો. કેવો યોગાનુયોગ!

(લૂક ૨૨ : ૪૭). એ જ ટેકરી ઉપર અરામના ઘોડેસવાર લશ્કરથી ઘેરાઈ ગયેલા પ્રબોધક એલીશાને યહોવાના ઘોડા તથા રથોનું દર્શન થયું હતું (૨ રાજા ૬) એ સંભારી આ યાત્રામાંના યુવાનો ગાઈ ઊઠ્યા હશે : "કોઈ રથ પર [ભરોસો રાખે છે] અને કોઈ ઘોડા પર, પણ આપણે આપણા દેવ યહોવાના નામનું સ્મરણ કરીશું" (ગીતશાસ્ત્ર ૨૦ : ૭). ખીણના પૂર્વ છેડે ગિલ્બોઆ પર્વત સાથે રાજા શાઉલની સ્મૃતિ જડાયેલી છે. ત્યાં થયેલી કત્લેઆમ ઉપર ભક્તદાઉદનું ગીત રચાયેલું છે : "હે ઇઝરાયલ, તારું ગૌરવ તારા પર્વતો પર કતલ થયું છે!" (૨ શમૂએલ ૧ : ૧૯-૨૭). સામે બેથશેઆનના કિલ્લાના દર્શનથી કાફલામાં ગમગીની પ્રસરી હશે. એ દુઃખદાયક સ્મૃતિ હતી. એ કિલ્લા ઉપર પરાજિત શાઉલ રાજાનું શબ લટકાવવામાં આવ્યું હતું (૨ શમૂએલ ૨૧ : ૧૨). બાજુમાં 'સમરૂનનું ઉચ્ચસ્થાન' - બઆલ હાસોરનું શિખર દેખાય છે. ત્યાં દાઉદ પુત્ર આબ્શાલોમે ઘેટાં ચરાવતાં પોતાના ભાઈ આમ્નોનનું કપટથી ખૂન કર્યું હતું (૨ શમૂએલ ૧૩ : ૨૩-૨૯).

હવે લગભગ સાંજ પડવા આવી હતી. આથમતા સૂર્યના પ્રકાશમાં લંબચોરસ ટેકરી ઉપર વસેલું કિલ્લેબંધ નગર સમરૂન દેખાતું હતું. મુસાફરો આખા દિવસની મજલથી થાકી ગયા લાગતા હતા. ગધેડાની ગતિ પણ ધીમી પડવા લાગી હતી. સમરૂન શહેર સાથે ઘણી કડવી-મીઠી સ્મૃતિઓ જડાયેલી હતી : હઝબેલ રાણી દ્વારા પ્રબોધકોની કતલ (૧ રાજા ૧૮ : ૪), બઆલનું મંદિર (૧ રાજા ૧૬ : ૩૨), ઇઝરાયલના રાજા આહાબની કબર (૧ રાજા ૨૨ : ૨૦-૩૭), તથા પ્રબોધક એલિયાહ, એલીશા, હોશિયા તથા મીખાહની આ સેવાભૂમિ હતી, છતાં આજે આ ભવ્ય નગરનું ખંડેરોમાં રૂપાંતર થઈ ગયું છે. એ પ્રબોધક મીખાહનો આર્તનાદ તેના ભવિષ્યકથનમાં સંભળાય છે : "હું સમરૂનના પથ્થરોને નીચાણમાં ગબડાવી દઈશ, ને હું તેના પાયા ઉઘાડા કરી નાખીશ" (મીખાહ ૧ : ૨-૭). અહીંથી ફક્ત ૯ કિલોમીટર

દૂર શખેમ નગર છે. ત્યાં જ આ કાફલો પ્રથમ રાત્રી પડાવ નાખશે. કેટલો સુંદર યોગાનુયોગ! આદિપિતા ઈબ્રાહિમે યહોવાની પ્રથમ વેદી




ચિત્ર ૧૩ : શખેમ નગર

શખેમ નગરમાં બાંધી હતી (ઉત્પત્તિ ૧૨ : ૬-૭). શખેમને કુદરતી ૮૦ ઝરણાંનો અભિષેક થતો હતો. એવી સુંદર ખીણમાં આ કાફલાએ પડાવ નાખ્યો. અન્ય સ્ત્રીઓ રસોઈની વ્યવસ્થામાં પડી હશે, પરંતુ મેરી અને યૂસફ ભવિષ્યના વિચારોમાં ખોવાઈ ગયાં હશે. સ્થળની સ્મૃતિ સાથે આવનાર મસીહાને અતૂટ સંબંધ હતો. પૃથ્વીની વેદી પર ચઢનાર છેલ્લું હલવાન તો હવે પધારવાનું હતું (ઉત્પત્તિ ૧૮ : ૧૮). મશાલ લઈને આ યુગલ ઈબ્રાહિમની વેદીના દર્શને ગયું હશે જ! અહીંથી પાસે જ લગભગ એકાદ માઈલ છેટે સૈખારમાં "યાકૂબનો કૂવો" આવેલો છે. પોતાના પૂર્વજના કૂવેથી મેરીને ખ્યાલ પણ નહિ હોય કે એક દિવસ આ જ કૂવાકાંઠેથી તેનો પુત્ર આખા સમરૂન પ્રાંતનો મસીહા પ્રસ્થાપિત થશે (યોહાન ૪ : ૫-૬). પાસે જ પૂર્વજ યૂસફની કબરનાં પણ દર્શન કર્યાં હશે (યહોશુઆ ૨૪ : ૩૨). એ પવિત્ર

સ્મૃતિ સાથે પડાવમાં પાછા આવીને આ યુગલે રાત્રી સુખદ સ્વપ્નોમાં ગાળી હશે.

બીજી સવારે યાત્રાનો બીજો તબક્કો શરૂ થયો. ખીણમાંથી માર્ગ પસાર થતો હતો. એક તરફ ગરીઝીમ પર્વત અને બીજી તરફ



ચિત્ર ૧૪ : સમરૂન પ્રજાનો પવિત્ર ગરીઝીમ


એબાલ પર્વત. કનાન દેશની જીત પછી યહોશુઆની આગેવાની નીચે આ બે પર્વતો ઉપર ઇઝરાયલનાં બારે કુળનો મહામેળો ભરવામાં આવ્યો હતો (યહોશુઆ ૮ : ૩૦-૩૫). પવિત્ર નિયમશાસ્ત્રની પ્રથમ નકલ યહોશુઆ દ્વારા આ જગ્યાએ તૈયાર કરવામાં આવી હતી (યહોશુઆ ૮ : ૩૨). એ પવિત્ર ભૂમિને યાદ કરતાં સૈખારની પેલી સ્ત્રીએ ઈસુને આ પર્વત બતાવ્યો હતો (યોહાન ૪ : ૨૦). દૂર દેખાતા બેલાટા ગામમાં પિતૃ ઇબ્રાહિમનું "એલોન વૃક્ષ" [ચિત્ર ૧૫] આજે પણ અડીખમ ઊભું છે (ઉત્પત્તિ ૧૨ : ૬. ૩૫ : ૪. યહોશુઆ ૨૪ : ૨૬. ન્યાયાધીશો ૯ : ૬). આ માર્ગનો પ્રત્યેક માઇલ પિતૃઓના ઇતિહાસથી ભરપૂર હતો. પ્રત્યેક પગલું ઇતિહાસનું એક પાનું બની જતું હતું.



ચિત્ર ૧૫ : આદિપિતૃ ઇબ્રાહિમનું એલોન વૃક્ષ

કાફલો હવે શિલોહ નગરમાં પ્રવેશ્યો. કનાનપ્રવેશ પછી યહોશુઆએ આ પ્રદેશમાં પ્રથમ મુલાકાતમંડપ આ શિલોહમાં ઊભો કર્યો હતો (યહોશુઆ ૧૮ : ૧). ત્યાર બાદ પ્રબોધક એલિયાહના

સમયમાં તે સ્થાને મંદિર બાંધવામાં આવ્યું. શમૂએલની માતા હાન્નાએ પુત્રદાન માટે આ જ મંદિરમાં યહોવાને આગ્રહભરી યાચના કરી હતી. તેની યાચના ફળી તેથી આવીને તેણે સ્તુતિભરપૂર ગીત સાથે યહોવાને



ચિત્ર ૧૬ : રાહેલની કબર

અર્પણ ચડાવ્યું (૧ શમૂએલ ૨ : ૧-૧૦). માતા મેરીએ દૂતના દર્શન બાદ ગાયેલું ગીત (લૂક ૧ : ૪૬-૫૫) એ આબેહૂબ હાન્નાના ગીતના જ પડઘારૂપ જણાય છે. આ મંદિરમાં ભાવપૂર્વક માતા મેરીએ યહોવાનું સ્મરણ કર્યું હશે. શિલોહના દર્શનથી માતા મેરી તૃપ્ત થયાં હશે. બીજા દિવસની સાંજ પડી. હવે રાત્રિપડાવ આગળના નગર બેથેલમાં થશે. ઈબ્રાહિમ તથા યાકૂબના જીવન સાથે બેથેલની ઘણી સ્મૃતિ સંકળાયેલી છે (ઉત્પત્તિ ૧૨ : ૮. ૨૮ : ૧૨-૨૨. ૩૫ : ૧-૮). યાકૂબની પ્રાર્થનાથી પવિત્ર થયેલી ભૂમિ પાછળથી સોનાના વાછરડાની પૂજાથી ભ્રષ્ટ થઈ (૧ રાજા ૧૨ : ૨૯). તેથી આમોસ પ્રબોધકે તેના વિનાશનું ભવિષ્યકથન આપ્યું (આમોસ ૫ : ૫). કાંઈક મિશ્ર લાગણીઓ સાથે રાત્રિપડાવ અહીં કરવામાં આવ્યો.

ત્રીજા દિવસની સવારે યાત્રા ચાલુ થઈ. હવે આજે રાત્રે કાફલો બેથલેહેમ પહોંચી જશે. પર્વતાળ પ્રદેશમાંથી માર્ગ પસાર થતો ગયો. સ્મૃતિઓની સાંકળ ઊકલતી રહી. બપોર સુધીમાં ચારેય તરફ પર્વતોથી ઘેરાયેલું યરુશાલેમ શહેર દેખાવા લાગ્યું. તે જોઈ યુવાનો ગાઈ ઊઠ્યા : ''જેમ યરુશાલેમની આસપાસ પર્વતો આવેલા છે, તેમ.... પોતાના લોકોની આસપાસ યહોવા છે'' (ગી.શા. ૧૨૫ : ૨). બપોર પછી રસ્તામાં ''રાહેલની કબર''વાળી [ચિત્ર ૧૬] જગ્યા આવી. કાંઈક ચિંતિત મનોદશામાં માતા મેરીએ એ કબરનાં દર્શન કર્યાં હશે, કારણ કે પોતાના પુત્ર બિન્યામીનના પ્રસવની પીડાથી રાહેલ અહીં મૃત્યુ પામી હતી (ઉત્પત્તિ ૩૫ : ૧૯). પણ મેરી એવા મૃત્યુથી ડરીને મસીહાનો અનાદર કદી નહિ કરે! હવે યાત્રાનો લગભગ છેડો બેથલેહેમ - નજીક આવી ગયો હતો.

બેથલેહેમ તો આ યુગલના પૂર્વજ દાઉદનું નગર હતું (૧ શમૂએલ ૧૬ : ૧૮). એ બોઆઝ અને રૂથનું પણ નગર હતું (રૂથ ૪ : ૧૧).



ચિત્ર ૧૭ : આધુનિક બેથલેહેમ નગર

રૂથના વંશમાં પ્રભુ પોતે અવતરવાના હતા (રૂથ ૪ : ૧૭). બેથલેહેમ એટલે ''રોટલીનું ઘર'', ત્યાં જન્મેલા પ્રભુએ સ્વયં ''આકાશમાંથી

ઊતરેલી રોટલી'' હોવાનો દાવો કર્યો છે (યોહાન ૬ : ૩૩, ૪૧, ૪૮, ૫૧, ૫૮). સમય ખૂબ થોડો હતો. રાત્રિની શરૂઆત થઈ. પ્રસવપીડાનો કદાચ પ્રારંભ થઈ ગયો હતો. માતા મેરી બેચેન જણાતાં હતાં. નગરની ભાગોળમાં જ પ્રખ્યાત ધર્મશાળા હતી. તેનું નામ ''ગેરૂથ-કિમ્હામ'' હતું (યિર્મેયા ૪૧ : ૧૭). આ ધર્મશાળા દાઉદ રાજાના પાલકપુત્ર ''કિમ્હામ'' દ્વારા દાઉદ રાજાની સ્મૃતિમાં તેના જ નગરમાં બાંધવામાં આવી હતી (૨ શમૂએલ ૧૯ : ૩૭-૩૮). યૂસફે ધર્મશાળાના સંચાલકને પરિસ્થિતિ સમજાવીને ઉતારા માટે માગણી કરી હશે, પણ આ યુગલ માટે ''એ ધર્મશાળામાં જગા નહોતી.'' નગરના અને એ ધર્મશાળાના સંસ્થાપકના વારસ ધર્મશાળાની બહાર ઊભા હતા. પિતૃઓના નગરમાં અવતરનાર 'વારસદાર' - 'ઇઝરાયલના તારણની આશા' માટે જગા નહોતી (લૂક ૨ : ૭). પિતૃઓના ઇતિહાસનું છેલ્લું પાનું આજે રાત્રે સુવર્ણ અક્ષરે લખાવાનું હતું. છેલ્લા પાનાનું પ્રથમ વાક્ય હતું : ''તેને માટે જગા નહોતી.''

આ છે નાતાલની આગલી રાતની વાસ્તવિકતા. એક ચિંતકે લખ્યું છે કે ''પ્રભુ ઈસુ ખ્રિસ્ત હજાર વાર બેથલેહેમમાં જન્મે, પરંતુ મારા હૃદયમાં તે એક વાર પણ ન જન્મે, તો તેનો જન્મ મારા માટે વ્યર્થ છે.'' ★

# ૧૦. ઈસુજન્મની ઐતિહાસિકતા

આ લેખમાં ઈસુજન્મ વિષે સંત લૂકના વૃત્તાંતો ઉપર થોડો અભ્યાસ આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

લગભગ સિતેર વર્ષ પૂર્વે વિલિયમ મિશેલ રામસેનાં ઉત્ખનન અન્વેષણો અને સંશોધન ઉપરથી સંત લૂકની સુવાર્તામાં ઈસુના જન્મની આસપાસ વણાયેલા પ્રસંગો ઉપર નવો પ્રકાશ પડ્યો છે. તે ઉપરાંત સંત લૂક એ જવાબદાર, સમર્થ અને સક્ષમ ઈતિહાસકાર હતા તેવી છાપ ઊઠી છે. ઈ.સ. ૬૦ની આસપાસ કિલ્લેબંધ નગર કાઈસારિયાની જેલમાં અદાલતના ચુકાદાની રાહ જોતા, યહૂદીઓનાં કાવતરાંનો ભોગ બનેલા સંત પાઉલ આધ્યાત્મિક મનનમાં સમય ગાળતા હતા. આ દિવસોમાં લગભગ બે વર્ષના સમયગાળા દરમિયાન સંત લૂકે ઈસુના જન્મ અને જીવનના પ્રસંગો ગ્રંથસ્ત કરવા માટે પોતાનું આગવું સંશોધન



ચિત્ર ૧૮
રોમન શહેનશાહ ઓગસ્ટસ સિઝર : (ઈ.સ. પૂર્વે ૩૧ થી ઈ.સ. ૧૪, જેણે વસ્તીગણતરીનો આદેશ આપ્યો હતો.

કાર્ય કર્યું હતું. સંત લૂક ઈસુની સમકાલીન વ્યક્તિઓને મળતા અને ઈસુના જીવનપ્રસંગોની વિગતો ભેગી કરતા. જ્યાં જરૂર જણાય ત્યાં ઉપલબ્ધ સાહિત્યનાં લખાણો નક્કર પુરાવા સાથે ચકાસીને તેઓ પોતાનાં લખાણોમાં ઉતારતા. આમ કરતાં લગભગ ઈ.સ. ૬૬ની આસપાસ પાલેસ્ટાઇનના મહાબળવાના સમયની સમાંતરે તેમણે પ્રથમ "સુવાર્તા" અને પછી "પ્રેરિતોનાં કૃત્યો" પુસ્તકો પ્રકાશિત કર્યાં.

રામસે પોતાનો પ્રતિભાવ આપતાં જણાવે છે કે સંત લૂક ફિલિપીના ગ્રીક નાગરિક, સંત પાઉલના અંતગર્ત દાક્તર - મિત્ર - સાથી અને ઉત્તમ રીતે ગ્રીક ભાષાનો ઉપયોગ કરનાર સમર્થ ઇતિહાસકાર હતા.

સંત લૂકની સુવાર્તાનો આધુનિક અંગ્રેજી (New English Bible) માં અનુવાદ કરતાં જે. બી. ફિલિપ્સ જણાવે છે કે વાચકોને આ સુવાર્તાની શરૂઆતથી જ લાગે છે કે લેખક એક સમર્થ ઇતિહાસકાર હશે. એ પ્રસંગોના તેઓ પ્રત્યક્ષ સાક્ષી નહોતા, પરંતુ એક જવાબદાર વ્યક્તિ અને ત્યાર પછીના બનાવો સાથે સંકળાયેલા જરૂર હતા. ઝીણવટભરી વિગતો અને અંગત લાગણીસભર વૃત્તાંતો તેમણે પ્રત્યક્ષ સાક્ષીઓ પાસેથી સીધેસીધાં મેળવ્યાં હશે તે શંકારહિત છે. સંત લૂકની સુવાર્તાની પ્રસ્તાવના જે. બી. ફિલિપ્સના શબ્દોમાં આ રીતે મૂકી શકાય :

"સુવાર્તાના સેવકો અને મૂળ પ્રત્યક્ષ સાક્ષીઓએ અમને આપેલી પ્રણાલિકા પ્રમાણે આપણી મધ્યે બનેલી ઘટનાઓનું વૃત્તાંત લખવા માટે ઘણા લેખકોએ પ્રયાસ કર્યો છે. અને હે નેકનામદાર, તેમાંનો હું પણ એક છું. આ ઘટનાઓની ઝીણવટભરી વિગતોને ચકાસનાર તરીકે મેં આપના માટે એક સંકલિત લઘુવૃત્તાંત લખવાનો નિર્ધાર કર્યો છે કે જેથી આપને જે કહેવામાં આવ્યું છે તે વિષે આધારભૂત માહિતી પ્રાપ્ત થાય" (લૂક ૧ : ૧-૪ NEB).

ફક્ત એક સમર્થ ઈતિહાસકાર જ આવો દાવો કરી શકે. ઈસુજન્મની પૂર્વસંધ્યાએ બેથલેહેમ નગરમાં વસ્તીગણતરીના પ્રસંગનો ઉલ્લેખ છે. આ એક ઐતિહાસિક પ્રસંગ ગણાય. માતા મરિયમ પાસેથી સંત લૂકે આ પ્રસંગકથા મેળવી હશે. ૮૦ વર્ષની વૃદ્ધાના કથનમાં અવિશ્વાસ રાખવાનું ઉચિત નથી, પરંતુ પ્રસંગની ઐતિહાસિકતા તો જરૂર ચકાસી શકાય. ઈજિપ્તના વરસાદ વગરના સૂકા રણપ્રદેશમાં પ્રાચીન અવશેષો ઉપર અંકિત માનવીય સંસ્કૃતિનાં વિભિન્ન પાસાંને આવરી લેતા અસંખ્ય લેખિત દસ્તાવેજો જળવાઈ રહ્યા છે. એવો એક લેખિત દસ્તાવેજ જાહેર નોટીસના રૂપમાં, અર્ધજર્જરિત હાલતમાં તાજેતરમાં મળી આવ્યો છે. ઈ.સ. ૧૦૪ ના સમયગાળાનું આ લખાણ આ પ્રમાણે છે :

"ગાયસ વિબિયસ - ઈજિપ્તનો મુખ્ય વહીવટદાર - આગામી વસ્તીગણતરીને કારણે એ જરૂરી છે કે કોઈ પણ કારણસર પોતાના જિલ્લાની બહાર વસતા તમામ લોકો તાત્કાલિક પોતાના વહીવટી વિસ્તારમાં પાછા ફરવાની તૈયારી કરે કે જેથી કૌટુંબિક વસ્તીગણતરીને દરેક પ્રકારનો પ્રાથમિક વિધિ પૂરો કરી શકાય, અને ખેતીવાડીની જમીનના હક્કદાવા બરાબર નક્કી કરી શકાય. તમે જાણો છો કે તમારા નગરને પુરવઠાની જરૂર છે જેથી હું ઇચ્છું છું કે...."

આગળનો ભાગ અત્યંત જર્જરિત હોવાથી વંચાતો નથી, પરંતુ ઉપરના લખાણથી અમુક બાબતો સ્પષ્ટ થાય છે. આવી વસ્તીગણતરી જરૂર થતી હતી. બહારગામ વસતા નાગરિકોને પોતાના વતનમાં ફરજિયાત આવવું પડતું. પ્રદેશના વહીવટદારો આ બાબતમાં ખૂબ જ કડક હતા. અનાજ પુરવઠાની પરિસ્થિતિ વિકટ હતી. ધર્મશાળાઓ બહારગામના મુસાફરોથી ઊભરાઈ જાય તે નિર્વિવાદ છે.

ઈસુજન્મની પૂર્વસંધ્યાએ નાઝારેથના આ સુથાર અને તેની યુવાન પત્નીને દાઉદના વંશજ હોવાથી છેક નાઝારેથની બેથલેહેમ સુધીની લાંબી યાત્રા ખેડવી પડી હતી તે નક્કર ઐતિહાસિક વાત છે. બેથલેહેમની

પરિસ્થિતિ વસ્તીગણતરીના દિવસોમાં કેવી થઈ હશે તે હવે સમજી શકાશે. પારાવાર ગિરદી, મહેણાંટોણાં, ઊભરાતી ધર્મશાળાઓ, ધક્કામુક્કી અને ગભાણમાં ફરજિયાત વાસો કરવાની વાર્તા કપોળકલ્પિત ન જ હોઈ શકે. માતા મરિયમને વૃદ્ધાવસ્થામાં પણ એ મુશ્કેલભરી રાત્રિ બરાબર યાદ હશે.

વસ્તીગણતરી પૂર્વે કેટલોક ''પ્રાથમિક વિધિ'' પતાવવો પડતો તેમ ઉપરના દસ્તાવેજમાં જણાવ્યું છે. આ ''પ્રાથમિક વિધિ'' એટલે કેટલાંક અટપટાં પત્રકો ભરવાનો વિધિ, જેમાં કૌટુંબિક અને વ્યક્તિગત અને માલમિલકતની માહિતી ભરવી પડતી. આવા એક ભરેલા પત્રકનો દસ્તાવેજ વસ્તીગણતરી પછીની ચોથી ગણતરી એટલે કે ઈ.સ. ૪૮ના અરસાની ગણતરીનો છે તેવું સાબિત થયું છે :

''મુખ્ય ન્યાયાધીશ તથા નગરકારકુન પ્રતિ.... હું થર્માથેરિયન એટલે કે યુનિસની પુત્રી, મારા પાલક એપોલોનિયસ - જે સોતાદિસનો પુત્ર - સહિત, દક્ષિણ વિભાગમાં મારા પોતાની માલિકીના મકાનમાં રહેવાસી, એવી હું થર્માથેરિયન એટલે કે ઉક્ત સોતાદિસની અગાઉની દાસી (હવે મુક્ત), ઉંમર વર્ષ ૬૫, મધ્યમ ઊંચાઈ, શરીરનો રંગ મધ જેવો, લાંબા ચહેરાવાળી, જમણા ઘૂંટણ ઉપર ઘાનું નિશાન... શહેનશાહ તિબેરિયસ કલોડિયસ સોગંદપૂર્વક જણાવું છું કે અગાઉનાં બધાં પત્રકોમાં મેં સાચી વિગતો ભરી છે અને....''

આ ફક્ત એક જ પત્રકનો નમૂનો છે. તે ઉપરાંત કુટુંબમાં જન્મ પ્રસંગે જન્મપત્રક પણ ભરવું પડતું. આવા એક જન્મપત્રકનો દસ્તાવેજ ઈ.સ. ૧૫૦ ના સમયનો હાલ મળી આવ્યો છે :

''પ્રતિ સોક્રેટિસ અને દિદિમસ

મહાનગરના ફરોશીઓ - ઈખિરાસ એટલે મિસ્તસનો પુત્ર, જેની માતા તાસૌકેરિયન - જે દિદાસની પુત્રી - તરફથી.....

અમે પુત્રજન્મની નોંધણી કરાવીએ છીએ કે જે પુત્ર હાલના વર્ષમાં એટલે કે શહેનશાહ એન્ટોનિયમ સિઝરના ૧૪મા વર્ષમાં અત્યારે એક વર્ષનો છે...''

આમ નીરસ લાગતાં પત્રકો ઈસુજન્મની ઐતિહાસિકતા ઉપર મહોર મારે છે. તેમાં સત્યનો જે અંશ છુપાયેલો છે તે સુવાર્તાના લખાણમાં વર્ણવેલા પ્રસંગોને પૃષ્ટિ આપે છે. આજે ઇતિહાસના સંદર્ભમાં ઈસુજન્મની વધામણી કરવાથી નવો જ વિશ્વાસ પેદા થશે. ★

# ૧૧. ઈસુની માતા મેરી

સંત માથ્થી અને સંત લૂકરચિત શુભસંદેશની શરૂઆતના થોડા કથનમાં તથા વચ્ચે વચ્ચે ઈસુ ખ્રિસ્તના જાહેર જીવનની આજુબાજુ ઊડતી ઝલક, અને અંતમાં સંત યોહાનના વૃત્તાંતમાં વધસ્તંભના દૃશ્યમાં અકથ્ય ગ્લાનિમાં ઊભેલી માતા મારિયાના ઉલ્લેખ સિવાય બાઈબલમાં તેમનાં વિષે અન્ય કોઈ વિગતો આપવામાં આવી નથી. સમગ્ર નવા કરારમાં ફક્ત ચૌદ જ પ્રસંગોમાં માતા મારિયાનો અછડતો ઉલ્લેખ છે. આવા મહાન અને દિવ્ય પુત્રની માતા, સમગ્ર ખ્રિસ્તી જગતમાં જે રીતે પૂજનીય ગણાય છે તે જોતાં તેમના વ્યક્તિત્વને અનુરૂપ તેમના જીવનની કોઈ કડીબદ્ધ રૂપરેખા ઉપલબ્ધ નથી. તેથી સ્વાભાવિક પ્રશ્ન ઉપસ્થિત થાય કે ઈસુની જેમ તેમની માતા પણ ઐતિહાસિક વ્યક્તિ હતા?

સંત લૂક વૈદ્યકીય નિષ્ણાત હોવા ઉપરાંત મહાન ઇતિહાસકાર પણ હતા. નાનામાં નાની વિગતોની સંપૂર્ણ ચકાસણી બાદ ઈશ્વરી પ્રેરણા મેળવીને તેમણે પ્રત્યેક શબ્દ તેમના શુભસંદેશમાં વણ્યો છે. તેઓ પોતાની પ્રસ્તાવનામાં જણાવે છે કે “આપણી મધ્યે બનેલી ઘટનાઓનું વૃત્તાંત તૈયાર કરવાનું ઘણાએ હાથમાં લીધું છે. તે કાર્ય તો શરૂઆતથી નજરે જોનાર સાક્ષીઓ અને ઈશ્વરીય સંદેશના સેવકો પાસેથી મૌખિક રીતે ઊતરી આવેલી પ્રણાલિકાઓ પર આધારિત છે. મેં પણ થોડા સમયથી એ બનાવોનું ખૂબ જ ચોકસાઈથી સંશોધન કર્યું છે. એટલે હું આપને માટે એક વ્યવસ્થિત વૃત્તાંત લખું તે મને યોગ્ય લાગ્યું છે” (લૂક ૧ : ૧-૩ નવો અનુવાદ).

સંત લૂકનાં વૃત્તાંતો ઉપરથી લેખકની સત્યતાની ખાતરી થાય છે. મારિયાનાં સ્વસંબોધનો ઇત્યાદિ વાંચતાં જણાય છે કે આવી માહિતી



ચિત્ર ૧૯ : માતા મેરી અને બાળઈસુ
(ચિત્રકાર પિયરો દ કોસિમોએ ૧૫મી સદીમાં દોરેલું ચિત્ર)

સ્વયં મારિયા તરફથી તેમને મળી હોય તો જ 'અંદરની વાત' આટલી ચોકસાઈથી લખી શકાય. ''મારિયાએ આ બધી બાબતો પોતાના મનમાં સંઘરી રાખી'' (લૂક ૨ : ૧૯, ૫૧ નવો અનુવાદ). એ મનમાં સંઘરી રાખેલી વાતો તેમની પાસેથી સાંભળીને વૃત્તાંતમાં લખી લેવા માટે કહેવાય છે કે સંત લૂકે સાત વખત માતા મારિયાની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. વૃત્તાંત સાંભળતાં સાંભળતાં પોતાની પ્રભુની માતાના વ્યક્તિત્વની અમર છાપ સંત લૂક ઉપર પડી તે તેમણે ચિત્રમાં ઉતારી. તેઓ એક સારા ચિત્રકાર પણ હતા. છઠ્ઠા સૈકાના સમર્થ ઈતિહાસકાર થિયોડોર લેકટરને ટાંકીને ચૌદમા સૈકાના સંત થોમાસ એકવીનાસે આ બાબતને સમર્થન આપ્યું છે. થિયોડોર લેક્ટર લખે છે કે, સંત લૂકનું દોરેલું માતા મારિયા - મેડોના - નું મૂળ ચિત્ર રાણી યુદોક્ષિયાના સંગ્રહમાં હતું. તે રાણી પાછળથી એક લાંબી યાત્રામાં ગઈ ત્યારે તેણે પોતાની નણંદ પુલકેરિયા - જે રાજા થિયોડોસિયસ બીજાની પત્ની હતી - તેને આ ચિત્ર આપ્યું હતું. પરંપરાથી આમ માતા મેડોનાનું ચિત્ર જળવાઈ રહ્યું છે.

વનવિસ્તારમાં પરોઢ થાય ત્યારે સૂર્યના આગમન પહેલાં પક્ષીઓ ગુંજન કરી ઊઠે છે તેવી રીતે ''ન્યાયીપણાનો સૂર્ય'' (માલાખી ૪ : ૨) પ્રભુ ઈસુના આગમનની વધામણીમાં માતા મારિયા અને અન્ય અંતરંગ ભાવિકો પણ ''સ્વાગતનાં ગીતો'' ગાવા લાગ્યાં. આવાં ચાર પ્રાચીન ગીતો ફક્ત સંત લૂકના વૃત્તાંતમાં જ જળવાઈ રહ્યાં છે. તેમાંનું પ્રથમ ગીત તે માતા મારિયાનું પ્રખ્યાત ગીત Magnificat (લૂક ૧ : ૪૬-૫૫). આ ગીતને આર્લેસના સંત સિઝરે ખાસ મહત્ત્વ આપીને ઈ.સ. ૫૪૭ માં ખ્રિસ્તી જાહેર ભક્તિસભામાં દાખલ કર્યું. માતા મારિયાનું આ ગીત જૂના કરારના શમૂએલ પ્રબોધકની માતા હાન્નાના ગીત સાથે અજબ સામ્ય ધરાવે છે (૧ શમૂએલ ૨ : ૧-૧૦). તે ઉપરથી માતા મારિયાનું પવિત્ર શાસ્ત્રનું જ્ઞાન અને શ્રદ્ધા જણાઈ આવે છે. સંત

લૂકે માતા મારિયાનું આ સ્વસંબોધન કેવી રીતે જાણ્યું? તેથી સંત લૂકના વૃત્તાંતોમાંની માતા મારિયા વિષેની બાબતો તેમની મારિયા સાથેની પ્રત્યક્ષ મુલાકાતોને આભારી છે એમ જરૂર માની શકાય.

સંત માથ્થીએ આપેલું વૃત્તાંત ટૂંકું હોવા છતાં ઉત્તમ અને અદ્વિતીય છે. તેમના વૃત્તાંત ઉપરથી જ દેવદૂત ગ્રાબીએલ અને યૂસફનો સંવાદ જાણી શકાયો છે. અન્યથા આટલો અગત્યનો પ્રસંગ અજાણ્યો જ રહ્યો હોત. યહૂદી નિયમશાસ્ત્ર પ્રમાણે વિવાહિત કન્યા અન્ય પુરુષથી લગ્નપૂર્વે ગર્ભવતી થાય તો તેને નગરના દરવાજે પથ્થર વડે મારી નાખવી તેવો આદેશ હતો (પુનર્નિયમ ૨૨ : ૨૩-૨૪). વિવાહિતા મારિયા વિશિષ્ટ છતાં દિવ્ય સંજોગો દ્વારા આવા આકરા નિયમની ચુંગાલમાં આવી ગઈ હતી! તેથી આવી ગેરસમજ દૂર કરવા દેવદૂત ગ્રાબીએલ અને યૂસફની મુલાકાત અનિવાર્ય જ હતી. ફક્ત સંત માથ્થી જ આ મુલાકાત નોંધે છે (માથ્થી ૧ : ૨૦-૨૧).

પુરાતન કાળના પ્રબોધકોએ ભવિષ્યવાણી ભાખી હતી કે, યહૂદીઓનો મસીહા એક કુંવારી કન્યાના પેટે અવતરશે (માથ્થી ૧ : ૨૨-૨૩), એવી કન્યાની પસંદગી માતા મારિયા ઉપર ઊતરી (લૂક ૧ : ૪૮). હિબ્રૂ નિયમગણના પ્રાચીન ગ્રંથ "તાલ્મુદ"માં એવું લખવામાં આવ્યું છે કે ચાર પ્રકારના લોકો જીવંત છતાં મૃત ગણવા : અંધજન, રક્તપિત્તથી પીડાતા રોગિષ્ઠ જન, દરિદ્રી જન અને નિઃસંતાન વ્યક્તિ. માતા મારિયા આમાંથી ત્રીજા પ્રકારમાં આવી જાય, તેથી તેમની પસંદગી કરીને ઈશ્વરે તેમની દીનાવસ્થાને ઉચ્ચપદે મૂકી દીધી તેથી તેઓ ધન્યતા અનુભવતાં જણાય છે (લૂક ૧ : ૫૨-૫૩). વળી એ જ "તાલ્મુદ" ગ્રંથ પ્રમાણે ઈશ્વરના બે પ્રમુખદૂતો ગ્રાબીએલ અને મીખાએલ માટે જુદાં જુદાં કાર્યો ઠરાવેલાં છે. ગ્રાબીએલ "દયાનો એલચી" ગણાય છે તેથી તેને બે પાંખે ઝડપથી ઊડવાની શક્તિ આપવામાં આવી છે, જ્યારે મીખાએલ "ન્યાયનો એલચી" ગણાય છે.

તે ધીમેથી એક પાંખે જ ઊડે છે. કદાચ દયાથી ભરપૂર કૃત્યની જાણ કરવા યૂસફ તથા માતા મારિયા પાસે ગ્રાબીએલને જ મોકલવાનું આ



ચિત્ર ૨૦ : પવિત્ર પરિવાર

પ્રયોજન હોઈ શકે (લૂક ૧ : ૨૬). એ જ ગ્રાબીએલ દૂતે યોહાન બાપ્તિસ્તના જન્મની વધામણી પુરોહિત ઝખાર્યાને આપી હતી (લૂક ૧ : ૫-૨૫. ૩૯-૮૦). યોહાન બાપ્તિસ્તની માતા એલીસાબેતને આ મારિયા સાથે સગપણ હતું.

આમ ગાલીલ પ્રાંતના નાઝારેથ ગામમાં રહેતી મારિયા અથવા મેરી અથવા મરિયમ એક નમ્ર અને ચુસ્ત યહૂદી પરિવારમાં ઉછેર પામેલી, સંસ્કારી, ધર્મભીરુ અને પ્રાર્થનાપરાયણ યુવતી હતી. દાઉદ રાજા વંશમાં લેવી કુળમાં તે જન્મી હતી (માથ્થી ૧ : ૧૮-૨૫. લૂક ૧ : ૨૬-૨૮. ૨ : ૧-૭).

સંત યોહાન મારિયા વિષે ફક્ત અછડતી ઝલક જ આપે છે. તેમના વૃત્તાંતમાં માતા મારિયાનું પ્રથમ દર્શન કાના ગામમાં લગ્નપ્રસંગે થાય છે (યોહાન ૨ : ૧-૧૨). ઈસુનો સમય હજી આવ્યો નહોતો છતાં માતા તરફના પ્રેમને લીધે તેમણે પ્રથમ ચમત્કારની અહીંથી જ શરૂઆત કરી. ઈસુએ કહ્યું હતું કે "જેઓ ઈશ્વરનું વચન સાંભળે છે અને તેનું પાલન કરે છે તે જ મારી માતા અને ભાઈઓ છે" (માર્ક ૩ : ૩૫. લૂક ૧૧ : ૨૮). માતા મારિયા તો ઈશ્વરના વચનને ખૂબ વિશ્વાસપૂર્વક માનતાં હતાં (લૂક ૧ : ૩૭) તેથી આધ્યાત્મિક રીતે પણ માતા મારિયા ઈસુની માતા થવાને પસંદગી પામ્યાં હતાં. આ પ્રસંગે માતા મારિયાનો આગ્રહ વધુ પડતો હતો તેમ સંત જહોન ક્રિસ્તોસ્તોમનું માનવું છે. "કદાચ સ્રીસ્વભાવ પ્રમાણે અધિક મહત્ત્વાકાંક્ષાને લીધે તથા પોતાના પુત્રની દિવ્યતા સમાજને દર્શાવવા માટે માતા મારિયા અહીં વધુ પડતી ઉત્સુક જણાય છે."

લોકો તરફથી જ્યારે જ્યારે પોતાની માતા માટે ધન્યતા ઉચ્ચારવામાં આવતી, ત્યારે ત્યારે ઈસુ અચૂક નિષેધ ફરમાવતા તેવું તેમના કથન ઉપરથી જણાય છે (લૂક ૧૧ : ૨૭-૨૮).

સંત યોહાને પોતાનું વૃત્તાંત ખૂબ પાછળથી લખ્યું હતું. તેમનાં વૃત્તાંતોનું દૃષ્ટિબિંદુ અગાઉનાં ત્રણેય વૃત્તાંતોથી ભિન્ન હતું. તેથી તેઓ જણાવે છે કે "જો બધી જ (બાબતો) એક પછી એક નોંધવામાં આવે તો મને લાગે છે કે જે પુસ્તકો લખાય તેનો સમાવેશ આખી દુનિયામાં પણ થઈ શકે નહિ" (યોહાન ૨૧ : ૨૫ નવો અનુવાદ). ઈસુના મૃત્યુ પછી પહેલી સદીમાં આવું જ બન્યું. ઈસુ અને તેની આજુબાજુના સંદર્ભો ઉપર ઘણાં પુસ્તકો અને વિવિધ હેતુથી લખાયેલાં અસંખ્ય લખાણોનો રાફડો ફાટી નીકળ્યો. ચારેય શુભસંદેશમાં ગોપિત રખાયેલી હકીકતો ઉપર લખાણો થવા લાગ્યાં. પૂર્વની આધ્યાત્મિકતાના તત્ત્વજ્ઞાન પ્રમાણે દિવ્ય પુરુષ ઈસુના જન્મ અને જીવનની આજુબાજુ રહસ્યો અને

ચમત્કારોની ગૂંથણી થવા લાગી. સત્યાસત્યની તારવણીમાં ગૂંચવાડો ઊભો થાય એટલી હદે આ સાહિત્ય ચર્ચાસ્પદ બન્યું. ધર્મજ્ઞાનના તત્ત્વવેત્તાઓનાં પરસ્પર વિરોધાભાસી મંતવ્યોનું તુમુલ શાબ્દિક યુદ્ધ જ જામી પડ્યું. આવા સાહિત્યને ધર્મગ્રંથના પવિત્ર સંગ્રહ Holy Canon માં સમાવેશ કરવા - ન કરવા - અંગે વિવાદ જામી પડ્યો. આવું સાહિત્ય Aprocrypha (એપ્રોક્રિફા = અપ્રમાણભૂત ધર્મગ્રંથ) તરીકે ઓળખાય છે. મહદઅંશે આ સાહિત્યમાં માતા મારિયા અને ઈસુના બાળપણ વિષે અતિશયોક્તિની હદે વિગતો આપવામાં આવી છે. આવા સાહિત્યમાં મુખ્ય નીચે મુજબ છે :

(૧) "મારિયાનું જન્મવૃત્તાંત" અથવા Protevangelium Jacobi નામનું લખાણ ઈ.સ. ૧૫૫૨માં ઈસ્તંબૂલના પોસ્ટેલ ગીલામ નામની વ્યક્તિને મળી આવ્યું હતું. તેના લખાણ અને સંદર્ભો ઉપરથી તે લગભગ ઈ.સ. ૧૩૦ ની આસપાસ લખાયું હશે તેમ જણાય છે. દંતકથા પ્રમાણે ઈસુના ભાઈ અને યરુશાલેમના પ્રથમ બિશપ યાકૂબ દ્વારા આ લખવામાં આવ્યું હતું. તે મુજબ મારિયાના પિતાનું નામ યહોઆકીમ અને માતાનું નામ આન્ના હતું. ત્રણ વર્ષની વયે બાળકી મારિયાનું મંદિરમાં અર્પણ કરવામાં આવ્યું હતું. કેથલિક ખ્રિસ્તીઓ એ ધન્ય દિવસ નવેમ્બર ૨૧ના રોજ ઊજવે છે. સંત યહોઆકીમનો દિવસ ઓગસ્ટ ૧૬ તથા સંત આન્નાનો દિવસ જુલાઈ ૨૬ ના રોજ ઊજવવામાં આવે છે. અન્ય વિગતો કલ્પનાસભર છે.

(૨) "મારિયાનો જન્મ અને ઈસુનું બાળપણ" અથવા Gospel of Pseudo – Matthew.

(૩) યશાયાનું સ્વર્ગારોહણ

(૪) બાળપણની સુવાર્તા

(૫) સંત થોમાસની સુવાર્તા

(૬) સંત નિકોદેમાસની સુવાર્તા

(૭) પરમપવિત્ર મારિયાના મૃત્યુનું વૃત્તાંત

(૮) સુથાર યૂસફનો ઈતિહાસ

આમ માતા મારિયાના સંદર્ભમાં ઘણું સાહિત્ય પ્રચલિત થવા માંડ્યું. આ દિશામાં પહેલ કરનાર બિશપ ઈરેનિયસ હતા. (ઈ.સ. ૨૦૨). તે પહેલાં મહાન શહીદ જસ્ટીને ઈ.સ. ૧૬૫માં થોડાં લખાણો લખ્યાં હતાં. ક્રમે ક્રમે કેથલિક પંથમાં માતા મારિયાનું સ્થાન દિવ્યતા તરફ જવા લાગ્યું. ઈ.સ. ૪૩૧ માં એફેસસ નગરમાં બિશપોની કાઉન્સિલ ભરાઈ તેમાં માતા મારિયાને ''ઈશનજનેતા'' (Theotokos) તરીકે સત્તાવાર જાહેરાત કરાઈ. ત્યારથી ''ધન્ય કુમારિકા મારિયા'' (Blessed Virgin Mary) ની પદ્ધતિસર ભક્તિ થવા લાગી.

પ્રોટેસ્ટંટ મત પ્રમાણે બાઈબલના ચૌદ આધારભૂત સંદર્ભો સિવાયની અન્ય માહિતી ઉપર આધારિત માતા મારિયાની ભક્તિ બાઈબલના શિક્ષણ સાથે સુસંગત ન હોવાથી અપનાવી શકાય નહિ.

બાઈબલ પ્રમાણે પ્રભુ ઈસુના મૃત્યુ પછી માતા મારિયાની સોંપણી સંત યોહાનને કરવામાં આવી હતી (યોહાન ૧૯ : ૨૭) તેથી તેઓ સંત યોહાનના ઘેર જૈતૂન પર્વત ઉપર રહેતાં હતાં. છેલ્લે તેઓ ''ઉપલી મેડી'' માં જણાય છે (પ્રે. કૃ. ૧ : ૧૨-૧૪). અહીં પચાસમાના દિવસે તેમને અન્ય શિષ્યો સાથે પવિત્ર આત્માનો અભિષેક થયો. આમ એક માતા પોતાના જ પુત્રની શિષ્યા બની. ધન્ય જીવનનો ધન્ય અંત આવ્યો તેમ કહી શકાય. ★

# ૧૨. રાણીનો ખજાનો

જળપ્રલય બાદ નૂહના ત્રણ દીકરાઓ દ્વારા પૃથ્વી પુનઃ માનવવસ્તીથી ભરપૂર બની. પ્રથમ દીકરો શેમ જેના વંશ દ્વારા સેમેટિક એટલે યહૂદી પ્રજા ઊતરી આવી. બીજો દીકરો હામ તેના દ્વારા પૃથ્વીની અન્ય પચરંગી પ્રજા ઉત્પન્ન થઈ, અને ત્રીજો દીકરો યાફેથ. બાઇબલમાં જે પ્રજા વિદેશી તરીકે ઓળખાય છે તે પ્રજા યાફેથના વંશમાં ઊતરી આવેલી મનાય છે.

વધતી વસ્તી સાથે પાપનું ભારણ પણ વધતું ગયું. ઈશ્વરની નિઃસીમ કૃપા વડે સર્વ માનવજાત માટે તારણોપાયની રહસ્યમય યોજના ઘડવામાં આવી. આ યોજનાની રૂપરેખા "પ્રેરિતોનાં કૃત્યો"ના પુસ્તકમાં મળી આવે છે.

પ્રે. કૃ. ૮ માં હબસી ખોજાના બદલાણની વાત આવે છે. હબસી ખોજો તે પચરંગી પ્રજા એટલે હામના વશંજોનો પ્રતિનિધિ છે. પ્રે. કૃ. ૯માં શાઉલના બદલાણની વાત છે. શાઉલ યહૂદી હતો એટલે તે શેમના વંશજોનો પ્રતિનિધિ છે જ્યારે પ્રે.કૃ. ૧૦ માં વિદેશી કર્નેલ્યસના બદલાણની વાત છે જે યાફેથના વંશજોનો પ્રતિનિધિ છે. આમ ત્રણ આગેવાન પ્રજાના ત્રણ પ્રતિનિધિનાં બદલાણો દ્વારા ઈશ્વર એવું દર્શાવવા માગે છે કે પાપમુક્તિની આ યોજના સર્વ માનવજાત માટે કોઈપણ જાતના પક્ષપાત વગર યોજવામાં આવી છે.

પ્રે. કૃ. ૮ માં ઉલ્લેખિત હબસી ખોજો ઇથિયોપિયાની રાણી કેન્ડેઈસ (કાંડાકે) નો ખજાનચી હતો તે ઉપરથી કહી શકાય કે તે વિદ્વાન, વિશ્વાસુ અને પૈસાપાત્ર હશે. જૂના કરારમાં ઇથિયોપિયાના પ્રદેશને "કૂશ" તરીકે ઓળખાવવામાં આવેલો છે. આ ફળદ્રુપ પ્રદેશ

ઈજિપ્તની નાઈલ નદીની ઉપરવાસની ખીણોને આવરી-લેતો પ્રદેશ છે. ઈ.સ.પૂર્વે ૬૩૦ માં મનાશ્શેહના સમયમાં તેણે ઈજિપ્તના રાજા



ચિત્ર ૨૧ : ઈથિયોપિયાનો હબસી ખોજો અને સંત ફિલિપ
(પ્રે. કૃ. ૮ : ૨૬-૪૦)

આમોનીખસ સાથે કરાર કરીને ઈજિપ્તના રાજ્યની સરહદોનું રક્ષણ કરવા ઘણા યહૂદીઓ આ પ્રદેશમાં મોકલ્યા હતા. તેઓ આ કૂશવાસીઓ સાથે સારી રીતે ભળી ગયા હતા. સફાન્યા પ્રબોધકે આ "વિખેરી નંખાયેલા" યહૂદીઓને પાછા બોલાવવા માટેની ભવિષ્યવાણી સ્પષ્ટ ઉચ્ચારી છે (સફાન્યા ૩ : ૧૦).

પ્રબોધક યિર્મેયાના સમયમાં પણ કૂશવાસીઓની કૂણી લાગણી યહૂદીઓ ઉપર હતી તે જોઈ શકાય છે. અહીં હબસી ખોજો એબેદ-મેલેખ યિર્મેયા પ્રબોધકનો જીવ બચાવે છે (યિર્મેયા ૩૮ : ૮-૧૩.

૩૯ : ૧૬-૧૮). આવાં સારાં કૃત્યોને લીધે કૂશ (ઇથિયોપિયા)નો પ્રદેશ ઈશ્વરની નજરમાં કૃપાપાત્ર બન્યો (ગીતશાસ્ત્ર ૮૭ : ૪). ઈશ્વરની યોજના ધીમે ધીમે સાકાર બનવા લાગી, અને વર્ષો બાદ ઇથિયોપિયા માટે ગીતકર્તાએ ભવિષ્યવાણી નોંધી : ''મિસરમાંથી અમીરો આવશે; કૂશ દેશ જલદી ઈશ્વર આગળ હાથ જોડશે'' (ગીતશાસ્ત્ર ૬૮ : ૩૧).

આ અગમ્ય ભવિષ્યવાણીની સત્યતાને સાકાર કરવા જ ઇથિયોપિયાની રાણીના ખજાનચી એવા આ હબસી ખોજાને યરુશાલેમની યાત્રાની દૈવી પ્રેરણા થઈ હશે. કર્નેલ્યસની જેમ જ આ ખોજો પણ ધાર્મિક, આસ્થાવાન અને દાનવીર હશે (પ્રે. કૃ. ૧૦ : ૨૦). આ ખોજાના હક્કમાં યહોવાની કૃપા આશ્ચર્ય પમાડે તેવી છે. કારણ કે ખોજાને દેવની મંડળીમાં પ્રવેશ આપવો જ નહિ એવું સ્પષ્ટ ફરમાન જૂના કરારમાં છે (પુનર્નિયમ ૨૩ : ૧). પરંતુ દેવની કૃપાનો વિસ્તાર યશાયાનાં વચનોમાં જોઈ શકાય છે : ''જે ખોજાઓ મારા સાબ્બાથો' પાળે છે, ને જે બાબતો મને ગમે છે તે પસંદ કરે છે, ને મારા કરારને વળગી રહે છે, ....તેમને તો હું મારા મંદિરમાં .... ઉત્તમ સ્મારક તથા નામ આપીશ'' (યશાયા ૫૬ : ૪-૫). આ કૃપાને અનુલક્ષીને પ્રભુ ઈસુએ નવા કરારમાં ખોજાની વ્યાખ્યામાં ઘટતી છૂટછાટ મૂકી હતી (માથ્થી ૧૯ : ૧૨).

મુક્તિપ્રાપ્તિ અને નવજીવનની યોજનાના એક ભાગરૂપે ખોજો યરુશાલેમ આવી પહોંચ્યો. આવીને તે સુલેમાન રાજાએ બંધાવેલા મંદિરમાં ગયો હશે. મંદિરમાં તેણે ભાવપૂર્વક પ્રાર્થના અને ભજન કર્યું હશે. ઈ.સ. પૂર્વે ૯૭૦માં આ મંદિરની પ્રતિષ્ઠાપનક્રિયા વખતે સુલેમાન રાજાએ આ મંદિર માટે આ પ્રમાણે પ્રાર્થના કરી હતી : ''પરદેશીઓ કે જે તારા ઇઝરાયલ લોકમાંના નથી તે જ્યારે તારા નામની ખાતર દૂર દેશથી આવે.... અને તે આવીને આ મંદિર

ભણી [મુખ ફેરવીને] પ્રાર્થના કરે; ત્યારે.... તે સાંભળીને જે સઘળી બાબત વિષે તે પરદેશી તારી પ્રાર્થના કરે, તે પ્રમાણે તું કરજે" (૧ રાજા ૮ : ૪૧-૪૩).

આ પરદેશી ખોજાની પ્રાર્થના સાંભળવામાં આવી હશે. તેણે યરુશાલેમમાં કદાચ ધર્મના આગેવાનોની અને બીજી રાજકીય વ્યક્તિઓની મુલાકાત પણ કરી હશે. યરુશાલેમમાંથી તેણે યશાયા પ્રબોધકનાં વચનોનું ઓળિયું પણ મેળવ્યું હશે. હવે પોતાના વતન તરફ પાછા જવા તેનો રથ ગાઝાહના રસ્તે વળ્યો હશે. રથમાં બેસીને હવે તે પેલું ઓળિયું વાંચી રહ્યો હતો. પરંતુ તેની સાંભળવામાં આવેલી પ્રાર્થનાના પરિણામ વિષે હજી પણ તે અજાણ હતો. ગાઝાહ નજીક આવી રહ્યું હતું.... ગ્રીક ભાષામાં ખજાના માટે "ગાઝાહ" શબ્દ છે. આ શબ્દનું મૂળ ફારસી ભાષામાં છે. બાઈબલના સપ્તતિ તરજુમામાં "ગાઝાહ" શબ્દનો તરજુમો "ખજાનો" કરવામાં આવ્યો છે (એઝરા ૫ : ૧૭. ૬ : ૧. ૭ : ૨૦. યશાયા ૩૯ : ૨. લૂક ૨૧ : ૧). અહીં એક સુખદ યોગાનુયોગ દેખાય છે. યરુશાલેમથી ભજન કરીને "ખજાના" (ગાઝાહ) વાળા રસ્તે રાણીનો આ ખજાનચી પાછો ફરી રહ્યો હતો. પરંતુ તેને થોડી જ વાર પછી આપવામાં આવનાર "આત્મિક ખજાના" થી તે અજાણ હતો! કારણ કે "આકાશનું રાજ્ય ખેતરમાં સંતાડેલા દ્રવ્ય જેવું છે; કે જે એક માણસને જડ્યું" (માથ્થી ૧૩ : ૪૪).

સમય પાકી ગયો હતો તેથી પ્રભુનો સેવક ફિલિપ પવિત્ર આત્માની પ્રેરણાથી આ ખોજા પાસે આવી પહોંચે છે, અને આત્મિક ખજાનો આ ખજાનચીને આપવામાં આવે છે. યરુશાલેમથી ૨૦ માઈલ દૂર તથા હેબ્રોનથી લગભગ બે માઈલ દૂર આવેલા બેથ-સુર (૨ કાળવૃત્તાંત ૧૧ : ૭) સ્થળ પાસેના ઐન-એદધીરવેહ નામના ઝરામાં આ ખોજાનું બાપ્તિસ્મા કરવામાં આવ્યું. પચરંગી પ્રજા -

હામના વંશજો - માટે પ્રભુની મંડળીનાં દ્વાર ખોલી નાખવામાં આવ્યાં. આજે આ જગ્યા બેઈત-સુર નામે ઓળખાય છે.

ઇતિહાસકાર યુસેબિયસ નોંધે છે કે ઉલ્લાસિત હૃદયે, આત્મિક ખજાના સાથે ઇથિયોપિયાની રાણીનો આ ખજાનચી પોતાના વતનમાં પાછો ફર્યો હશે, અને તેના જીવનના અંત સુધી વતનમાં સુવાર્તા પ્રગટ કરી હશે. આજે પણ ઇથિયોપિયાની ખ્રિસ્તી મંડળી વિશ્વાસમાં દૃઢ છે અને આત્માથી ભરપૂર છે તે આ ખજાનચી અને ગાઝાહના રસ્તે તેણે મેળવેલા "ખજાના" ને આભારી છે. ★

# ૧૩. એફેસસ નગર

એફેસસ એટલે એશિયા માઈનર (હાલનું તુર્કસ્તાન) પ્રાંતનું મુખ્ય નગર. કેઈસ્ટર નદીના મુખ ઉપર સમુદ્રકિનારે વસેલું એફેસસ એટલે "બદલાતું નગર." સમુદ્રકિનારે વસેલું હોવાથી ભરતીઓટને કારણે નગરની સ્થાનિક ભૂગોળ વારંવાર બદલાઈ જતી હતી. ઈ.સ. પૂર્વે ૫૬૦માં રાજા કારાસીસે આ નગરની જૂની વસાહત જીતી લઈ, નવા સ્થળે તેને વસાવ્યું. ત્યાર પછી ઈ.સ. પૂર્વે ૩૩૫ માં હેલેની રાજા લુસિમાકસે તેને જીતી લઈ અન્ય સ્થળે વસાવ્યું. આધ્યાત્મિક બાબતોમાં પણ તે "બદલાતું નગર" હતું. જેમ રાજા બદલાય તેમ પ્રજાની માન્યતા પણ બદલાતી. રોમન અને હેલેની માન્યતાઓ પ્રચલિત હતી. રોમન મેજિસ્ટ્રેટની વડી કચેરી અને મુખ્ય અદાલત આ નગરમાં હતી. તેના ધીકતા વેપાર અને અપાર સમૃદ્ધિથી પંકાયેલું આ નગર એશિયા માઈનરનું "ખજાનાગૃહ" ગણાતું હતું.

ધાર્મિક દૃષ્ટિએ આખા પ્રાંતમાં અને તે સમયની દુનિયામાં મશહૂર એવી આર્તેમિસ દેવી (ગ્રીક - ડાયેના) નું ભવ્ય મંદિર આ નગરની મધ્યમાં આવેલું હતું. ૪૨૫ ફૂટ લાંબું, ૨૨૦ ફૂટ પહોળું અને ૬૦ ફૂટ ઊંચું, આ મંદિર નગરની ભવ્યતામાં વધારો કરતું હતું. બંદર ઉપરથી શહેરના મધ્ય ભાગમાં જવા માટે ઊંચા ઊંચા કોતરણીવાળા થાંભલાઓ વચ્ચેથી ૭૦ ફૂટ પહોળો રસ્તો પસાર થતો હતો.

આ ભવ્ય મંદિરમાં પ્રસ્થાપિત આર્તેમિસ દેવીની પ્રતિમા વિષે દંતકથા હતી કે તે મૂર્તિ સીધી આકાશમાંથી શુક્ર ગ્રહ ઉપરથી અહીં આવી પડી હતી (પ્રે. કૃ. ૧૯ : ૩૫). ભૂસ્તરવિજ્ઞાનની ચકાસણી પ્રમાણે મૂર્તિનો પથ્થર એક ખરતા તારા - ઉલ્કાનો અવશેષ હતો.

કંડારેલી સ્ત્રીમૂર્તિને છાતી ઉપર બે કરતાં વધુ સ્તન હતાં, કારણ કે આ "ફળદ્રુપતાની દેવી" હતી. આખા પ્રાંતમાં તેના ઉત્સવો ઊજવાતા



ચિત્ર ૨૨ : આર્તેમિસ દેવીની પ્રતિમા
(એફેસસ નગરમાં ખોદકામ દરમ્યાન મળી આવેલી)

તથા સામૂહિક પૂજા થતી, તેથી તે સમયના ચલણી સિક્કા ઉપર એફેસસ નગર માટે "પૂજનારું" (worshipper) એવો માનવાચક શબ્દ કોતરવામાં આવ્યો હતો.

આવા સ્થળે ધાર્મિક અંધશ્રદ્ધા પણ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે. અહીં "એફેસી પત્રો" નામે જાણીતા જાદુઈ મંત્રો વિષે અંધશ્રદ્ધાનો

ફેલાવો થયો હતો. આ જાદુઈ મંત્રોનાં તાવીજ-માદળિયાં પહેરવાથી સફળતા મળે એવી અંધશ્રદ્ધાને લીધે તેનું ધૂમ વેચાણ થતું હતું. પાછળથી સંત પાઉલે આ બધું સાહિત્ય બાળી નંખાવ્યું હતું (પ્રે. કૃ. ૧૯ : ૧૯).

આવા બહુરંગી નગરમાં ખ્રિસ્તી ધર્મની શરૂઆત પણ રોમાંચક રીતે થઈ. ઈ.સ. ૫૧માં સંત પાઉલની બીજી યાત્રા દરમ્યાન કરિંથ નગરમાં રોમથી આવેલા એક યહૂદી યુગલ આકુલા-પ્રિસ્કીલાની તેમને ઓળખાણ થઈ (પ્રે. કૃ. ૧૮ : ૧-૩). સંત પાઉલ અને આ યુગલ એક જ પ્રકારનો વ્યવસાય (તંબુ બનાવવાનો) કરતાં હતાં તેથી કદાચ સંત પાઉલ તેમના મહેમાન બન્યા. બાકીના સમયમાં સુવાર્તાપ્રચારના કાર્યમાં સંત પાઉલને આ યુગલ ખૂબ સહાયરૂપ હતું. હવે પછીની પ્રચારયાત્રામાં આ યુગલ પણ જોડાયું, તેથી તેમને એફેસસ બંદર ઉપર ઉતારવામાં આવ્યાં (પ્રે. કૃ. ૧૮ : ૧૯). આમ એફેસસના પ્રથમ ખ્રિસ્તી યુગલ તરીકે આકુલા-પ્રિસ્કીલાનું નામ ઈતિહાસમાં લખાઈ ગયું.

ઈ.સ. ૫૨ ની વસંતઋતુમાં એલેકઝાન્દ્રિયાનો વતની એક યહૂદી વિદ્વાન એપોલોસ એફેસસમાં આવ્યો. તે પયગંબર મૂસાના નિયમશાસ્ત્રમાં પ્રવીણ હતો, તેમ જ યોહાનના બાપ્તિસ્મા વિષે પણ જાણતો હતો. યહૂદી સભાસ્થાનમાં પ્રબોધ કરતા એપોલોસને આ યુગલ આકુલા-પ્રિસ્કીલાએ સાંભળ્યો. પછી પોતાને ઘેર આમંત્રણ આપી તેને ઈસુના શુભસંદેશની સમજ આપી (પ્રે. કૃ. ૧૮ : ૨૪-૨૬). આમ એફેસસમાં સુવાર્તાનાં પ્રથમ બીજ વવાયાં. ત્યાર પછી એપોલોસ પાછો કરિંથ જતો રહ્યો (૧ કરિંથી ૩ : ૬).

ત્રીજી પ્રચારયાત્રા દરમ્યાન સંત પાઉલ ઈ. સ. ૫૨ ની પાનખર ઋતુમાં ફરીથી એફેસસ આવ્યા. આ સમયમાં અગાઉ યોહાનનું બાપ્તિસ્મા પામેલા બાર શિષ્યો સમક્ષ તેમણે સુવાર્તા પ્રગટ કરીને ખ્રિસ્તી મંડળીનો પ્રથમ પાયો નાખ્યો (પ્રે. કૃ. ૧૯ : ૧-૭). અહીં ત્રણ માસ સુધી સંત

પાઉલ યહૂદીઓના સભાસ્થાનમાં બોધ કરતા રહ્યા. પછી યહૂદીઓનો વિરોધ વધવાથી તેમણે એ સ્થાન છોડીને "તુરાનસની શાળા" નામના સ્થાનમાં આશ્રય લીધો (પ્રે. કૃ. ૧૯ : ૯). આ શાળા વિષે રસપ્રદ માહિતી હવે ઉપલબ્ધ થઈ છે. રોમ શહેરમાં શહેનશાહ ઓગસ્ટસની રાણી લીવિયાની કબર આવેલી છે. ઈ.સ. ૧૭૨૬માં પુરાવિદ્યાના વિશારદોએ અન્ય સંશોધન માટે આ કબર ખોલી. તેમાંથી મળેલા લેખોમાં આ "તુરાનસની શાળા" વિષે ઉલ્લેખ છે. આ એક વૈદ્યકીય શાળા હતી. તેનો આગેવાન તુરાનસ તાર્સસનો રહેવાસી હતો. તેથી કદાચ સંત પાઉલના ગામનો હોવાના સંબંધે મિત્રભાવે તેમને પોતાની શાળામાં આશ્રય આપ્યો. ઈશ્વરવિદ્યાના નિષ્ણાતોએ અન્ય પૂર્વાપર સંદર્ભો ઉપરથી શોધી કાઢ્યું કે સંત લૂક આ વૈદ્યકીય વિદ્યાપીઠના વિદ્યાર્થી હતા. આ શાળાનું શિક્ષણકાર્ય ગરમ આબોહવાને કારણે બપોરે ૧ થી ૪ સુધી બંધ રહેતું હતું. ત્યારે ખાલી પડેલા મકાનનો ઉપયોગ સંત પાઉલ બોધ કરવા માટે કરતા હતા. એફેસસના આ પ્રસંગ પછીનું વિવરણ ત્રીજા પુરુષ એકવચનને બદલે (પ્રે.કૃ. ૨૦ : ૭) પછી "અમે" સંબોધનથી લખાયું છે, એટલે કે "તુરાનસની શાળા"નાં બોધભાષણો બાદ તે જ શાળાનો વિદ્યાર્થી અને આ વિવરણનો લેખક સંત લૂક હવે સંત પાઉલ સાથે પૂર્ણસમયની સેવામાં જોડાઈ ગયા. આ મહાન જોડાણ એફેસસમાં થયું.

સતત બે વર્ષ સુધી સંત પાઉલે મંડળીની વૃદ્ધિ માટે આ નગરમાં પ્રયત્નો કર્યા. તેથી એફેસસ ઉપરાંત સમગ્ર ખીણપ્રદેશનાં અન્ય નગરોમાં સુવાર્તા પહોંચી (કોલોસી ૨ : ૧. ૧ કરિંથી ૧૫ : ૩૨. ૧૬ : ૮. પ્રકટી. ૧ : ૨૦). કાર્યક્ષેત્ર વિસ્તરવાથી તથા સંત પાઉલને આગળ યાત્રામાં જવાનું હોવાથી, એફેસસની મંડળીની સંભાળ માટે તેમણે ત્યાં તુખીકસને પાળક તરીકે નીમ્યા (૨ તિમોથી ૪ : ૧૨. એફેસી ૬ : ૨૧). એફેસસની વિદાય લેતાં સંત પાઉલે મંડળીના આગેવાનોને મીલેતસ

બંદર ઉપર ભેગા કર્યાં. ત્યાં તેમણે ખૂબ લાગણીસભર વિદાયવચનો ઉચ્ચારતાં કહ્યું : "... મારા ગયા પછી .... ક્રૂર વરુઓ તમારામાં દાખલ થશે;.... માટે જાગતા રહેજો" (પ્રે.કૃ. ૨૦ : ૨૮-૩૧).

પછીનાં વર્ષો ઈ.સ. ૫૫-૫૬ દરમ્યાન સંત પાઉલની યાત્રા રોમમાં થંભી ગઈ; કારણ કે તેમને રોમન સરકારે કેદ કરી લીધા. અહીંથી તેમણે એફેસસ મંડળીને પત્ર લખ્યો (એફેસી ૧ : ૧). એફેસસની મંડળી પાસે આધ્યાત્મિક ઊંચાઈની અપેક્ષા પ્રગટ કરતાં સંત પાઉલ લખે છે : "... [ખ્રિસ્તની પ્રીતિની] પહોળાઈ, લંબાઈ, ઊંચાઈ તથા ઊંડાઈ કેટલી છે તે સમજી શકો,.... સંપૂર્ણ થાઓ" (એફેસી ૩ : ૧૭-૧૯). સાથે જ મંડળીના હિતાર્થે પોતાના ધર્મપુત્ર સમાન યુવાન તિમોથીને તેમણે એફેસસ મોકલી આપ્યો. પાછળથી સંત ઇગ્નેશિયસ લખે છે : "એફેસસના પ્રથમ બિશપ સંત તિમોથી..." આમ તિમોથી એફેસસનો પ્રથમ બિશપ બન્યો.

દસ વર્ષ સુધી મંડળીની પ્રગતિ થતી ગઈ. પરંતુ પછીથી ધીમે ધીમે સંતુષ્ટ થઈ ગયેલી મંડળીનો આધ્યાત્મિક ઉત્સાહ મંદ પડી ગયો. મંડળીના હતોત્સાહ માટે આજુબાજુનું અખ્રિસ્તી વાતાવરણ તથા જૂઠા શિક્ષકોનો પગપેસારો કારણભૂત હતાં. આ સમય ઈ.સ. ૬૫ આસપાસનો હતો. રોમન ગાદી ઉપર શહેનશાહ નીરોનું રાજ હતું. એફેસસની મંડળી અગાઉની આધ્યાત્મિક ઊંચાઈ ઉપરથી ગબડી પડી હતી. છેલ્લાં કેટલાંક વર્ષોથી પ્રભુના શિષ્ય વયોવૃદ્ધ સંત યોહાન આ નગરમાં રહેતા હતા. તેઓ મંડળીની આધ્યાત્મિક પરિસ્થિતિથી સંપૂર્ણ વાકેફ અને વ્યગ્ર હતા. શારીરિક અશક્તિને લીધે તેમને ઊંચકીને મંદિરમાં લઈ જવા પડતા. ત્યાં તેઓ એક જ બોધ કરતા : "મારાં બાળકો, એકબીજા પર પ્રેમ રાખો." ત્યાંથી અંતિમ દિવસોમાં સંત યોહાન પાત્મસ બેટ ઉપર હતા ત્યારે વ્યગ્રતાથી તેઓ ખીણમાંથી સાત મંડળીઓની ચિંતા કર્યા કરતા હતા (પ્રકટી. ૧ : ૨૦).

તેમાંથી પ્રથમ મંડળી તે એફેસસ. પવિત્ર આત્માની પ્રેરણાથી એફેસસની મંડળી માટેનું પ્રભુ ઈસુનું ઉદ્‌બોધન સંત યોહાને (પ્રકટી. ૨ : ૧-૧૧) માં નોંધ્યું છે. તે સમયમાં સભાસ્થાનના પ્રમુખને "તારા" એવું સંબોધન કરવામાં આવતું (દાનિયેલ ૧૨ : ૩. યહૂદાનો પત્ર કલમ ૧૩. પ્રકટી. ૮ : ૧૦. ૧૨ : ૪). વળી મુખ્ય પાળક કે બિશપ તે મંડળીનો "દૂત" ગણાતો. આમ પ્રભુ ઈસુનો આ પત્ર ખરેખર બિશપ તિમોથીને લખેલો પત્ર કહી શકાય.

વારંવારની ચેતવણી અને અગ્રગણ્ય સંતોની દોરવણી હતી છતાં આ એક સમયની ભવ્ય મંડળીનું પતન થયું. તે સાથે જ એફેસસ નગરની પણ પડતીના દિવસો આવી ગયા. ચોથી સદી સુધીમાં આ નગર નામશેષ થઈ ગયું. ઈ.સ. ૪૩૧ માં પૌર્વાત્ય બિશપોની છેલ્લી સામાન્ય સભા આ નગરમાં ભરાઈ હતી. ત્યાર પછી ચૌદમી સદીમાં મેલેરિયાના સર્વવ્યાપી રોગચાળામાં ઘણીખરી પ્રજા નાશ પામી. તુર્ક પ્રજાએ એફેસસમાં લૂંટ ચલાવી. ભવ્ય શિલ્પો ઈસ્તંબૂલ ભેગા કરી દેવાયા. આમ આ મહાનગરનો અને મંડળીનો કરુણ અંત આવ્યો. તેના અવશેષોમાંથી કદાચ આજે પણ પ્રભુ ઈસુના એ સંબોધનોના પડઘા સંભળાતા હશે : "એ માટે તું જ્યાંથી પડ્યો છે તે યાદ કરીને પસ્તાવો કર, અને પ્રથમના જેવાં કામ કર... નહિ કરે તો તારી દીવીને તેની જગ્યાએથી હું ખસેડી દઈશ" (પ્રકટી. ૨ : ૫). ★

# ૧૪. ખ્રિસ્તી ધર્મનું પ્રાચીન પ્રતીક

સમુદ્રની સૃષ્ટિમાં માછલી કદાચ સૌથી સુંદર અને નિરુપદ્રવી જળચર પ્રાણી છે. ઉપયોગી પણ તેટલું જ છે. વિવિધ પ્રકારની માછલીના સંપૂર્ણ પરિચય માટે કદાચ આખું પુસ્તક લખવું પડે ! નાના બટનથી માંડીને મોટી સ્ટીમર જેટલું કદ ધરાવતી આ માછલી કવિથી વેપારી સુધી પ્રત્યેકના આકર્ષણનું કેન્દ્ર બની શકવાની ક્ષમતા ધરાવે છે. માછલીની શરીરરચના પણ અદ્‌ભુત કરામતોથી ભરપૂર છે. ખારા પાણીમાં રહેવા છતાં તેના શરીરમાં ક્ષારનું પ્રમાણ નહિવત્ છે. પાણી નીચે પ્રાણવાયુ મેળવવાની અજબ એવી વ્યવસ્થા હોય છે. વળી કેટલીક જાતોમાં દુશ્મન સામે રક્ષણ મેળવવા વિદ્યુતપ્રવાહ ઉત્પન્ન કરવાની શક્તિ પણ હોય છે.

બાઈબલમાં માછલીનો સવિશેષ ઉલ્લેખ જોવા મળે છે. આમ બાઈબલમાં એક વિશિષ્ટ પ્રકારનું સ્થાન ભોગવતી માછલી ઉત્સુકો માટે આશ્ચર્યજનક અભ્યાસ પૂરો પાડે છે. આધુનિક જીવવિજ્ઞાન અને બાઈબલ એ વાતમાં સંમત છે કે પૃથ્વી ઉપર સજીવ પ્રાણીસૃષ્ટિની શરૂઆત સમુદ્રમાંથી થઈ હતી. આ સજીવોમાં માછલી પ્રથમ હતી (ઉત્પત્તિ ૧ : ૨૧). સર્જનના પાંચમા દિવસે માછલીનું સર્જન થયું. બાઈબલમાં પાંચની સંખ્યા "કૃપા" દર્શાવે છે. પાંચની સંખ્યા એટલે દેવ તરફથી વિનામૂલ્યે ભેટ ! આમ ઈશ્વરે મનુષ્યજાતિ ઉપર કૃપા બતાવીને વિનામૂલ્યે આપેલી ભેટ એટલે માછલી. તેથી જ કદાચ મૂસાના નિયમશાસ્ત્ર પ્રમાણે માછલીને શુદ્ધ આહાર તરીકે માન્યતા આપવામાં આવી (લેવીય ૧૧ : ૯. માથ્થી ૭ : ૧૦).

મોટાં જળચર અને ભૂચર પ્રાણીઓની સરખામણીમાં નાનું અમથું

માછલું શી વિસાતમાં ? પરંતુ પ્રભુએ નાની નાની વસ્તુઓનો મહાન ઉપયોગ કર્યો છે. ઉદાહરણાર્થે :

મૂસાના હાથમાંની નાની લાકડી (નિર્ગમન ૪ : ૨), શામશૂનના હાથમાં ગધેડાનું જડબું (ન્યાયાધીશો ૧૫ : ૧૫), દાઉદના હાથમાં પાંચ સુંવાળા પથ્થર (૧ શમૂએલ ૧૭ : ૪૦), એક મુઠ્ઠી મેંદો અને થોડું તેલ (૧ રાજા ૧૭ : ૧૨), હથેલી જેટલું નાનું વાદળું (૧ રાજા ૧૮ : ૪૪), રાઈનો દાણો (માથ્થી ૧૩ : ૩૧-૩૨).

ગીતકર્તા દાઉદભક્ત કહે છે કે, "... સમુદ્રનાં માછલાં, હા, સમુદ્રમાં જે કંઈ ચાલે છે તે [બધું તેં તેની સત્તા નીચે મૂક્યું છે.]" (ગીતશાસ્ત્ર ૮ : ૮). તેથી જ્યારે જ્યારે આ નાના પ્રાણીની સેવાની પ્રભુને જરૂર પડી, ત્યારે ત્યારે પ્રભુએ તેનો યથાયોગ્ય ઉપયોગ કર્યો છે. પ્રાચીન નગર નીનવેહની પ્રજાના બચાવ માટે તથા દેવની સમક્ષતામાંથી નાસી છૂટેલા પ્રબોધક યૂના માટે દેવે માછલીનો ઉપયોગ કર્યો (યૂના ૧ : ૧૭). જૂના કરારની આ પ્રાચીન ઘટનાની કડી નવા સંદર્ભમાં પ્રભુ ખ્રિસ્ત દ્વારા સાંકળવામાં આવી, અને ખ્રિસ્તી ધર્મનું પાયારૂપ મૃત્યુ અને ઉત્થાનનો સંદેશ એ પ્રાચીન ઘટના સાથે સાંકળી લઈ, પ્રભુ દ્વારા માછલીને "સમયોનું ચિહ્ન" એવું ઉપનામ આપવામાં આવ્યું. પ્રભુ કહે છે કે, "આ પેઢીને યૂનાના ચિહ્ન સિવાય બીજું કોઈપણ ચિહ્ન આપવામાં આવશે નહિ" (માથ્થી ૧૨ : ૪૦. ૧૬ : ૩-૪).

આધુનિક સમયમાં જેમ આવકવેરાની વસૂલાત અર્થે દરોડા પાડવામાં આવે છે તેમ "પૃથ્વીના રાજા" પ્રભુ ઈસુ અને તેમના શિષ્ય પિતરને કાપરનાહૂમ નગરમાં મંદિરનો વેરો ભરવાનો પ્રશ્ન ઊભો થયો ! આવી કટોકટીની પળોમાં પ્રભુએ પોતાના નૈસર્ગિક સામ્રાજ્યના ભંડારમાંથી માછલીને યાદ કરી. આ અભૂતપૂર્વ ચમત્કાર દ્વારા શિષ્યને માછલીના મુખમાંથી વેરો ભરવા માટે નાણું મળ્યું (માથ્થી ૧૭ : ૨૭).


આ સ્થળે સ્વાભાવિક વિચારસાતત્ય સાથે એક આનુષંગિક પ્રશ્ન

થાય કે પ્રભુએ પોતાના પ્રથમ શિષ્યો તરીકે મત્સ્યોદ્યોગ સાથે સંબંધિત એવા માછીમારોને જ શા માટે પસંદ કર્યા હશે ? આ વિચારવર્તુળના પરિઘ ઉપર પ્રથમ પ્રભુ ઈસુએ આપેલી ઉપમા મૂકી શકાય : ''આકાશનું રાજ્ય જાળના જેવું છે કે જેને લોકો સમુદ્રમાં નાખી અને હરેક જાતનું તેમાં સમેટાયું'' (માથ્થી ૧૩ : ૪૭-૫૦). પયગંબર યશાયા કહે છે કે ''દુષ્ટો તોફાની સમુદ્રના જેવા છે'' (યશાયા ૫૭ : ૨૦) અને મનુષ્યનો આત્મા એ આ સમુદ્રમાં માછલી સમાન છે. પ્રભુ ખ્રિસ્તની મંડળીરૂપી જાળથી આ આત્મારૂપી માછલીને ખેંચવામાં આવે છે. આ પ્રકારની વિચારકણિકા પુરાતન એલેકઝાન્દ્રિયાની મંડળીના એક ભક્તિગીતમાં અત્યંત સુંદર રીતે વણી લેવામાં આવી છે. વળી યિર્મેયા પયગંબરનું ભવિષ્યકથન : ''હું ઘણા માછીઓને તેડાવીશ, ને તેઓ તેમને માછલાંની પેઠે પકડશે'' (યિર્મેયા ૧૬ : ૧૬) એ અજાયબ રીતે પૂર્ણ થાય એવી રીતે પ્રભુ આ માછીમારોને આહ્વાન આપે છે કે ''મારી પાછળ આવો, અને હું તમને માણસોના પકડનાર કરીશ'' (માથ્થી ૪ : ૧૯).

બીજો એક અગત્યનો ચમત્કાર માછલી સાથે સંકળાયેલો છે. પ્રભુ ઈસુના પ્રવચન દરમિયાન ભૂખ્યા શ્રોતાજનોને જમાડવાનો પ્રશ્ન ઊભો થયો હતો. શિષ્યો મૂંઝવણમાં હતા. લગભગ બાર હજાર જેટલી જનમેદનીમાં ફક્ત એક જુવાન પાસે તેનું ભાથું હતું જેમાં જવની પાંચ રોટલી તથા બે માછલી હતી. પ્રભુએ ચમત્કાર દ્વારા આ ભોજનને અખૂટ ભંડારમાં ફેરવી નાખ્યું, અને સર્વને જમાડ્યા તોપણ વધેલા ખોરાકની બાર ટોપલી ભરાઈ એવું ચારેય સુવાર્તિકો નોંધે છે (માથ્થી ૧૪ : ૧૯), એટલે કે પ્રભુએ બે માછલીમાંથી લગભગ ૪૦ હજારથી વધુ માછલી ઉત્પન્ન કરી, કારણ કે ''સમુદ્ર તથા માછલાં તેનાં છે'' (ગીતશાસ્ત્ર ૮ : ૮).

તિબેરિયસના સમુદ્રકિનારે શિષ્યોને આવા જ બીજા ચમત્કારનો અનુભવ થયો. નિષ્ફળતાની રાત્રિ બાદ પ્રભુના આદેશથી હોડીની

જમણી તરફ જાળ નાખવામાં આવી અને અસંખ્ય માછલી તેમાં ખેંચાઈ આવી (યોહાન ૨૧ : ૧-૧૩). અહીં ઉત્થાન પામેલા ખ્રિસ્તે પોતાના શિષ્યો સાથે પ્રથમ સમૂહભોજન લીધું જેમાં વાનગી હતી– **એક શેકેલી માછલી** (લૂક ૨૪ : ૪૨).



ચિત્ર ૨૩ : કાપરનાહૂમ નગરના પ્રભુમંદિરમાં
પાંચ રોટલી તથા બે માછલીના ચમત્કારનું ચિત્રનિરૂપણ.

પ્રભુના વિવિધ ચમત્કારોમાં સ્થાન પામી ચૂકેલી માછલી એટલે નિર્દોષતાનું પ્રતીક - ભોળાભાવે જાળમાં સપડાઈ જાય (સભા. ૯ : ૧૨. હબાક્કૂક ૧ : ૧૪-૧૭. આમોસ ૪ : ૨). માછલી એટલે નિર્મળતા, તરલતા અને શીતલ આહ્‌લાદક્તાનું પ્રતીક. મહાજ્ઞાની સુલેમાન પોતાની પ્રિયતમાની આંખને મત્સ્યકુંડ સાથે સરખાવે છે (ગીતોનું ગીત ૭ : ૪).

ભારતમાં સુંદર આંખોવાળી કન્યાને 'મીનાક્ષી'ની ઉપમા આપવામાં આવે છે.

ઈ.સ.ના પ્રથમ સૈકા દરમિયાન ખ્રિસ્તીઓમાં એક ધાર્મિક પ્રતીક તરીકે માછલીને સ્થાન આપવામાં આવ્યું હતું. રાજકીય અને સામાજિક સતાવણીથી ત્રસ્ત એવી ખ્રિસ્તી પ્રજા પોતાની પુરાતન મંડળીમાં ગુપ્ત ઓળખ માટે માછલીના પ્રતીકનો વિશિષ્ટ અને રહસ્યમય ઉપયોગ કરતા હતા. ઉત્પત્તિના પાંચમા દિને સર્જિત માછલીનો ગ્રીક ભાષાનો પર્યાય "ઈખ્થુસ" * છે. આ ગ્રીક શબ્દ પાંચ મૂળાક્ષરનો બનેલો શબ્દ છે ! પ્રાચીન ખ્રિસ્તીઓ ઈસુ માટે **"ઈસુ ખ્રિસ્ત, દેવનો પુત્ર, મુક્તિદાતા"** એવું પાંચ શબ્દોનું બનેલું સંબોધન વાપરતા હતા. આ પાંચેય શબ્દોના પ્રથમાક્ષરો લેવાથી ગ્રીક ભાષામાં "ઈખ્થુસ" શબ્દ બને છે. અને ઈખ્થુસ એટલે માછલી. કેવું અસરકારક અને આશ્ચર્યજનક પ્રતીક ! પાંચ જીવનદાયક શબ્દોનું પાંચ અક્ષર લઘુરૂપ - નાની આવૃત્તિ. એ પાંચ શબ્દોમાં પ્રેરિતોનું આખું વિશ્વાસનામું સમાઈ જાય છે. વળી "ઈખ્થુસ" એટલે ખ્રિસ્તીઓનું વિશ્વાસનામું.

ઈસુ - ઐતિહાસિક વ્યક્તિ

ખ્રિસ્ત - ભવિષ્યવેત્તાઓની પ્રતીક્ષાનો સાક્ષાત્કાર યહૂદી મસીહા.

દેવનો પુત્ર - ઈશ્વર દ્વારા આ જગતમાં આવેલો માનવ છતાં દેવ. મુક્તિદાતા અને મૃત્યુથી છોડાવનાર તારણહાર.

આમ "ઈખ્થુસ" એટલે ખ્રિસ્તી ધર્મનો નિચોડ. આવા રહસ્યમય શબ્દનો અર્થ માછલી - શું એ અકસ્માત કે યોગાનુયોગ જ હશે ? ના, બાઈબલમાં વપરાયેલ પ્રત્યેક શબ્દ અગમ્ય રીતે માનવજાતને ઈસુ ખ્રિસ્ત તરફ દોરી જાય છે તેનું આ એક સ્પષ્ટ ઉદાહરણ છે - માછલી - ઈખ્થુસ. ★


---

* જુઓ મુખપૃષ્ઠ ચિત્ર-પરિચય

# ૧૫. શુભસંદેશકર્તાઓનો પરિચય

## (૧) સંત માથ્થી

**પ્રભુ ઈસુના સેવાકાર્યની** શરૂઆતમાં અસંખ્ય માણસો તેમની પાસે આવતાં. ઘણાં તેમનું પ્રવચન સાંભળતાં. ઘણાં દર્દમાંથી મુક્તિ મેળવવા આવતાં. વળી કેટલાંક ફક્ત ચમત્કારિક શક્તિના દર્શન ખાતર કુતૂહલવશાત્ જ આવતાં. આ દરેક પ્રકારના લોકોને જોઈને પ્રભુનું હૃદય અનુકંપાથી દ્રવી ઊઠતું. લોકોની દૈહિક સ્થિતિ જોઈને તેમને દયા આવતી, પરંતુ આત્મિક સ્થિતિ જાણીને ચિંતા પણ થતી. ઇઝરાયલનો આ બહુરંગી સમાજ "પાળક વગરનાં ઘેટાં જેવો" હતો (માથ્થી ૯ : ૩૬. ગણના ૨૭ : ૧૭). આ વિછિન્ન સમાજને યોગ્ય રાહે વાળવા માટે તેમને શિષ્યોની જરૂર જણાઈ. ફસલ પુષ્કળ હતી પરંતુ મજૂરો થોડા હતા. તેમણે પ્રથમ બાર શિષ્યોની પસંદગી કરી.



ચિત્ર [illegible] સંત માથ્થી (ઇટાલીના ભવ્ય પ્રભુ-મંદિરના દરવાજે શિલ્પ-કાર લોરેન્ઝો ગીબર્ટીએ કાંસામાં કડારેલી કૃતિ)

બાઇબલમાં મળતા નિર્દેષ પ્રમાણે આ બાર શિષ્યોને ચાર-ચારનાં ત્રણ જૂથમાં દર્શાવવામાં આવ્યા છે (માથ્થી ૧૦ : ૨-૪. માર્ક ૩ : ૧૬-૧૯. લૂક ૬ : ૧૪-૧૬ અને પ્રે. કૃ. ૧ : ૧૩). આ બારેય શિષ્યો સમાજના સામાન્ય સ્તરમાંથી આવેલા હતા. રોજિંદા વ્યવસાયમાં કાર્યરત વ્યક્તિઓને બારોબર પ્રભુનું તેડું મળ્યું હતું. નહિ કોઈ તૈયારી કે નહિ કોઈ ઇન્ટરવ્યૂ ! (માથ્થી ૪ : ૨૧-૨૨. ૯ : ૯). પ્રભુ ઈસુના

નિશ્ચિત કાર્ય માટે **વિશ્વાસ અને ખંત** એ બે મુખ્ય ગુણો શિષ્યો માટે અનિવાર્ય હતા (યશાયા ૬ : ૮). પ્રભુએ આ નાના, ભલાભોળા, કાર્યરત માનવીઓમાં પ્રથમ દર્શને જ એ ગુણો પારખ્યા. સાધારણ માનસિક શક્તિને તો યોગ્ય શિક્ષણ અને ગુરુની કૃપા દ્વારા વધારી શકાય. શિષ્યોનું પ્રમુખ કાર્ય પ્રભુની સાક્ષી આપવાનું હતું. એ કપરા કાર્ય માટે પ્રવીણતા કરતાં પ્રમાણિક્તાની ખાસ જરૂર હતી.

પ્રથમ બાર શિષ્યોમાંના એક વિશિષ્ટ શિષ્ય સંત માથ્થીનો પરિચય ખ્રિસ્તી જીવન માટે સુંદર ઉદાહરણ પૂરું પાડે છે.

પ્રથમ સદીના પૂર્વાર્ધમાં ગાલીલ તથા પેરિયા પ્રાંત ઉપર રોમન સરકાર તરફથી હેરોદ આન્તિપાસ અમલ ચલાવતો હતો. આખા પ્રદેશનો વ્યાપાર કાપરનાહૂમ-દમાસ્કસના મુખ્ય માર્ગ દ્વારા ચાલતો. તેથી કર ઉઘરાવવા માટે કાપરનાહૂમ નગર સારી નાકાબંધી ધરાવતું હતું. આ અગત્યના જકાતનાકા તરફથી રોમન સરકારને સારા પ્રમાણમાં આવક મળતી. જકાતનાકાનો વહીવટદાર પણ કુશળ હતો. ગાલીલ પ્રાંતના યહૂદી આલ્ફીનો પુત્ર "લેવી" જકાત ઉઘરાવવા માટે સમસ્ત દાણીવર્ગમાં પ્રખ્યાત હતો. યહૂદી હોવા છતાં પરદેશી રોમન સત્તાના આ સેવકો પગાર ઉપરાંત જકાતકરમાંથી સારી ટકાવારી મેળવતા અને શ્રીમંત કહેવાતા (લૂક ૧૯ : ૨). આ દાણીવર્ગ યહૂદી સમાજથી તિરસ્કૃત હતો. તેમનો વારંવાર 'પાપી', 'વિધર્મી' વગેરે ટોણાં સાંભળવાં પડતાં.

પ્રભુ ઈસુનું સેવાકાર્ય કાપરનાહૂમ નગરમાં પૂરજોશમાં ચાલતું હતું. પ્રવચન અને ચમત્કારોથી તેમનો કાર્યક્રમ ભરચક રહેતો. સંભવતઃ આ લેવીએ અવારનવાર પ્રભુ ઈસુને જોયા હશે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેમની વાતો સાંભળી હશે. ધર્મશાસ્ત્રીઓ આ ઈસુને "પાપીઓનો મિત્ર" કહીને મશ્કરી કરતા તે આ લેવીએ સાંભળ્યું હશે. તેવામાં પક્ષાઘાતથી પીડાતા એક દર્દીને પ્રભુએ દૈહિક સાજાપણું આપ્યું, તે સાથે અધિકૃત રીતે પાપોની ક્ષમા પણ આપી ! (માથ્થી ૯ : ૧-૮).

આ પ્રસંગ બાદ આ જકાત અમલદારને પોતાની હીનાવસ્થા અને તિરસ્કૃત સ્થાનનું ભાન થયું હશે. અત્યાર સુધી આચરેલાં દુષ્કૃત્યોનું સ્મરણ પણ થયું હશે, અને ઈસુ તરફ તેને આશ્ચર્ય સાથે આકર્ષણ થયું હોય તે સ્વાભાવિક છે. સર્વ હૃદયોની જરૂરિયાતના જ્ઞાતા પ્રભુ ઈસુએ આ તિરસ્કૃત હૃદયની તૈયારી પારખી લીધી. તેને આમંત્રણ અપાઈ ચૂક્યું : "મને અનુસર" (માથ્થી ૯ : ૯). ત્યારબાદ "લેવી ઊભો થઈને તથા સર્વસ્વ મૂકી દઈને તેમની પાછળ ગયો" (લૂક ૫ : ૨૮). જૂના પાપભર્યા જીવનને તિલાંજલિ આપી, લેવી નવા પવિત્ર જીવનમાં પ્રવેશ્યો અને માથ્થી એટલે "ઈશ્વરનું દાન" એવું નામ મેળવ્યું.

હવે શિષ્ય તરીકે પ્રભુના પગ પાસે બેસી તેમની અમૃતવાણી સાંભળવી અને તેમના આદેશનું પાલન કરવું એ તેમનો નિત્યક્રમ હતો. પોતે યહૂદી હતા છતાં બહિષ્કૃત વર્ગના હતા તેથી યહૂદી સમાજનો અન્યાય, મિથ્યાભિમાન અને ધાર્મિક પોકળતાથી પૂરેપૂરા પરિચિત હતા. તેવામાં તેમને પ્રભુનો આદેશ મળ્યો : "બિનયહૂદી પ્રદેશમાં કે સમરૂનીનાં નગરોમાં જશો નહિ. એને બદલે, ઇઝરાયલના લોકો જે ખોવાઈ ગયેલાં ઘેટાં જેવા છે તેમની પાસે જાઓ" (માથ્થી ૧૦ : ૫-૬). આ સ્પષ્ટ આદેશ સમજી શકાય તેવો છે, કારણ કે શુભસંદેશરૂપી ઉત્તમ બી વાવવાને માટે અગાઉથી યહોવા તેમ જ પયગંબરો દ્વારા ઇઝરાયલની ભૂમિ ખાસ રીતે તૈયાર કરવામાં આવી હતી. જો પ્રથમ વાવણી સારી ભૂમિમાં થાય તો અંતે "યરુશાલેમથી શરૂ કરીને બધી પ્રજાઓ સુધી" આ શુભસંદેશ પ્રસરી જાય (લૂક ૨૪ : ૪૭).

યુસેબિયસ (ઈ.સ. ૧૮૦)ના ઇતિહાસમાં ઉપલબ્ધ, અધ્યક્ષ પાપિયસના કથન પ્રમાણે પ્રભુ ઈસુની ઉક્તિઓનો સંગ્રહ સંત માથ્થીએ હિબ્રૂ અથવા તત્કાલીન અરામિક ભાષામાં કર્યો હતો. મૂળે તે રાબ્બીઓના શિક્ષણમાં પ્રવીણ હતા તેવું સ્પષ્ટ જણાય છે. પ્રભુ ઈસુના પુનરુત્થાન

બાદનાં ઉચ્ચારણો (લૂક ૨૪ : ૧૭, ૧૯, ૨૫-૨૬, ૩૬-૪૯) એ સંત માથ્થીનું ખાસ ધ્યાન દોર્યું હતું. મસીહ સંબંધી જૂના કરારનાં જે ભવિષ્યવચનો હતાં તે તેમણે ઈસુમાં પૂર્ણ થતાં નિહાળ્યાં હતાં. આ બાબત તેમના પુસ્તકનું હાર્દ હોય તેમ જણાય છે. જૂના કરારમાંથી સીધેસીધાં લગભગ ૧૧ અવતરણોનો તેમણે ઉપયોગ કર્યો છે જ્યારે સંબંધિત એવાં ૪૭ કથનો જૂના કરારમાંથી લીધાં છે. "આકાશનું રાજ્ય" એ નવો જ શબ્દપ્રયોગ તેમણે ૩૨ વખત વાપર્યો છે. તાત્પર્ય કે સંત માથ્થી પોતાના લખાણમાં પ્રભુ ઈસુને "રાજા" તરીકે રજૂ કરે છે. એશઆરામી, જુલમી કે દુરાચારી એવા દુન્યવી રાજા નહિ, પરંતુ "દીન, નમ્ર હૃદયના, અને શ્રમિત વ્યક્તિને આરામ આપનાર" એવા રાજા (માથ્થી ૧૧ : ૨૮-૨૯).

યહૂદી ધર્મશાસ્ત્રીની જેમ સંત માથ્થી યહૂદી રૂઢિઓથી પરિચિત હતા. તેમના લખાણમાં તેઓ ૩, ૫, ૭ અને ૧૦ ની સંખ્યાઓનો છૂટથી ઉપયોગ કરે છે. જેમ કે ત્રણ પરીક્ષણો, ધર્મની ત્રણ મુખ્ય ફરજો (માથ્થી ૬ : ૧-૧૮), ગેથસેનાને વાડીમાં ત્રણ પ્રાર્થના, યજ્ઞકારોનાં ત્રણ આશીર્વચનો, મૂસાના નિમયશાસ્ત્રનાં પાંચ પુસ્તક, પ્રભુના પ્રવચનના પાંચ સંગ્રહ, ધન્યતાનાં સાત વચનો, સાત વખત ફરોશીઓને શાપ, સાતને આધારે રચેલી વંશાવાળી, પ્રભુની પ્રાર્થનામાંની સાત વિનંતિઓ, દશ અનર્થ, દશ તાલંત વગેરે.

હવે યરુશાલેમ નગરનો વિનાશ અને આવનાર વિપત્તિ સંબંધી સંત માથ્થીએ પ્રભુ ઈસુ પાસેથી સાંભળ્યું હતું (માથ્થી ૨૪ : ૪-૨૮). જ્યારે એ વિપત્તિનો સમય ઈ.સ. ૬૬-૬૮ દરમિયાન આવ્યો ત્યારે તેમને પ્રભુનું વચન યાદ આવ્યું હશે, "જેઓ યહૂદિયામાં હોય, તેઓએ પર્વતમાળામાં નાસી જવું..." (માથ્થી ૨૪ : ૧૬). યરુશાલેમની ઉત્તરે જૈતૂનની પર્વતમાળા આવેલી છે (પ્રે. કૃ. ૧ : ૧૨).

ઇતિહાસકાર યુસેબિયસ નોંધે છે કે યહૂદિયાના ખ્રિસ્તીઓ કોઈક

અકળ ભવિષ્યવાણીને આધારે પેરિયા પ્રાંતની ઉત્તર સરહદે આવેલા પેલ્લા નગરમાં નાસી ગયા. પરંપરાગત માન્યતા પ્રમાણે સંત માથ્થી પણ આ સમુદાયની સાથે હતા. તેમણે ત્યાં પંદર વર્ષ સુધી સેવાકાર્ય કર્યું. સંભવતઃ તેમની સુવાર્તાનું આલેખન આ સમય દરમિયાન થયું હતું. સતાવણીના સમયમાં યહૂદીઓ ઉપરની વિપત્તિના તેઓ પ્રત્યક્ષ સાક્ષી હતા. તેમના લખાણનો એ જ ઉદ્દેશ હતો : યહૂદીઓને આ કપરા કાળમાં સ્વર્ગીય દિલાસો મળે, અને નકાર કરાયેલા મસીહનો સાક્ષાત્કાર થાય. આખા પુસ્તકમાં તેમનો આ પ્રયાસ આગળ તરી આવે છે.

શિષ્યોના નામની ઉપલબ્ધ યાદીમાં સંત માથ્થી નમ્રતાથી પોતાનું નામ બીજા જૂથમાં અનુક્રમ : ૪ ઉપર મૂકે છે. સંત થોમા (એટલે દીદીમસ અર્થાત્ જોડિયા)નું નામ હંમેશાં સંત માથ્થીની સાથે જ સંકળાયેલું જણાય છે. થોમા-માથ્થી બંને ભાઈ હોય તેવું એક અનુમાન છે, પણ તેને કોઈ સમર્થન મળતું નથી. ઘણા પ્રસંગે આ બંને સંતોની સંયુક્ત હાજરી નોંધાઈ છે (પ્રે. કૃ. ૧ : ૧૩, ૨ : ૧).

ઈતિહાસકાર યુસેબિયસ જણાવે છે કે સંત માથ્થી ત્યાંથી પાર્થિઆ તેમ જ ઈથિયોપિયા ગયા હતા. સંત થોમા પણ ત્યાં ગયા હતા અને ત્યાં મંડળી પણ સ્થાપી. ત્યારબાદ માન્યતા પ્રમાણે સંત થોમા ભારત આવ્યા હતા, જ્યારે સંત માથ્થીએ ધર્માર્થે શહીદી વહોરી લીધી.

પેન્ટીનસ નામના એલેકઝાન્ડ્રિયાના એક મિશનરીએ પુરાતન ભારતવાસીઓ પાસે સંત માથ્થીની સુવાર્તા જોઈ હતી. તે રહસ્યમય બાબત છે પણ તેને ઈતિહાસનું સમર્થન મળતું નથી.


સંત માથ્થી ચુસ્ત શાકાહારી હતા. પ્રભુ ઈસુના ગિરિપ્રવચનમાં ઉલ્લેખિત નીતિશાસ્ત્રના કડક હિમાયતી હતા. કલેમેન્ટે સંત માથ્થીનું એક કથન નોંધ્યું છે : "શિષ્યનો પડોશી જો પાપ કરે, તો તે પાપ શિષ્યે જ કર્યું કહેવાય, કારણ કે જો શિષ્ય પ્રભુની આજ્ઞા પ્રમાણે વર્ત્યો હોત, તો તેનો પડોશી પણ પાપથી દૂર રહેત." આ ઉક્તિ પ્રભુના

ગિરિપ્રવચનની યાદ આપે છે (માથ્થી ૫ : ૧૩-૧૬).

સંત માથ્થી મહાન ત્યાગી હતા, અને પ્રભુ ઈસુના અનન્ય શિષ્ય અને સાક્ષી હતા. એ મહાન ત્યાગના બદલામાં પ્રભુએ તેમને માટે મોટું ઇનામ રાખેલું છે: "માનવપુત્ર તેમની મહિમાવંત રાજગાદી પર બિરાજશે, ત્યારે તેમની સાથે મારા બાર શિષ્યો પણ બેસશે અને તેઓ ઇઝરાયલનાં બાર કુળોનો ન્યાય કરશે" (માથ્થી ૧૯ : ૨૮).

## (૨) સંત માર્ક

પાસ્ખાપર્વની સાંજે ઈસુ બાર શિષ્યો સાથે એક અંગત મિત્રના નિવાસસ્થાનના ઉપલા માળે પોતાનું અંતિમ ભોજન લેતા હતા. આ યજમાન માટે ઈસુ તથા તેમના શિષ્યો બહુ જ મહત્ત્વના VIP મહેમાનો હતા. મહેમાનોના સ્વાગત માટે ખૂબ જ પૂર્વતૈયારી કરવામાં આવી હતી, તેથી યજમાનનો સગીર પુત્ર યોહાનન કુતૂહલથી આવા મોઘેરા મહેમાનોની રાહ જુએ તે સ્વાભાવિક છે. કદાચ પોતાના અલગ ઓરડાની બારીમાંથી નીચે દેખાતા પ્રાંગણમાં પ્રવેશતી આ મહેમાનોની ટુકડીને તે અનન્ય અહોભાવથી નીરખી રહ્યો હશે. ઉપલા માળે મહેમાનોની સરભરામાં મૂકવામાં આવેલો ચાકર અને દાસી રોદાની દોડધામ જોઈ રહેલા યોહાનનનું કુતૂહલ વધ્યું જ હશે. આ દાસદાસીને તેણે ઘણા પ્રશ્નો પણ પૂછ્યા હશે. લોબીમાં આંટા મારતા આ યોહાનનને મહેમાનોના ઓરડામાં ઊજવાતા પર્વની ઝલક પણ જોઈ હશે. ગંભીરપણે થયેલી વાતચીતના શબ્દો પણ તેણે સાંભળ્યા હોય એ સંભવિત છે: "...... તમારામાંનો



ચિત્ર ૨૫ : સંત માર્ક (ઇટાલીના ભવ્ય પ્રભુમંદિરના દરવાજે શિલ્પકાર લોરેન્ઝો ગીબર્ટીએ કાંસામાં કંડારેલી કૃતિ)

એક, જે મારી સાથે ખાય છે તે, **મને પરસ્વાધીન કરશે''** (માર્ક ૧૪ : ૧૮). આ સાંભળીને આ યુવાન ચોંકી ગયો હશે ! પ્રસંગ અને વાતચીતની ગંભીરતા તેને સમજાઈ હશે તેથી જ ભોજન પૂરું થયા બાદ ઉતાવળથી શણનું ઉપવસ્ત્ર ઓઢીને આ યુવાન ઈસુ અને તેના શિષ્યોની પાછળ પાછળ છુપાઈને અનુસરવા લાગ્યો. આજે પોતાના મિત્ર એવા આ ઈસુના માથે અનિષ્ટ ભમી રહ્યું છે... માટે તેની જાસૂસી કરવી જ જોઈએ. બને તો આ ગુપ્ત માહિતી મારા પિતાને પહોંચાડીને તેમનું રક્ષણ કરવું જોઈએ. ધીમે ધીમે તેઓ જૈતૂન પર્વત ઉપર આવ્યા (માર્ક ૧૪ : ૨૬). ટોળાથી થોડે દૂર છુપાઈને ફરીથી તેણે વાર્તાલાપ સાંભળ્યો : ''... તમે સહુ ઠોકર ખાશો;... અને વિખેરાઈ જશો... પિતર, તું ત્રણ વાર મારો નકાર કરીશ'' (માર્ક ૧૪ : ૨૭-૩૦).

ત્યાર બાદ અગિયાર શિષ્યોમાંથી તારવીને ઈસુ પિતર, યાકૂબ અને યોહાનને લઈને આગળ ગેથસેમાનેના બાગમાં ગયા (માર્ક ૧૪ : ૩૨-૩૫) અને તેમને જાગૃત રહેવાની આજ્ઞા આપી. થોડે આગળ જઈને ઈસુ કષ્ટમય પ્રાર્થના કરવા લાગ્યા. આ યુવાન યોહાનન બધું જોઈ રહ્યો હતો. ઈસુ પાછા આવ્યા તો તેમના પ્રિય અને અતિ નિકટના પેલા ત્રણ શિષ્યો ઊંઘતા હતા (માર્ક ૧૪ : ૩૭)... ઈસુની **ધરપકડ થઈ ત્યારે સઘળા તેને મૂકીને નાસી ગયા** (માર્ક ૧૪ : ૫૦) પરંતુ છેલ્લે સુધી શણનું ઉપવસ્ત્ર ઓઢેલો આ યુવાન યોહાનન ઈસુની પાછળ હતો (માર્ક ૧૪ : ૫૧-૫૨).

ઉપરનું આખું વૃત્તાંત ટી. વી. ઉપર ''આંખે દેખ્યા અહેવાલ'' જેવું જ તાદ્દશ લાગ્યું ને ? લાગે જ ને ! કારણ કે આ વૃત્તાંત તેના છેલ્લા અને પ્રત્યક્ષ સાક્ષી એવા પેલા યુવાન યોહાનન વડે જ લખવામાં આવ્યું છે. એ યુવાનને આજની ખ્રિસ્તી આલમ સંત માર્ક તરીકે ઓળખે છે. અને આ વૃત્તાંત એટલે સંત માર્ક લિખિત શુભ સંદેશ. ગેથસેમાને બાગમાં જ્યારે આખું શિષ્યગણ ભરનિદ્રામાં પોઢેલું હતું ત્યારે ઈસુના

સંવાદો અને પ્રાર્થના વખતની સૂક્ષ્મ માહિતી નોંધી શકે એવી એક જ વ્યક્તિ ત્યાં હાજર અને જાગૃત હતી અને તે આ યુવાન યોહાનન !

તેનું આખું નામ યોહાનન માર્કસ હતું (પ્રે. કૃ. ૧૨ : ૧૨). યોહાનન (હિબ્રૂ) એટલે 'ઈશ્વર દયાળુ છે' અને માર્કસ (રોમન) એટલે 'હથોડી' ! મોટે ભાગે તે પોતાના રોમન નામ માર્કસથી જ ઓળખાતો હતો. તેની માતાનું નામ મરિયમ હતું. તે સંત પાઉલના વફાદાર સાથીદાર બાર્નાબાસની બહેન થતી હતી (કોલોસી ૪ : ૧૦). મરિયમના પતિ અને માર્કના પિતા સાઇપ્રસ બેટના ધનવાન લેવી હતા. તેમનું મકાન વિશાળ હતું. લગભગ ૧૨૦ વ્યક્તિઓનો સમાવેશ થઈ શક્તો (પ્રે. કૃ. ૧૨ : ૧૨). સાઇપ્રસ બેટમાં માર્કના પિતાની ઘણી જમીન હતી (પ્રે. કૃ. ૪ : ૩૬-૩૭). નૂહના વંશજ એલીશાહના કુળના આ લેવી (ઉત્પત્તિ ૧૦ : ૪) સાઇપ્રસમાં નીલ-જાબુંડિયા રંગનાં વસ્ત્રના વેપારથી અઢળક ધન કમાયા હતા (હઝકી. ૨૭ : ૭).

ઈસુની ધરપકડ થઈ ત્યાં સુધી આ બહાદુર યુવાન માર્ક ઈસુની નજીક જ હતો. ત્યારે બાદ તેણે વધસ્તંભ ઉપર ઈસુનું કરુણ મૃત્યુ પણ નિહાળ્યું હશે. જૈતૂન પર્વત ઉપરથી ઈસુનું સ્વર્ગારોહણ પણ જોયું હશે. શિષ્યોની વિખેરાઈ ગયેલી ટોળી હવે માર્કના ઘરમાં કાયમી નિવાસ કરતી હતી (પ્રે. કૃ. ૧ : ૧૩). આમ પોતાના નિવાસસ્થાનમાં શિષ્યગણ સાથેના સહવાસથી તેમ જ ઈસુની અંતિમ ક્ષણોના પ્રત્યક્ષ સાક્ષી તરીકે માર્ક પણ ઈસુના અનુયાયીના રૂપમાં ઘણી રીતે કાર્યરત રહ્યો હશે. તેના તરવરાટભર્યા ઉત્સુક યુવાન સ્વભાવથી તેણે પ્રમુખશિષ્ય પિતરની વિશિષ્ટ પ્રીતિ સંપાદન કરી હતી. જેથી જ જેલમાંથી છૂટીને પિતર સીધા જ માર્કના ઘેર આવ્યા (પ્રે. કૃ. ૧૨ : ૧૨). સંત પિતર દ્વારા પાછળથી માર્કને દીક્ષા આપવામાં આવી તેથી માર્ક સંત પિતરનો ધર્મપુત્ર ગણાય છે (૧ પિતર ૫ : ૧૩).

પ્રચારકાર્યનો બોજ વધવાથી ઈસુએ બીજા ૭૦ પેટાશિષ્યો નીમ્યા

(લૂક ૧૦ : ૧). તેમાંના ઘણા એ કાર્યમાંથી પીછેહઠ કરી ગયા હતા (યોહાન ૬ : ૬૬). પ્રચલિત માન્યતા પ્રમાણે યુવાન માર્ક પણ પીછેહઠ કરી ગયો હતો. આમ ઈસુના શિષ્ય બનવાની ઘણી ક્ષમતા હોવા છતાં હજી સુધી આ યુવાને તે દિશામાં કોઈ નોંધપાત્ર કાર્ય કર્યું નહોતું. યરુશાલેમની મંડળીમાં માર્ક મશ્કરીરૂપે "ટૂંકી આંગળીવાળો" તરીકે ઓળખાતો હતો, કારણ કે પ્રમાણમાં તેની આંગળીઓ ટૂંકી જ હતી. ભવિષ્યમાં એ જ "ટૂંકી આંગળીઓથી" માર્ક પ્રભુનું ઉત્તમ જીવનચરિત્ર લખવાનો હતો. શણનું ઉપવસ્ત્ર પડતું મૂકીને મેદાન છોડી જનાર ડરપોક માર્કને 'સિંહ'ની ઉપમા આપી મશ્કરી કરાતી હતી, પરંતુ સિંહ જેવી બહાદુરી તો પાછળથી દેખાવાની હતી.

થોડા સમય પછી માર્કના મામા બાર્નાબાસ દ્વારા તેને સંત પાઉલ સાથે પરિચય થયો. તેમણે આ યુવાનમાં આશાસ્પદ શિષ્યના ગુણ જોયા તેથી પોતાની આગામી પ્રચારયાત્રામાં માર્કને પણ સાથે લીધો (પ્રે. કૃ. ૧૨ : ૨૫. ૧૩ : ૫). થોડા સમય સુધી આ સહયાત્રા નિર્વિઘ્ન ચાલુ રહી, પરંતુ પેર્ગા પહોંચ્યા પછી એકાએક માર્ક સ્વભાવ મુજબ એ યાત્રાની અધવચ્ચેથી યરુશાલેમ પાછો આવતો રહ્યો (પ્રે. કૃ. ૧૩ : ૧૩). આથી સંત પાઉલને માર્કની જાહેર સેવા માટેની અયોગ્યતાની ખાતરી થઈ ગઈ ! તેથી બીજી યાત્રા દરમિયાન તેને પડતો મૂકવામાં આવ્યો (પ્રે. કૃ. ૧૫ : ૩૭-૩૯). ત્યાર પછી દસ વર્ષનો ગાળો તે માર્કનો અજ્ઞાતવાસરૂપી સમય હતો. તે દરમિયાન માર્ક પોતાના અંગત જીવન અને જાહેર સેવાકાર્યમાં દિનપ્રતિદિન પીઢ થતો ગયો હશે. તેથી તેણે સંત પાઉલની પ્રીતિ પુનઃ સંપાદન કરી. પછી એકાએક રોમ શહેરમાં સંત પાઉલના જેલવાસ દરમિયાન માર્ક તેમની સાથે પુનઃ સેવામાં જોડાયેલો જણાય છે. હવે સંત પાઉલનો માર્ક માટેનો અભિપ્રાય બદલાયેલો જણાય છે : "તે (માર્ક) જો તમારી મુલાકાત લે તો તેનો આવકાર કરજો" (કોલોસી ૪ : ૧૦. ફિલેમોન કલમ ૨૪). તે ઉપરથી જાણી

શકાય કે સંત પાઉલે હવે માર્કનો પુનઃ સ્વીકાર કર્યો હતો. અને બંને સેવાયાત્રામાં સાથે હતા. વળી પોતાના પાલકપુત્ર તિમોથી આગળ તેઓ ભરપૂર હૃદયે માર્કના વખાણ કરતા જણાય છે: "કેમ કે સેવાને સારુ તે (માર્ક) મને ઉપયોગી છે" (૨ તિમોથી ૪ : ૧૧). આ સમય ઈ.સ. ૬૫ ની અસપાસનો હતો.

આગલે વર્ષે ઈ.સ. ૬૪ ના જુલાઈ માસમાં નીરો બાદશાહે રોમ શહેરની શોભા વધારવા તથા ગંદા વિસ્તારો નાબૂદ કરી નગરને નવેસરથી બાંધવા સ્વયં જૂની રાજધાનીની સરહદમાં આગ લગાડી હતી. પોતાનું અપકૃત્ય છુપાવવા તેણે આ તહોમતનામું નવા ઉદ્ભવેલા ખ્રિસ્તી અનુયાયીઓ ઉપર નાખ્યું હતું. તાસીતસના ઈતિહાસમાં તેનું વર્ણન આપવામાં આવ્યું છે. એ જ વર્ષે કદાચ જેલવાસ દરમિયાન સંત પાઉલનું અવસાન થયું. આ સમયમાં સંત પિતર પણ અહીં રોમ (બેબિલોન) માં આવ્યા. તેથી સંત પાઉલની વિદાયથી એકલો પડેલો માર્ક હવે પોતાના ધર્મપિતૃ સંત પિતરની સાથે સેવામાં જોડાઈ ગયો. અહીંથી સંત પિતરે તેમનો પ્રથમ પત્ર લખ્યો (૧ પિતર ૫ : ૧૨) થોડા સમય બાદ સંત પિતર પણ શહીદીને વર્યા.

ઉપસ્થિત સંજોગોમાં હવે પ્રભુ ઈસુના પ્રથમદર્શી સાક્ષી તરફથી પ્રત્યક્ષ શુભસંદેશની ખોટ વરતાવા માંડી. શિષ્યગણના બે ધુરંધરો - સંત પાઉલ અને સંત પિતરની વિદાયથી ખોટ વરતાવા લાગી. રોમના નવા ખ્રિસ્તીઓને ઈસુનું સત્તાવાર વૃત્તાંત કોણ સંભળાવે ? દિવ્ય પ્રેરણાથી માર્કે આ કાર્ય ઉપાડી લેવાનું નક્કી કર્યું. તેણે પ્રભુ ઈસુ વિષેની પોતાની સ્મૃતિમાંથી તેમ જ સંત પિતરના સહવાસથી પ્રાપ્ત થયેલી અગત્યની માહિતીને આધારે રોમની જનતા માટે એક આધારભૂત વૃત્તાંત તૈયાર કર્યું. અત્યાર સુધીમાં શિષ્યો દ્વારા કેટલાક પત્રો પ્રગટ થયા હતા, પરંતુ ઈસુના જીવન અને સેવાકાર્યનું સળંગ લેખિત વૃત્તાંત કોઈ લખાયું નહોતું. "ટૂંકી આંગળીવાળા" માર્કે આ દિશામાં પહેલ કરીને પ્રથમ શુભસંદેશ લખ્યો.

ઈ.સ. ૧૪૦ માં બિશપ પાપિઆસ આ કથનને સમર્થન આપે છે. "સંત પિતરનો દુભાષિયો માર્ક... ઈસુનાં કૃત્યો અને કથનો જેમ તેને યાદ આવ્યાં તેમ તેણે કાળાનુક્રમ જાળવ્યા સિવાય લખી લીધાં..." માર્કના શુભસંદેશનો મધ્યવર્તી વિચાર તે જાણે સંત પિતરના જ ઉદ્ગારો હોય તેમ જણાય છે (પ્રે. કૃ. ૧૦ : ૩૬-૪૦). હવે માર્ક યુવાન મટીને પ્રભુ ઈસુનો પીઢ અનુયાયી અને પ્રૌઢ પુરુષત્વથી ઓપતો સંત માર્ક બન્યો હતો. યુવાન ઉતાવળિયો માર્ક હવે પ્રભુના શુભસંદેશનો વાહક હતો. તેનું વૃત્તાંત મિલિટરી - લશ્કરી શિસ્તને અનુસરતું ટૂંકું તથા અસરકારક છે. લગભગ ૪૦ વખત 'તરત' એવો શબ્દ વાપરવામાં આવ્યો છે. વળી પ્રથમ પ્રકરણના મધ્ય ભાગ સુધીમાં ઈસુના જીવનનાં ૩૦ વર્ષોનો ચિતાર આપી દેવામાં આવ્યો છે. તેમના ધર્મપિતૃ સંત પિતરની છાયા તેમના લખાણમાં વરતાયા વગર રહેતી નથી. અમુક જગ્યાએ માર્ક સંત પિતરની હાજરીની અચૂક નોંધ લે છે, જે અન્ય શુભ સંદેશમાં નથી (માર્ક ૧ : ૨૬. ૧૧ : ૨૧. ૧૩ : ૩. ૧૬ : ૭). કેટલાક પ્રસંગો ઉપરથી જોઈ શકાશે કે સંત માર્ક એ પ્રસંગોના પ્રત્યક્ષ સાક્ષી હતા (માર્ક ૩ : ૫. ૫ : ૩૨. ૮ : ૩૮. ૯ : ૩૫. ૧૦ : ૨૩). વળી ચારેય શુભસંદેશના કર્તાઓમાં ફક્ત સંત માર્ક જ કેટલીક અગત્યની વ્યક્તિઓનાં નામ આપે છે. જેમ કે પિતરની અટક સીમોન (૩ : ૧૬), યાકૂબ-યોહાનની અટક બોઆનેર્ગેસ (૩ : ૧૭), સભાસ્થાનનો અધિકારી યાઐરસ (૫ : ૨૨), આંધળો ભિખારી બારતિમાય (૧૦ : ૪૬), વધસ્તંભ ઊંચકનાર કુરેનીનો સીમોન (૧૫ : ૨૧). આમ આ પ્રસંગો પણ માર્કની અંગત હાજરી અંગે સાક્ષી પૂરે છે.

રોમન ઇતિહાસકારો ઈસુબિયસ તથા જેરોમ લખે છે કે ત્યાર પછી સંત માર્કને રોમથી ઇજિપ્ત જવાનું કાર્ય સોંપવામાં આવ્યું. ઇજિપ્તની નાઇલ નદી જ્યાં ભૂમધ્ય સમુદ્રને મળે છે તે ડેલ્ટા પ્રદેશમાં વસેલા એલેકઝાન્ડ્રિયા નગરમાં સંત માર્કે મંડળી સ્થાપી, તેના તેઓ પ્રથમ

બિશપ બન્યા. ઈ.સ. ૬૮ માં રોમન બાદશાહ નીરોની હકૂમતના ચોથા વર્ષમાં એલેકઝાન્ડ્રિયા નગરમાં "સેરાપ્રીસ"નું પર્વ ચાલતું હતું. આ પર્વના મહામેળાની ઉજવણી દરમિયાન વિરોધીઓએ સંત માર્કને અત્યંત ક્રૂર રીતે મારી નાખ્યા. એક સમયનો નકલી 'સિંહ' આમ બહાદુર શહીદીને વર્યો. પ્રભુના સાચા સેવકનો આમ કરુણ અંત આવ્યો.

આઠસો વર્ષ બાદ ઈ.સ. ૮૬૮ માં એપ્રિલ માસમાં એલેકઝાન્ડ્રિયા નગરમાં સંત માર્કની કબર ખોલીને તેના મૃતદેહના અવશેષો સંપૂર્ણ માન સહિત વેનિસના પીઝા નગરમાં લાવવામાં આવ્યા. અહીં ફરીથી દબદબાપૂર્વક તેમનો દફનવિધિ કરવામાં આવ્યો. તે સ્થળ ઉપર સુંદર અદ્વિતીય મંદિર બાંધવામાં આવ્યું. આજે આ પ્રભુ મંદિર 'સેંટ માર્કસ કેથીડ્રલ' તરીકે એટલું જ પ્રખ્યાત છે. ખ્રિસ્તી યાત્રિકો અને ભાવિકોની અહીં દર્શન અને પ્રાર્થના માટે કતાર જામે છે. પીઝાનું નાનું નગર દુનિયાના નકશામાં બે બાબતો માટે પ્રખ્યાત છે. એક પીઝાનો ઢળતો મિનારો અને બીજું આ માર્કનું દેવળ. ●

## (૩) સંત લૂક

સુદીર્ઘ આયુષ્ય દરમિયાન ફક્ત બે જ પુસ્તકો લખીને અમર થઈ જનાર એક ડોકટરનો આ પ્રેરણાદાયી પરિચય છે. છેલ્લાં બે હજાર વર્ષોથી પ્રતિદિન કરોડો વાચકોના મુખમાં જેનું નામ રમતું રહ્યું છે એવા આ લેખક વ્યવસાયે વૈદ્ય હતા, પરંતુ સંગતથી સંત હતા. તેમનાં અમર પુસ્તકો એટલે "લૂકની સુવાર્તા" અને "પ્રેરિતોનાં કૃત્યો."

સ્વરચિત બંને પુસ્તકોમાં આ નમ્ર લેખકે ક્યાંય પોતાના નામનો ઉલ્લેખ કર્યો નથી, છતાં આજે સમસ્ત ખ્રિસ્તી સાહિત્યક્ષેત્રે તેમને આ પુસ્તકોના કર્તા તરીકે નિર્વિવાદ સ્વીકારે છે. બાઈબલમાં અન્યત્ર ફક્ત ત્રણ જ જગાએ તેમના નામનો અછડતો ઉલ્લેખ છે. (કોલોસી ૪ : ૧૪.

૨ તિમોથી ૪ : ૧૧. ફિલેમોન કલમ ૨૪). આટલા ટૂંકા સંદર્ભ ઉપરથી આવા મહાન લેખકનું જીવનચરિત્ર કેવી રીતે રચી શકાય ? પરંતુ સમકાલીન પુરાવા અને અન્ય સાહિત્ય દ્વારા સંત લૂકનું રેખાચિત્ર મળી રહે છે. સુગંધીદાર અત્તર વેચનારનો પરિચય તેના સુવાસયુક્ત વાતાવરણથી જ મળી રહે છે.




(ચિત્ર ૨૬ : સંત લૂક
(વેનિસના ગોલ્ડન અલ્ટાર ચર્ચમાં સોનામાં કોતરેલી પ્રતિકૃતિ)

"લૂક" એ મૂળ પ્રચલિત લેટિન નામ "લુકાનસ"નું સંક્ષિપ્ત રૂપ છે. ત્રીજી સદીમાં મળી આવેલા સંત લૂકની સુવાર્તાના એક હસ્તલેખના મથાળે લેટિન ભાષામાં પ્રસ્તાવનારૂપી નોંધે છે કે "લૂક સીરિયા પ્રાંતના અંત્યોખ નગરના રહેવાસી હતા. પ્રથમ પ્રેરિતોના શિષ્ય અને પાછળથી તેઓ સંત પાઉલના અનુયાયી થયા હતા. આત્મસમર્પણ સુધી નિર્દોષપણે તેમણે પોતાના સ્વામીની સેવા કરી. પત્ની અને બાળકો વિહોણા તેઓ પવિત્ર આત્માથી ભરપૂર થઈને ૭૪ વર્ષની વયે બિથુનિયામાં મૃત્યુ પામ્યા."

કોલોસી ૪ : ૧૧-૧૪ પ્રમાણે સંત લૂક બિનયહૂદી હતા અને વ્યવસાયે વૈદ્ય હતા. તેમની સુવાર્તામાં અમુક ચોક્કસ વૈદ્યકીય શબ્દોના વપરાશ ઉપરની આ હકીકત પુરવાર થાય છે. પ્રે. કૃ. ૬ : ૯માં "લીબેરતી"નો ઉલ્લેખ છે. આ લીબેરતી એટલે "મુક્ત કરાયેલા ગુલામો"- તેમની પ્રજા તે સમયમાં વૈદ્યકીય સારવારનો વ્યવસાય કરતી હતી. સંત લૂકના પૂર્વજોને આ "લીબેરતી" સાથે કાંઈક સંબંધ હશે તેવી માન્યતા છે.

ઈ.સ. ૧૭૨૬ માં રોમ શહેરમાં રાજા ઓગસ્ટસની રાણી લીવિયાની પુરાતન કબર ખોલવામાં આવી હતી તેમાંથી "તુરાનસની શાળા" (પ્રે. કૃ. ૧૯ : ૯) વૈદ્યકીય શાળા હોવાનો નિર્દેશ મળ્યો છે. આ શાળામાં યુવાન લુકાનસે વૈદ્યકીય શિક્ષણ મેળવ્યું હશે એવું અનુમાન કરવામાં આવે છે. ત્યાર બાદ આ સંસ્કારી અને સુશિક્ષિત યુવાનની સંત પાઉલ સાથે મુલાકાત થઈ હશે. તે મુલાકાત દરમિયાન સંત પાઉલના ખ્રિસ્તસમર્પણથી પ્રભાવિત થઈ યુવાન લૂક તેમના ગાઢ સંપર્કમાં રહ્યા હશે. તેના પરિણામે બંને સંતો મિશનરી યાત્રાઓ દરમિયાન એકબીજાના ગાઢ સાથીદાર રહ્યા. લાંબી અને કષ્ટમય યાત્રાઓ દરમિયાન સાથી લૂક સંપૂર્ણ વફાદારીથી સંત પાઉલનાં કાર્યોમાં છેવટ સુધી સાથ આપતા રહ્યા, તેથી સંત પાઉલ અંજલિરૂપે લખે છે

કે "એકલો લૂક મારી સાથે છે" (૨ તિમોથી ૪ : ૧૧). આવી જ એક યાત્રામાં કાઈસારિયામાં સંત પાઉલના બે વર્ષના બંદીવાસ દરમિયાન સંત લૂકે પોતાની સુવાર્તાનું આલેખન ઈ.સ. ૬૦ ની આસપાસ કર્યું હતું.

આ સુવાર્તાનાં પ્રથમ ચાર વાક્યોની ટૂંકી પ્રસ્તાવનામાં લેખકનાં ઉદ્દેશ અને આદર્શનું સ્પષ્ટ પ્રતિબિંબ જોઈ શકાય છે. પ્રભુ ઈસુના જન્મથી પુનરુત્થાન સુધીનો સાદ્યંત ઈતિહાસ તેમણે ખૂબ જ ઝીણવટથી આલેખ્યો છે. દરેક પુસ્તકના રચયિતા પોતાની કૃતિ કોઈક વ્યક્તિને અર્પણ કરતા તેવો રિવાજ તે સમયમાં પ્રચલિત હતો. સંત લૂકે પોતાનાં બંને પુસ્તકો "થીઓફીલ" નામની વ્યક્તિને અર્પણ કર્યાં છે. આ નામધારી વ્યક્તિ કદાચ કાલ્પનિક પણ હોઈ શકે. એ નામનો અર્થ "ઈશ્વરનો મિત્ર" એવો થાય છે. તેથી ગર્ભિત રીતે આ કૃતિઓ ઈશ્વરનાં સર્વ મિત્રોને અર્પણ કરવામાં આવી છે. આમ સુવાર્તા રાય તથા રંક સર્વને માટે આલેખવામાં આવી છે. એવી ભાવના સાથે સંત લૂક પોતાનું ક્ષેત્ર મર્યાદિત નહિ રાખતાં વિશાળ ક્ષેત્રમાં તેની તરતી મૂકે છે. કેવી ઉદાત્ત ભાવના !

સંત લૂકની અગાઉ ઘણાંએ પ્રભુ ઈસુના જીવનવૃત્તાંતને વ્યસ્થિત આલેખવાનો પ્રયાસ કર્યો હતો (લૂક ૧ : ૨). આ સર્વ ઉપલબ્ધ માહિતીનો તેમણે ચોકસાઈથી અભ્યાસ કર્યો હશે (લૂક ૧ : ૩). તેમાંથી ઉપયોગી અને સત્ય માહિતી અપનાવી હશે. આમ સત્યને કેન્દ્રમાં રાખી આખી સુવાર્તાની તેમણે રચના કરી. તેમના આ કૃત્યને મહાજ્ઞાની સભાશિક્ષક સાથે સરખાવી શકાય : "સત્ય શોધી કાઢવા માટે વસ્તુઓને એકબીજીની સાથે સરખાવી જોતાં મને આ માલૂમ પડ્યું છે" (૭ : ૨૭).


આમ ચારેય સુવાર્તિકોમાં સૌથી માહિતીસભર અને વિશ્વનીય એવી સુવાર્તા આપનાર સંત લૂકનું સ્થાન અનન્ય છે. વ્યવસાયે ડોકટર

હોવાથી તેઓ સ્વભાવે માયાળુ હશે એમ કલ્પી શકાય. સમાજના પ્રત્યેક સ્તરમાં આવકારપાત્ર વ્યક્તિત્વ દ્વારા તેઓ લોકપ્રિય હશે. નાનાથી મોટા સર્વ પ્રકારના લોકોની મુલાકાત તેમને માટે સહજ અને સરળ બની હશે. સંત પાઉલના સંગથી પ્રભુ ઈસુના શિષ્યો અને નજીકની પરિચિત વ્યક્તિઓના સતત સંપર્કમાં રહીને દરેક મુલાકાતની વ્યવસ્થિત નોંધ રાખી હશે. વળી સંત પાઉલનું કથન અને તેમના વિચારોની છાપ તેમના મન ઉપર તાજી જ હશે. "મને અચરત લાગે છે, કે જેણે તેમને ખ્રિસ્તની કૃપાથી બોલાવ્યા તેને મૂકીને તમે એટલા બધા વહેલા જુદી સુવાર્તા ભણી ફરી જાઓ છો. તે બીજી (સુવાર્તા) નથી; માત્ર કેટલાક તમને હેરાન કરે છે, અને ખ્રિસ્તની સુવાર્તાને ઊલટાવી નાખવા ચાહે છે..." (ગલાતી ૧ : ૬-૧૨). આમ પ્રથમની મંડળીના અધકચરા વિશ્વાસને દઢ કરવાનું બીડું સંત લૂકે ઝડપ્યું હશે તેમ માની શકાય. સંત માર્ક અને સંત લૂક બંને રોમ શહેરમાં સાથે હતા (કોલોસી ૪ : ૧૦, ૧૪). આ સહવાસ દરમિયાન સંત માર્ક પાસેથી પ્રભુની સુવાર્તાનો લગભગ ૩૦ ટકા જેટલો ભાગ તેમણે મેળવ્યો હશે. તે ઉપરાંત યરુશાલેમની મંડળીના ઇતિહાસનો ઘણોખરો ભાગ પણ તેમની પાસેથી મળ્યો હશે. ત્યાર બાદ કાઈસારિયામાં સંત ફિલિપ સાથે તેમની મુલાકાત થઈ અને બંને સંતો લાંબો સમય સાથે રહ્યા (પ્રે. કૃ. ૨૧ : ૧૦). આ સહવાસ દરમિયાન પ્રભુ ઈસુના અંતર્ગત વર્તુળમાંની ઘણી માહિતી તેમણે મેળવી હશે. બાકીની માહિતી તેમને મૌખિક પૂછપરછ અને અન્ય લખાણો, હસ્તપ્રતો વગેરે દ્વારા મળી હશે. પ્રભુ ઈસુના જન્મવૃત્તાંતની તાદૃશતા ઉપરથી કેટલાક વિવેચકો માને છે કે સંત લૂકે એક કરતાં વધારે વાર માતા મરિયમ સાથે મુલાકાત યોજી હશે, અને તેમના સ્વમુખે આ અલભ્ય વિગતો મેળવી હશે. એક એવી પણ માહિતી મળે છે કે સંત લૂક વૈદ્ય હોવા ઉપરાંત એક સારા ચિત્રકાર પણ હતા. તેમની માતા મરિયમ સાથેની મુલાકાતથી પ્રભાવિત

થઈ તેમણે "કુંવારી મેડોના"નાં સાત અમર ચિત્રો દોર્યાં એવું એપીફાનસ જણાવે છે.

સંત લૂકની સુવાર્તામાં દુઃખી, નિરાધાર અને ગરીબ પ્રજાને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે. વિધવા સ્ત્રીઓ પ્રત્યે તેમની સહાનુભૂતિ સ્પષ્ટ છે. તેમનાં કથનોમાં 'પ્રાર્થના' ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ચર્ચ ઓફ ઇંગ્લેન્ડના પ્રાર્થનાપુસ્તકમાં સંત લૂકને તેમના જીવનકાર્યને અનુરૂપ અંજલિ આપવામાં આવી છે: "જેમનાં લખાણ સુવાર્તામાં મળે છે એવા વૈદ્ય લૂકને સુવાર્તિક તેમ જ આત્માના વૈદ્ય થવા તેડું આપ્યું, એવા હે સર્વશક્તિમાન ઈશ્વર, અમે વિનંતિ કરીએ છીએ કે સંત લૂકે શીખવેલા ઔષધરૂપી સિદ્ધાંતો વડે અમારા આત્માના સર્વ રોગ મટાડવામાં આવે. આમીન. ★

# ૧૬. ઈસુના અંતિમ દિવસોની ક્રમબદ્ધ તવારીખ




ચિત્ર ૨૭

# (૧) પૂર્વતૈયારી

રોમન કેલેન્ડર પ્રમાણે ૭૮૪ ની સાલ અથવા હિબ્રૂ કેલેન્ડર પ્રમાણે ૩૭૯૦ ની સાલના નિસાન માસની ૧૪ મી તારીખે સાંજના છ વાગ્યાનો સમય હતો. આધુનિક ગ્રેગોરિયન કેલેન્ડર પ્રમાણે ઈ. સ. ૩૦ના એપ્રિલ માસની ૬ ઠ્ઠી તારીખ હતી, ત્યારે યરુશાલેમ નગરમાં પાસ્ખાપર્વમાં ભાગ લેવા લગભગ ત્રણ લાખ યાત્રાળુઓ ભેગા થયા હતા.

ઈસુ આ ભવ્ય નગરને પ્રેમ અને કરુણાથી છલકાતી આંખે જોઈ રહ્યા. તેમના દસ શિષ્યો (કારણ કે પિતર અને યોહાન તો આજ સવારથી જ પાસ્ખાની પૂર્વતૈયારી માટે યરુશાલેમ હતા) પોતાના સ્વામીના મુખ ઉપર વિષાદ સિવાયની અન્ય કોઈ છાયા જોવા આતુર હતા. મસીહથી પરિચિત-અપરિચિત એવું આ યાત્રાળુઓનું મિશ્ર ટોળું હતું. શિલોમની શેરીથી કિદ્રોન નાળા સુધી પથરાયેલી ભીડમાંથી ઈસુ માટે અરામિક ભાષામાં ભિન્ન ભિન્ન અભિપ્રાયો છૂટતા હતા ! પરાપૂર્વથી મસીહાની રાહ જોતી ત્રણ લાખની આ મેદનીમાંથી ભાગ્યે જ આઠેક હજારે આ મસીહને પ્રત્યક્ષ જોયા કે સાંભળ્યા હતા ! તેમાંના ઘણા ઈસુને પયગંબર માનતા હતા, કેટલાક વળી તેને મસીહ પણ માનતા હતા. બાકીનાં કાં તો તેને જાદુગર અથવા શેતાનનો રાજકુંવર અથવા વિચિત્ર ધૂની તરીકે ઓળખતા હતા !

ઝરાવાળા દરવાજેથી તેઓ દીવાલની અંદરના ભાગમાં પ્રવેશ્યા. પાસ્ખાપર્વની તૈયારીમાં, સંધ્યા પહેલાં પતાવી દેવાના ઘણા વિધિઓ બાકી હોવાથી યાત્રાળુઓ ઉતાવળમાં હતા. રોજ કરતાં આજે રોમન સૈનિકોની ભીડ પણ વધુ હતી. મંદિરમાં દૈનિક ત્રીજા બલિદાનનો વિધિ પતાવી પાછા ફરતા લોકોનો રસ્તામાં ભેટો થયો. તેઓના ખભે વધ કરેલાં મૃત હલવાન લટકતાં હતાં ! યહૂદી પ્રજા આજે કાંઈક અનેરો આનંદમાં હતી, કારણ કે આજ સાંજથી શરૂ થનાર 'સપ્તાહનું

પર્વ' - તેમને મિસરની ગુલામીમાંથી મળેલી મુક્તિની યાદનું પર્વ હતું. પ્રત્યેક શ્રદ્ધાળુ યહૂદી માટે આ પવિત્ર દિવસો હતા.

હવે તેઓ યરુશાલેમના દક્ષિણ વિસ્તારના ઢોળાવ ઉપર હતા. દક્ષિણ-પશ્ચિમ તો ધનિકોનો વિસ્તાર હતો. ભવ્ય મકાનોના કંપાઉન્ડમાં ચાકરો સાંજના દીવાબત્તીની તૈયારી કરતા હતા. મંદિરની આરસમઢી સુંદરતામાં અત્યારે પ્રમુખ પુરોહિત કાયફાસ, નિર્ગમનનો ૧૨ મો અધ્યાય વાંચતા હશે; કારણ કે સંધ્યાસમયે સૂર્યનું છેલ્લું કિરણ અદશ્ય થાય ત્યારે જ પ્રમુખ પુરોહિતના મુખેથી આ શબ્દો નીકળવા જોઈએ : "અને ઈઝરાયલની આખી મંડળીના સમુદાયે તેને સાંજે કાપવો..." જેવું પુરોહિત "કાપવો" ઉચ્ચારે તે સાથે જ ત્રણ લેવીઓ ત્રણ હલવાનના ગળે છૂરી હુલાવી દેશે. વિધિ પ્રમાણે પ્રથમ પ્રહારે જ હલવાનના પ્રાણ નીકળી જવા જોઈએ. ઈસુ કોઈક અગમ્ય વિચારોની સૃષ્ટિમાં ખોવાયેલા હતા, તેથી શિષ્યો પણ ખામોશ હતા.

આજે સવારે ઈસુએ અગાઉથી પિતર અને યોહાનને પાસ્ખાની પૂર્વતૈયારી માટે નગરમાં મોકલ્યા હતા. તેમને કહેવામાં આવ્યું હતું કે નગરના ઝરાવાળા દરવાજેથી પ્રવેશતાં તેને "પાણીની ગાગર લઈને જતો એક પુરુષ" સામો મળશે (લૂક ૨૨ : ૧૦). આ તો સાંકેતિક ભાષા હતી. ઈસુએ પોતાના ગુપ્ત મિત્ર સાથે અગાઉથી વ્યવસ્થા કરી હતી. સ્થળ અને વ્યક્તિની ગુપ્તતા જાળવવા માટે સાંકેતિક ભાષા અને ગુપ્ત નિશાની જરૂરી હતી. ત્રણ લાખની મેદનીમાંથી એક અજાણ્યા પુરુષને શોધી કાઢવો તે ખરેખર મુશ્કેલી ગણાય. પરંતુ એવું નથી. સમગ્ર યહૂદિયા પ્રાંતમાં "ગાગરથી પાણી ભરવાનું કાર્ય" તે ફક્ત સ્ત્રીઓનું જ કાર્ય હતું તેથી "ગાગર સાથેનો પુરુષ" એ તો એક અસામાન્ય દશ્ય ગણાય. પિતર અને યોહાને તરત જ આ વ્યક્તિને પકડી પાડી અને તેની પાછળ ચાલવા માંડ્યું. તેના આધારે તેઓ એક ધનિક યહૂદીના પરંપરાગત મકાન આગળ આવીને ઊભા રહ્યા. આજના યજમાન તો પાછળથી પિતરના શિષ્ય

બનનાર યુવાન માર્કના પિતા અને ઈસુની શિષ્યા મરિયમના પતિ એવા સાઈપ્રસ બેટના ધનવાન લેવી હતા. તેમનું મકાન વિશાળ હતું. લગભગ ૧૨૦ વ્યક્તિઓનો સમાવેશ થઈ શકતો (પ્રે. કૃ. ૧૨ : ૧૨). માર્કના પિતા તો પાઉલના સાથીદાર બાર્નાબાસના સગા હતા (કોલોસી ૪ : ૧૦). સાઈપ્રસ બેટમાં તેમની ઘણી જમીન હતી (પ્રે. કૃ. ૪ : ૩૬-૩૭). નૂહના વંશજ એલીશાહના કુળના આ લેવી (ઉત્પત્તિ ૧૦ : ૪) સાઈપ્રસમાં નીલ-જાંબુડિયા કાપડના વેપારથી અપાર ધન કમાયા હતા (હઝકી ૨૭ : ૭).

શિષ્યો યજમાન અને તેના યુવાન પુત્ર માર્ક સાથે ઉપલા માળે આવેલી ઓરડીમાં ગયા (લૂક ૨૨ : ૧૧). અહીં ભૂતકાળમાં ઈસુ ગુપ્ત રીતે ઘણી વાર આવ્યા હશે, કારણ કે આ ઓરડી ઈસુ માટે Guest Chamber તરીકે ઓળખાવી છે (લૂક ૨ : ૭). ઓરડી સરસામાનથી સજાવેલી હતી. સુશોભનથી મહેમાનો માટે તૈયાર કરેલી હતી (માર્ક ૧૪ : ૧૫). શિષ્યોએ ઓરડી જોઈને સંતોષ વ્યક્ત કર્યો. નગરમાં જઈને પાસ્ખાની તૈયારી માટેના ખાદ્યપદાર્થો ખરીદવા જોઈએ. ઈસુ આજે શિષ્યો સાથે અહીં જ પર્વ ઊજવશે. હલવાન, કડવી ભાજી, ચાટણા માટેનાં દ્રવ્યો તથા બેખમીર રોટલી એટલી વસ્તુઓ જરૂરી હતી. પ્રથમ હલવાન ખરીદવું પડશે, કારણ કે ખરીદીને તેનું મંદિરમાં અર્પણ કરવાનું હોય છે (નિર્ગમન ૧૨ : ૫-૨૨). પાછા ફરીને મંદિરથી પશ્ચિમના દરવાજે થઈને સીધા તેઓ ઉતારાની આ ઓરડીમાં આવ્યા ત્યાં સુધીમાં લગભગ સાંજ પડવાની તૈયારી હતી. તાપણું તૈયાર કરી જલદીથી હલવાન શેકવું પડશે. હલવાનનું એકપણ અસ્થિ ભાંગવાની મનાઈ હતી, કારણ કે હલવાન તો અવિભક્ત અને સંપૂર્ણ એવા ઇઝરાયલનું પ્રતીક છે! બંને શિષ્યોમાં પિતર વધુ અનુભવી હતો તેથી હલવાનને શેકવાનું કાર્ય તેણે ઉપાડી લીધું. ઇંટ અને ટાઈલ્સની બનેલી ભઠ્ઠી તૈયાર થઈ ગઈ. હલવાનની ઊનવાળી ચામડી ઉપર આજના યજમાનનો હક ગણાય. તે તેમને આપી દેવામાં આવી. વયમાં નાના

યોહાને બેખમીર રોટલીના ટુકડા કરવાનું સ્વીકાર્યું. આ રોટલી Matzoth કહેવાતી. વિધિપૂર્વક તૈયાર કરેલી આ "સંતાપની રોટલી" હતી. મિસરમાંથી નિર્ગમન કરતી વખતે પયગંબર મૂસાની પાછળ ઉતાવળથી નાસી જતા યહૂદીઓની સ્ત્રીઓ પાસે રોટલીમાં ખમીર મેળવવાનો પણ સમય નહોતો. એ દુઃખદસ્મૃતિમાં આજે બેખમીર રોટલી ખાવાનો રિવાજ હતો. મિસરની કડવી ગુલામીની બીજી દુઃખદ સ્મૃતિમાં આજે કડવી ભાજી પણ ખવાતી. આ નગરના પર્વતોના ઢોળાવ ઉપર પાંચ પ્રકારની કડવી ભાજી ઊગતી હતી. દક્ષિણ તરફના ઢોળાવ ઉપર થતી કડવી ભાજીનાં પાન શિષ્યોએ ભેગાં કર્યાં હતાં. પાછળથી કડવી ભાજીનાં એ પાન સરકાના પ્યાલામાં બોળવામાં આવશે. શિષ્યોની આર્થિક પરિસ્થિતિ અનુસાર ખજાનચી યહૂદાએ આપેલા પૈસામાંથી મધ્યમ પ્રકારનો લાલ રંગનો દ્રાક્ષારસ પણ ખરીદવામાં આવ્યો હતો. મંદિરના દરવાજે આવાં દરેક પ્રકારનાં મધ વેચાતાં હતાં. ભોજનના ટેબલ ઉપર યજમાન આ દ્રાક્ષારસના ચાર ભાગ સાથે એક ભાગ પાણી મેળવીને શિષ્યોને આપશે. અંતે પિતર અને યોહાન Charoseth તૈયાર કરવા લાગ્યા. આ એક પ્રકારનું ચાટણું હતું. બદામ, અંજીર, ખજૂર અને જતને સરખે ભાગે વાટીને સરકા અથવા દ્રાક્ષારસમાં તેને લસોટવું પડતું. તૈયાર થયેલું ચાટણું ઈંટના રંગનું લાગતું. ભોજન વખતે રોટલી સાથે કડવી ભાજીનો કોળિયો લઈ આ સ્વાદિષ્ટ ચાટણામાં બોળીને ખાવામાં આવતો.

ઈસુ બાકીના દશ શિષ્યો સહિત આ મકાનના કમ્પાઉન્ડમાં પ્રવેશ્યા ત્યારે હજી પણ પિતર અને યોહાન પૂર્વતૈયારીમાં ગૂંથાયેલા હતા. ઉપરની કોઈક બારીમાંથી ઈસુના દર્શાનાર્થે યુવાન માર્કે ડોકિયું કર્યું. નીચે પોતાના પિતા, ઈસુ અને તેમના શિષ્યોનું સ્વાગત કરતા હતા ! ઈસુ હજી પણ મૌનપ્રવૃત હતા. વાતાવરણમાં કોઈ અદશ્ય બોજ વરતાતો હતો. ખામોશીની ભાષામાં જ સલામીની આપલે થઈ.

ઈસુએ દૃષ્ટિ દ્વારા જ ઓરડીનું નિરીક્ષણ કર્યું. આ ઓરડી અને આજની રાત્રિ ઈસુ માટે ખૂબ મહત્ત્વની હતી. મનોમંથનમાં ડૂબેલા ઈસુના મૌનથી શિષ્યો પણ મૌન હતા - વીજળીનો કડાકો થતાં ઘેટાં આકાશ સામે જોતાં નથી, તેઓ તો પોતાના ભરવાડ સામે જ જુએ છે!

મકાનમાલિકે મિત્ર ઈસુની સેવામાં પોતાના બે અંગત ચાકરોને મૂક્યા હતા. તેમણે ઓરડીના મધ્યમાં ટેબલ સજાવ્યું. જમીનથી એક ફૂટ ઊંચું આ અંગ્રેજી યુ U આકારનું ટેબલ હતું. U ના બે છૂટા છેડા ઓરડીના બારણા તરફ રાખવામાં આવ્યા. ટેબલનો વળાંકવાળો છેડો બારણાથી વિરુદ્ધ દિશામાં હતો. ટેબલની પાછળ લગભગ ૭ થી ૧૨ ફૂટ લાંબા દિવાન (Triclinia) ગોઠવ્યા. ભોજન કરનાર વ્યક્તિ ઓશીકાના સહારે આ દીવાન પર બેસી, ડાબા હાથની કોણી ટેકવી જમણા હાથે ભોજન કરતી. ટેબલના વળાંકવાળા છેડા ઉપર રિવાજ મુજબ કુલ ત્રણ વ્યક્તિઓ એટલે કે મધ્યમાં મુખ્ય મહેમાન તથા તેની આસપાસ બે સન્માનીય વ્યક્તિઓ બિરાજતી. આજે મધ્યમાં ઈસુ બિરાજશે. તેમની ડાબી બાજુ પટ્ટશિષ્ય પિતર બિરાજશે. ઈસુની જમણી તરફ દ્વિતીય સન્માનિત આસન હતું. સામાન્ય રીતે આ આસાન ઉપર ખજાનચી શિષ્ય યહૂદા બિરાજતો; પરંતુ આજની રાત આ આસન ઉપર ઈસુના પરમપ્રીતિપાત્ર યુવાન શિષ્ય યોહાનને બેસવાનું હતું.

હવે લગભગ સાતેક વાગ્યા હતા. ભોજનનો સમય થઈ ગયો હતો. હલવાન તૈયાર હતું. પવિત્રીકરણના જળથી ઈસુએ અને શિષ્યોએ હાથ ધોયા. સર્વ પોતપોતાની જગાએ ગોઠવાઈ ગયા. એક ચાકર પહોળા પાત્રમાં ગરમ પાણી તથા ટુવાલ લઈને ઈસુની પાછળ આવીને ઊભો. ભોજનની શરૂઆત પૂર્વે શુદ્ધિકરણનો આ બીજો વિધિ હતો. ભોજનમાં ભાગ લેનારે આ પાત્રમાંથી પાણી લઈ પોતાના પગ ધોવા પડતા. સહસા ઈસુએ ઊભા થઈ પાત્ર પોતાના હાથમાં લઈ લીધું અને આશ્ચર્યચકિત શિષ્યોના પગ સ્વામીએ સ્વયં ધોવા માંડ્યા. આ

પ્રણાલીભંગથી શરમિંદા થયેલા શિષ્યો આનાકાની કરવા લાગ્યા. પરંતુ ખ્રિસ્તી ધર્મની નમ્રતા અને પ્રેમનું એ કાયમી ઉદાહરણ બનવાનું હતું. શિષ્યોના મનનું સમાધાન કરતાં ઈસુએ પ્રથમ વાર મૌનભંગ કર્યું, છતાં મર્મ અને રહસ્ય ગુપ્ત જ રહ્યાં : "તમે શુદ્ધ છો, પણ... બધા નહિ" (યોહાન ૧૩ : ૧૦-૧૧). અત્યાર સુધીના બોજનું રહસ્ય આ જ હતું. ઈસુને દગો દેનાર આ શિષ્યોમાંથી જ કોઈ અશુદ્ધ છે!



ચિત્ર ૨૮

શિષ્યો સાથે છેલ્લું ભોજન (ઈટાલીના એક ચર્ચમાંનું ચિત્ર)

ભોજનની શરૂઆતમાં સૌની નાની વ્યક્તિ વડીલને પૂછતી, કે "આજની રાત્રિ અન્ય રાત્રિ કરતાં જુદી શા માટે છે?" એટલે કે આ સંસ્કારવિધિનો અર્થ શો છે? (નિર્ગમન ૧૨ : ૨૬). ઈસુની ડાબી તરફ બેઠેલા સૌથી નાના શિષ્ય યોહાને આ પ્રશ્ન પૂછીને વિધિ પૂરો કર્યો. ઈસુએ પ્રત્યુત્તરમાં અહીં પાસ્ખાપર્વનું રહસ્ય શિષ્યોને સમજાવ્યું. અંતે "હાલેલનાં ગીતો" તરીકે ઓળખાતા (ગીત ૧૧૩ થી ગીત ૧૧૪) નો પ્રથમ ભાગ ગાવામાં આવ્યો. ફરીથી હાથ ધોઈને ઈસુએ બેખમીર રોટલી હાથમાં લીધી. ઈસુએ અગાઉના માનસિક બોજથી વિષાદયુક્ત સ્વરે ઉચ્ચાર્યું : "મારી સાથે રોટલી ખાનારે મારી સામે

લાત ઉગામી છે'' (યોહાન ૧૩ : ૧૮). શંકા વધુ ઘેરી થઈ. શિષ્યો એકબીજાની સામે જોવા લાગ્યા અને પૂછવા લાગ્યા, ''સ્વામી ! તે કોણ છે ? '' પિતરના ઈશારે યોહાને સ્વામીની છાતી ઉપર માથું ટેકવીને ધીમા સ્વરે એ જ પ્રશ્ન પૂછ્યો. ઈસુએ એટલા જ ધીમા અવાજે કહ્યું : ''હું કોળિયો જેને આપીશ તે જ તે છે ! '' કદાચ યોહાન અને પિતર સિવાય બીજા કોઈ શિષ્યોને આ સંભળાયું નહિ હોય ! ઈસુએ ચાટણામાં બોળીને બેખમીર રોટલીનો ટુકડો યહૂદાને આપ્યો. ઈસુ અને યહૂદાની દષ્ટોદષ્ટ મળી. એ વેધક નજરમાં ઈસુએ યહૂદાનો બદઈરાદો વાંચી લીધો. તે જ ક્ષણે યહૂદા ટેબલ છોડીને બહાર જતો રહ્યો. માનવપુત્રના મહિમાવાન થવાની આ ઘડી હતી: યહૂદાની ગેરહાજરીમાં ખ્રિસ્તી ધર્મનો નવો વિધિ - રક્તનો નવો કરાર - સ્થાપન કરવામાં આવ્યો. ''મારી યાદગીરીમાં આ કરો'' (લૂક ૨૨ : ૧૫-૨૦). ભોજનની સમાપ્તિમાં ''હાલેલનાં ગીતો''નો બીજો ભાગ (ગીત ૧૧૫ થી ગીત ૧૧૮) ગાવામાં આવ્યો. એ ગીત સાથે આ ઐતિહાસિક વિધિ સમાપ્ત થયો. ત્યાર બાદ ઈસુએ મૃત્યુને ભેટવા જૈતૂન પર્વત તરફ પ્રયાણ કર્યું (માથ્થી ૨૬ : ૩૦). ધનિક યહૂદી યજમાનના ધ્યાન બહાર આ બિના નહોતી ! તેણે પોતાના યુવાન પુત્ર માર્કને ઈસુની પાછળ છૂપી રીતે જવા કહ્યું, જેથી પોતાના મિત્રની સલામતીમાં હજી પણ સહાયરૂપ થઈ શકાય (માર્ક ૧૪ : ૫૧-૫૨). ●

## (૨) અંતિમ યાત્રા

એબેનદાર કાર્યક્ષમ રોમન અધિકારી હતો. સૌ રોમન સૈનિકોનો તે ઉપરી હતો. ક્રૂસ ઉપર અપરાધીને દેહાંતદંડ આપવાના વિધિથી તે સંપૂર્ણ માહિતગાર હોવાથી એ કાર્યનો તે નિષ્ણાત ગણાતો હતો. તેણે આ સરઘસયાત્રાનું અગ્રસ્થાન લેવા એક ઘોડેસ્વાર સૈનિકોને આગળ બોલાવ્યો. ભાલાધારી સૈનિકો આ ત્રણેય અપરાધી-દીસમસ, ઈસુ અને

ગેસ્તાસ-ની આસપાસ ગોઠવાઈ ગયા. પ્રત્યેકનો સ્વપરિચય અને અપરાધનો પ્રકાર દર્શાવતાં પાટિયાં પણ તેમના હાથમાં પકડાવી દેવામાં આવ્યાં.



ચિત્ર ૨૯

(ઈસુને બંદીવાન કરીને લઈ જતા રોમન સૈનિકોએ – યરુશાલેમના પથ્થર જડેલા માર્ગ પર દોરેલી કૂકરીની રમતનું ચિત્ર)

[રમતની હારજીત પરથી ઈસુના સીવણ વગરના ડગલાની માલિકી નક્કી કરવામાં આવી.]

આટલી પૂર્વતૈયારી બાદ હવે આ અપરાધીઓના જમણા ખભે ક્રૂસનું આડું લાકડું (અ. ક્રોસ બીમ) ગોઠવવાનો વિધિ કરવાનો હતો. ઊભું લાકડું જ્યાં દેહાતદંડ આપવાનો હોય તે સ્થળે કાયમ ખોડી રાખવામાં આવતું હતું. પરંતુ આડું લાકડું દરેક અપરાધી માટે નવું લાવવામાં આવતું. આ આડું લાકડું નજીકના સાઈપ્રસ વૃક્ષના જંગલમાંથી કાપી લાવવું પડતું. જલ્લાદ પોતે જ વૃક્ષના થડમાંથી છ ફૂટ લાંબો, પાંચ ઇંચ પહોળો અને ત્રણ ઇંચ જાડો ટુકડો કાપી લેતો. તેનું વજન લગભગ પંદર કિલોગ્રામ જેટલું થતું. વાંસલાથી અણઘડ રીતે છોલવાથી

તેની સપાટી ખરબચડી જ રહી જતી. ક્ષતિરહિત કાર્ય કરનાર સુથાર ઈસુના ધ્યાનમાં આ આવ્યું જ હશે.

પરંપરાગત વિધિ પ્રમાણે ત્રણે અપરાધીઓના જમણા ખભે આ આડાં લાકડાં ગોઠવવામાં આવ્યાં. પ્રથમ તેમના બંને હાથની હથેલી વચ્ચે છ ઇંચનું અંતર રહે તેમ દોરડાથી બાંધી દેવામાં આવ્યાં. આમ કરવાથી હાથની હથેલી છાતીથી લગભગ ત્રીસ ઇંચ દૂર રહે. આવી રીતે લાકડું ખભાથી આગળ ત્રીસ ઇંચ અને પીઠ પાછળ રહેવાથી મોટા ભાગનું વજન પીઠ તરફના ખભાના ભાગને ચીરી નાખતું, જ્યારે આગળ ફસાવેલા હાથ બંધનના લીધે તેમ જ સમતુલન જાળવવાનો સતત પ્રયત્ન કરવાથી અત્યંત પીડા ઉત્પન્ન કરતા.

પાલેસ્ટાઈનમાં વસતા રોમન અત્યાચારીઓની પીડા આપવાની આ આગવી શોધ હતી. ત્રણમાંથી બે અપરાધીઓ દીસમસ અને ગેસ્તાસ ચોર-લૂંટારા હતા, પરંતુ શરીરે હૃષ્ટપુષ્ટ હતા; જ્યારે ઈસુના શરીરના પ્રમાણમાં બોજો વધુ પડતો હતો તે વાત એબેનદારના ધ્યાન બહાર રહી નહિ. તૈયાર રસઘસની લંબાઈનું નિરીક્ષણ કર્યા પછી એબેનદારે સૈનિકોને આગેકૂચની આજ્ઞા આપી. ઈસુની દૃષ્ટિ તેમની આગળના સૈનિકોની પીઠ પાછળ સ્થિર થયેલી હતી. આજુબાજુ પ્રેક્ષકો લોકોની ભીડમાં કોલાહલ વધતો જતો હતો, છતાં ઈસુ કોઈ ધ્યાનસ્થ યોગીની જેમ સ્થિતપ્રજ્ઞ હતા. આવી પડનાર ક્ષણથી જરાપણ વિચલિત મનોભાવ તેમની દૃષ્ટિમાં જણાતો નહોતો. ઈસુના રહસ્યમય દેહાંતદંડના કાવતરામાં સંડોવાયેલા પ્રપંચી યહૂદી પુરોહિતો લોકોનો પ્રત્યઘાત જોવા મથતા હતા. ખાસ કરીને તેમના કાવતરાથી અજ્ઞાત એવા પ્રજાજનો ઉપર કેવી અસર પડી તે તેમને જાણવું હતું. તેઓ સરઘસની સાથે સાથે ચાલવા લાગ્યા. જો લોકોને આ કૃત્યથી મનોરંજન મળતું દેખાય તો આ દોષ તે રોમન હાકેમ ઉપર ઢોળી દેવા માગતા હતા. આ વિદ્વાન પુરોહિતો સરઘસથી થોડે દૂર રહીને એકબીજાની સાથે


ચર્ચામાં મશગૂલ હતા. પ્રજાની આગળ હાથ ધોઈ નાખીને પોતાની નિર્દોષતા સ્થાપિત કરનાર પિલાત તેમની ચર્ચાનું કેન્દ્ર હતો. ખરેખર, આ વિધિ તો યહૂદી વિધિ હતો, જ્યારે પિલાત રોમન હાકેમ હતો. પયગંબર મૂસાના નિયમશાસ્ત્ર પ્રમાણે અજાણ્યા ખૂનના પ્રસંગે યહૂદીઓ માટે આવો વિધિ ઠરાવવામાં આવ્યો હતો (પુનર્નિયમ ૨૧ : ૧-૯). જ્યાંથી લાશ મળી હોય ત્યાંના સૌથી નજીકના પ્રજાજનો ભેગા થતા અને એક નાની વાછરડીનું બલિદાન આપી, પોતાના હાથ ધોઈ નાખીને બોલતા કે "અમારા હાથોએ આ લોહી વહેવડાવ્યું નથી, તેમ જ અમારી આંખોએ તે જોયું પણ નથી" (પુનર્નિયમ ૨૧ : ૭). પ્રમુખ પુરોહિતોને એ વાતનો આનંદ હતો કે તેમના કાવતરારૂપ ઈસુના રહસ્યમય ખૂનના લોહીનો બદલો પ્રજાજનોએ પોતાને માથે ઓઢી લીધો હતો : "એનું લોહી અમારે માથે તથા અમારા સંતાનને માથે" (માથ્થી ૨૭ : ૨૫). ખોટા આરોપનો આ મનગમતો પ્રત્યાઘાત હતો.

સરઘસની શરૂઆત થઈ તે કમાનવાળા દરવાજાથી દેહાંતદંડનું સ્થળ ગલગથા બરાબર એક હજાર પગલાં એટલે કે લગભગ ત્રણ હજાર ફૂટના અંતરે આવેલું હતું. ગલગથા હિબ્રૂ શબ્દ અથવા કાલવરી ગ્રીક શબ્દનો અર્થ મનુષ્યની ખોપરીના આકારવાળી ટેકરી એવો થાય છે.

એબેનદારે સરઘસ માટે ટૂંકો રસ્તો નક્કી કર્યો હતો જોકે તે સાંકડો - લગભગ ૧૨ ફૂટ જ પહોળાઈવાળો હતો. વળી કૂચનો પ્રથમ ભાગ સીધા ચઢાણવાળો અને ત્યાર બાદ ખીણમાં ઉતરાણવાળો હતો. આ આખો વિસ્તાર ઘરો અને દુકાનોથી ગીચ વસ્તીવાળો હતો.

૭ મી એપ્રિલ, ઈ.સ. ૩૦ના શુક્રવારને દિવસે બપોરના લગભગ સાડા અગિયારનો સમય હતો. આજુબાજુનાં મકાનોની છત અને અગાસીમાં ખીચોખીચ પ્રેક્ષકો ઊભરાઈ રહ્યા હતા. અપરાધીઓને કુતૂહલથી જોઈ લેવા પડાપડી થતી હતી. લથડતી ચાલે ચાલતા ઈસુને લીધે સરઘસ અત્યંત ધીમી ગતિથી ચાલતું હતું. ઈસુની લાચારી જોઈને


સૈનિકો તેમાં ઝડપ લાવવાનું દબાણ કરી શકતા નહોતા. ભીડમાંથી પ્રેક્ષકો આ અપરાધ કે નિર્દોષતા ઉપર કવચિત્ ટીકા કરી લેતા હતા.



ચિત્ર ૩૦ : ગલગથા (ખોપરીની જગા)
(માથ્થી ૨૭ : ૩૩. માર્ક ૧૫ : ૨૨. લૂક ૨૩ : ૩૩. યોહાન ૧૯ : ૧૭)

જ્યારે રસ્તા ઉપર ધસી આવતી ભીડને લીધે સરઘસની ગતિમાં અવરોધ આવતો, ત્યારે સૈનિકો બૂમ પાડીને અથવા જરૂર પડ્યે ભાલાથી ભીડને ધકેલીને માર્ગ ચોખ્ખો કરી લેતા હતા. સામાન્ય સંજોગોમાં એબેનદારે સરઘસને નગરના મુખ્ય માર્ગમાંથી દોર્યું હોત, કારણ કે રોમન નિયમ પ્રમાણે પ્રજા ઉપર દાખલો બેસાડવા દેહાંતદંડની સજા પામેલા અપરાધીને જાહેરમાં પ્રદર્શિત કરવો પડે ! પરંતુ શુક્રવારના બપોર થયા હતા. યહૂદી સમયગણતરી પ્રમાણે તે સાંજથી શનિવાર એટલે કે સાબ્બાથવાર બેસી જાય. સાબ્બાથવારે ગુનેગારને દેહાંતદંડ આપી શકાય નહિ. સિરિયાની રાજ્યકર્તા સભા તરફથી રોમન હાકેમ પિલાતને સ્થાનિક યહૂદીઓના ધાર્મિક સામાજિક નીતિનિયમોમાં કોઈપણ દખલ ન કરવાનો સ્પષ્ટ આદેશ હતો. તેથી જ વિલંબ નિવારવા આ

સરઘસને ટૂંકે રસ્તે - સાંકડો હોવા છતાં - દોરવામાં આવ્યું. અત્યાર સુધીમાં રસ્તાનું કપરું ચઢાણ પાર કરીને સરઘસ હવે નીચે ઊતરતા



ચિત્ર ૩૧
જ્યાં ઈસુનાં પુનિત પદચિહ્નો પડ્યાં હતાં તે કિદ્રોન ખીણનાં ઐતિહાસિક પગથિયાં

રસ્તે આવી ગયું હતું. રસ્તાની ડાબી બાજુના છેડે યરુશાલેમનું બજાર આવેલું હતું, તેથી અહીં વધારે પ્રેક્ષકોનો ઉમેરો થયો હતો. તે સ્વાભાવિક હતું. થાક, વેદના અને શરમભર્યા વ્યવહારથી ઈસુ અત્યંત શ્રમિત થઈ ગયેલા લાગતા હતા.

માથા ઉપર મુકાયેલા કાંટાથી આખો ચહેરો રક્તરંગિત થયો હતો. તેવામાં જ તેમનો પગ પથ્થરના પગથિયા ઉપરથી લથડ્યો અને બાંધેલા હાથમાંથી લાકડું છટકી ગયું. તેઓ આંચકા સાથે જમીન પર ઘૂંટણભેર પડી ગયા. સૈનિકો ગુસ્સાથી ચાબુક ઉગામી, પરંતુ ઈસુની લાચારી અને મૃતઃપાય સ્થિતિ જોઈ આગેવાન એબેનદારે તેની ચાબુક પકડી લીધી, પ્રહાર નિવારી લીધો. રસ્તામાં જ અપરાધી મૃત્યુ પામે

તો વધસ્તંભે જડવાથી પ્રજાને મળનારું વધુ ઉત્તમ મનોરંજન અહીં જ ખતમ થઈ જાય. એબેનદારે વિચારપૂર્વક પ્રેક્ષકોમાં નજર દોડાવી. ભીડમાં મોટું માથું, કાળી દાઢી અને ગાલનાં હાડકાં બહાર ઊપસી આવેલાં એવા એક યુવાનને જોયો. એ તો લિબિયા પ્રાંતના કુરેની ગામનો પૈસાપાત્ર ખેડૂત સિમોન હતો. તે પોતાના બે પુત્રો એલેકઝાન્ડર અને રૂફસ સાથે યરુશાલેમની સહેલ કરવા નીકળ્યો હતો. નામે યહૂદી હતો. પણ પોતે યહૂદી નહોતો. તેના પુત્રોનાં નામ ગ્રીક હતા, કારણ કે તેના ગામમાં ગ્રીક અને યહૂદીઓનું નાગરિકત્વ સમાન ગણાતું હતું. એબેનદારે ચાબુકથી સિમોનને પ્રેક્ષકોથી જુદો પાડી આગળ ખેંચી લીધો. ઈસુની અવેજીમાં તેનો સ્તંભ હવે ગંતવ્ય સ્થાન સુધી આ સિમોન ઊંચકશે એવો એબેનદારે નિર્ણય કર્યો - ઐતિહાસિક નિર્ણય. દૂરના ગામડાનો અપરિચિત ગ્રીક ખેડૂત ખ્રિસ્તી ઇતિહાસમાં અમર થઈ ગયો. પરંતુ જે કાર્ય તેને અનિચ્છાએ સ્વીકારવું પડ્યું તેથી યરુશાલેમની સહેલ કરવાની પોતાની લાલચને તેણે જરૂર શાપ દીધો હશે.

આડું લાકડું સિમોનના ખભા પર હતું. સરઘસની કૂચ આગળ ચાલી. અત્યાર સુધીમાં વ્યથા, વેદના અને થાકથી નિર્ગત ઈસુના ચહેરા પર લોહીની સાથે પરસેવો પણ ભળ્યો હતો. કમકમાટી ઉપજાવે તેવું દયાજનક દશ્ય હતું. સરઘસના શોરબકોરથી કુતૂહલવશાત્ એક બાલિકા બાજુના ઘરમાંથી બહાર દોડી આવી. (દંતકથા પ્રમાણે તેનું નામ વેરોનિકા હતું.) જે દશ્ય તેણે જોયું તેથી બાળા સ્તબ્ધ થઈ ગઈ. યરુશાલેમના મંદિરની આસપાસ ક્યારેક આ બાળા ઈસુના ખોળામાં રમી પણ હશે. કદાચ જૈતૂન વૃક્ષની ડાળી સાથે થોડા જ દિવસો પહેલાં આ બાળાએ ઈસુને ગધેડા પર સવાર થઈ યરૂશાલેમમાં પ્રવેશતાં પણ જોયા હશે. તેને ઈસુ ઉપર અનુકંપા ઊભરાઈ આવી. ભય અને દુઃખથી તે રડી પડી, અને દોડી જઈને ઈસુના ચહેરા ઉપર પોતાની લિનનની ઓઢણી દાબી દીધી. વેરોનિકાની રેશમી ઓઢણીમાં મસીહાનો

ચહેરો સદાને માટે આબેહૂબ અંકિત થઈ ગયો. ભવિષ્યની સમસ્ત ખ્રિસ્તી પ્રજા ઈસુના ચિત્ર માટે અનંતકાળ સુધી આ બાળાની ઋણી રહેશે. કૂચ આગળ ધપતી રહી. હવે ટેકરીનું ચઢાણ હોવાથી પ્રેક્ષકોની ભીડ ઓછી હતી. દરેકની નજર પાટિયા પર અપરાધનો પ્રકાર વાંચી પ્રશ્નાર્થ કરતી કે અરે, અરે, તમે આવું કૃત્ય શા માટે કર્યું ? ઈસુ, ગેસ્તાસ અને દીસમસ નિરુત્તર રહ્યા.

કાયદા પ્રમાણે "આરોપી" પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાની છૂટ હતી, પરંતુ એક વાર અપરાધી સાબિત થાય પછી "અપરાધી" પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી શકાય નહિ તેવો નિયમ હતો. ગરીબ, દુ:ખી અને નિરાધારની સહાય અર્થે યરુશાલેમની કેટલીક દયાભાવનાથી પ્રેરિત સ્ત્રીઓએ "ચાબુરાત-ઈર" નામની સંસ્થા સ્થાપી હતી. પ્રેક્ષકોમાંથી આવી માયાળુ સ્ત્રીઓ આ અતિ કરુણ દશ્ય જોઈ કાયદાનું ઉલ્લંઘન થતું હોવા છતાં રુદન કરવા લાગી. ડૂસકાંનો અવાજ વધી ગયો. ઈસુએ તે સાંભળ્યું અને દૃષ્ટિ ઊંચી કરીને જોયું. હવે આ સ્ત્રીઓ વધુ જોરથી રડવા લાગી. પોતાના મૃત્યુ ઉપર આંસુ સારનાર આ લાગણીશીલ સ્ત્રીઓને જોઈને ઈસુનું હૃદય પીગળી ગયું. કાંઈક કહેવા માટે તેમનું ગળું ખેંચાયું. સહસા એક ભવિષ્યવાણી સરી પડી : "યરુશાલેમની દીકરીઓ, માટે માટે રડો મા, પણ પોતાને માટે તથા પોતાનાં છોકરાંને માટે રડો. કેમ કે એવા દિવસો આવે છે કે જેમાં તેઓ કહેશે, કે જેઓ વાંઝણી છે તથા જેઓના પેટે કદી સંતાન થયું નથી, અને જેઓએ કદી ધવડાવ્યું નથી, તેઓને ધન્ય છે! ત્યારે તેઓ પહાડોને કહેવા માંડશે, કે અમારા પર પડો;..." (લૂક ૨૩ : ૨૮-૩૦). આ ભવિષ્યવાણી ખૂબ જ નજીકના ભવિષ્યમાં ઈ.સ. ૭૦ માં જ સાચી પડવાની હતી. યરુશાલેમના વિનાશ સંબંધીની આ વાણી હતી. સ્ત્રીઓ કાંઈક સમજી ના સમજી, છતાં હકારમાં માથું હલાવવા લાગી. ઈસુએ ફરીથી ચેતવણી ઉચ્ચારી : "જો તેઓ લીલા ઝાડ (ઈસુ) ને આમ કરે છે, તો સૂકાં

(તમો) ને શું નહિ કરશે ?" (લૂક ૨૩ : ૩૧). રોતી સ્ત્રીઓનાં આંસુ સુકાઈ ગયાં. કૂચ આગળ ધપવા લાગી. થોડે દૂર હવે ગેનેથ દરવાજો દેખાતો હતો. તેની પેલી પાર ક્ષિતિજમાં કાળાં વાદળ ઊમટતાં હતાં. આવનાર તોફાની એંધાણીથી સર્વ અજ્ઞાત હતાં. ગલગથાની ટેકરી ઉપર ત્રણ ઊભાં લાકડાં સ્પષ્ટ દેખાતાં હતાં. થોડી જ વાર પછી ત્રણ આડાં લાકડાં સાથે આ અપરાધીઓ ત્યાં લટકી જશે. ઈસુની દૃષ્ટિ હવે વચલા સ્તંભ ઉપર સ્થિર હતી. સમગ્ર માનવજાતનો દિલાસો ઈસુનું બલિદાન - હવે ફક્ત પચાસ ડગલાં દૂર હતું. ઓગણપચાસ, અડતાલીસ, સુડતાલીસ... !

●

## (૩) ગુડ ફ્રાઈડે

તારીખ : ૭ મી એપ્રિલ, ઈ.સ. ૩૦

સમય : બપોરે બાર વાગે

વધસ્તંભે જડવાની પદ્ધતિના પ્રથમ શોધકો ફિનિશિયન લોકો હતા. અપરાધીઓને મારી નાખવાની ઘણી પદ્ધતિઓ તેમણે અજમાવી જોઈ હતી : જેવી કે ભાલા ભોંકીને, ઊકળતા તેલમાં નાખીને, શૂળી ઉપર ચડાવીને, પથ્થર મારીને, ગળું દબાવી શ્વાસ રુંધી નાખીને, પાણીમાં ડુબાડી દઈને, બાળી નાખીને વગેરે. પરંતુ આ સર્વ પદ્ધતિઓ વડે મૃત્યુ બહુ ઝડપી નીવડતું. તેમને સજા કરવાની કોઈ એવી પદ્ધતિ જોઈતી હતી કે જેનાથી અપરાધી ધીમે ધીમે અને નિર્દયતાથી રિબાય. જેથી છેલ્લે તેમણે વધસ્તંભની શોધ કરી. આ પદ્ધતિ તેમને આદર્શ (?) જણાઈ, કારણ કે, તે જેટલી ધીમી હતી તેટલી જ પીડાકારક પણ હતી. ઘણી વાર સૂર્યના પ્રખર તાપમાં પણ અપરાધી બેત્રણ દિવસ સુધી જીવતો રહેતો. પ્રેક્ષકોની ઠઠ્ઠાયુક્ત નજર આગળ ગુનેગારનું પૂરેપૂરું પ્રદર્શન પણ થતું હતું.

બીજી બાબત તે શારીરિક નગ્નતા હતી. અપરાધીની શરમમાં

આ પદ્ધતિ ઉમેરો કરતી હતી. વળી હવામાં અસંખ્ય જંતુઓ સામે અપરાધી અસહાય બની જતો; અને જંગલી કાગડાઓ તથા બીજાં નાનાં માંસભક્ષી પ્રાણીઓને ગુનેગારના મૃત્યુની રાહ જોવી પડતી.

રોમનોએ ગુનેગારો ઉપર ધાક બેસાડવા માટે આ વધસ્તંભે જડવાની પદ્ધતિ અપનાવી લીધી. તેમને આ પદ્ધતિમાં પૂરી શ્રદ્ધા હતી. ત્યાર બાદ સ્તંભે જડવાની પ્રથામાં રોમનોએ સુધારાવધારા કરી તેને વૈજ્ઞાનિક રૂપ પણ આપ્યું. રોમન રાજ્યના સૈનિકોને આ ક્ષેત્રમાં સારો મહાવરો હતો. જ્યારે સ્પાર્ટેક્સનો બળવો દબાવી દેવામાં આવ્યો ત્યારે એક જ દિવસમાં કાપુઆ તથા રોમ નગરોની વચ્ચે છ હજાર બળવાખોરોને એકી વખતે વધસ્તંભે જડી દેવામાં આવ્યા હતા.

દેહાંતદંડની આ પદ્ધતિની શરૂઆતના દિવસોમાં, તેઓ વ્યક્તિના પગમાં ખીલા ઠોકતા જ્યારે હાથ આડા લાકડા સાથે બાંધી દેવામાં આવતા; પરંતુ પાછળથી તેમને જણાયું કે આ પદ્ધતિ દ્વારા ગુનેગારનું બળ ખૂબ ધીમી ગતિથી હણાતું જતું હતું, જેથી સ્તંભની પાસે સતત ઘણા દિવસો સુધી ચોકી-પહેરો રાખવાની જરૂર પડતી. પાછળથી તેમણે સુધારો કરી હાથના કાંડામાં તથા પગમાં (બંને જગાએ) ખીલા મારવાનું શરૂ કર્યું. જેનાથી સજાનો ભોગ બનેલી વ્યક્તિ થોડા કલાકોમાં મૃત્યુ પામતી, સિવાય કે તે અસાધારણ શક્તિશાળી હોય.

તેઓ એવા નિર્ણય ઉપર આવ્યા કે પ્રથા જ વાજબી છે, કારણ કે ત્યાં સુધીમાં પ્રેક્ષકોનો રસ ઓસરી જતો અને ટોળું વિખેરાઈ જતું.

રોમન રાજ્યના ઉદયકાળમાં, આ સજા ફક્ત ગુલામો કે બળવાખોરો પૂરતી જ અનામત રાખવામાં આવતી હતી. ઘણા લાંબા સમય સુધી આ પ્રથા માટે સજા ફરમાવતા ન્યાયાધીશના શબ્દો આ પ્રમાણે હતા : ''પોન ક્રૂસેમ સર્વો'' એટલે કે ''ગુલામ ઉપર ચોકડી (વધસ્તંભ !) મૂકો.''

સ્તંભનો ઊભો ભાગ જે કાયમ જમીનમાં રહેતો તે 'સ્ટાઇપ્સ

ક્રૂસીસ' કહેવાતો, જ્યારે જે ઊંચકતા ઈસુ પડી ગયા હતા તે આડું લાકડું 'પેટીબ્યુલમ' કહેવાતું.

ઊભું લાકડું લગભગ છ ફૂટ ઊંચું રહેતું. મોટા ભાગના અપરાધીઓ માટે આ પૂરતું હતું. કારણ કે તેના ઘૂંટણો વાળેલી સ્થિતિમાં ગોઠવવામાં આવતા. આવા આડા અને ઊભા લાકડાથી તૈયાર થયેલા સ્તંભને રોમનો 'ક્રૂસ હ્યુમીલીસ' નામે ઓળખતા. તેઓ એક બીજો વધસ્તંભ પણ વાપરતા જે 'ક્રૂસ સબ્લીમસ' કહેવાતો. આ સ્તંભ ઘણો ઊંચો હતો, પરંતુ જેઓને રોમન પ્રેક્ષકો સામે પ્રદર્શિત કરવા ઈચ્છા હોય એવી વ્યક્તિઓ માટે જ આ સ્તંભ વપરાતો.

વધસ્તંભની શરૂઆતની પદ્ધતિમાં આડું લાકડું - પેટીબ્યુલમ - સામાન્ય રીતે ઘરનાં બારણાં બંધ કરવા વપરાતા લાંબા પાટડા જેવું હતું, તેને ઊભા લાકડા - સ્ટાઈપ્સ ક્રૂસીસ - ને મથાળે હથોડીથી જડી દઈ વધસ્તંભ બનાવવામાં આવતો. આ આકારને 'ક્રૂસ ઈમીસિયા' અથવા 'કેપીટાટા' નામે ઓળખવામાં આવતો. ધીમે ધીમે વપરાશ બાદ સ્તંભના આકારનું રૂપાંતર અંગ્રેજી ટી - જેવા આકારમાં થયું, જે બનાવવામાં સહેલો અને વપરાશમાં પણ સહેલો હતો. જલ્લાદ જાતે જ તે બનાવી લેતો.

ચાર સૈનિકોએ કેદીઓને ઘેરી લઈ તેમનાં વસ્ત્રો ઉતારવાની શરૂઆત કરી, ટેકરીની તળેટીમાં ઊભેલા પ્રેક્ષકગણમાંથી ધીમો ગણગણાટ આવ્યો. વધસ્તંભે જડવાનું કાર્ય શરૂ થઈ ચૂક્યું હતું.

જ્યારે કેદીઓ સંપૂર્ણ નગ્ન થઈ ચૂક્યા ત્યારે એક કપડું તેમના બે પગ વચ્ચેથી કમરની આસપાસ વીંટી દઈ, છેડો પીઠ પાછળ ખોસી દેવામાં આવ્યો. તેમનાં વસ્ત્રો તથા ચંપલોનું અલગ અલગ ઢીલું પોટલું વાળી તેમની સામે મૂકવામાં આવ્યું.

અમલદાર જલ્લાદે આડું લાકડું - પેટીબ્યુલમ - ઈસુની પાછળ જમીન ઉપર મૂક્યું. ઈસુના બાહુ પકડી પાછળની બાજુએ ખેંચી ઝડપથી

જમીન પર ચત્તા સુવડાવી દીધા. ઈસુ પડ્યા કે તરત જ સૈનિકોએ આ આડું લાકડું તેમની ડોક પાછળ ગોઠવી દીધું, અને ઈસુની કોણીની અંદરની બંને બાજુએ તેઓ ઝડપથી ગોઠણભેર બેસી ગયા. ઈસુએ કોઈપણ પ્રકારનો વિરોધ દર્શાવ્યો નહિ કે શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ. પરંતુ ચત્તા પડવાને લીધે માથાના પાછળના ભાગ ઉપર, ખોપરીની ચામડીમાં કાંટા ભોંકવાથી તેમણે વેદનાયુક્ત સિસકારો કર્યો.

એક વાર શરૂ કરેલું કાર્ય સૈનિકો ત્વરાથી અને નિપુણતાથી પૂરું કરતા. જલ્લાદે મોટા ખિસ્સાવાળો ઝભ્ભો પહેર્યો હતો. તેણે પોતાના દાંતમાં પાંચ ઇંચ લાંબા બે ખીલા દબાવ્યા હતા, અને હાથમાં હથોડી રાખી, ઈસુના જમણા બાહુ તરફ હવે તે નમ્યો. કોણીની અંદરની બાજુઓ નમેલા સૈનિકે ઈસુના બાહુને પાટિયા સાથે સમતલ રાખી દબાવ્યો હતો. જલ્લાદે જમણા હાથથી ઈસુના કાંડા ઉપર ધોરી નસની વચ્ચેના પોલા ભાગને ચકાસી જોયો. પછી તે દાંતમાં દબાવેલો લોખંડનો ચોરસ ખીલો ઈસુના હાથમાં ગોઠવ્યો, પછી હથોડી ઊંચકી ખીલાના માથા ઉપર તેણે બળપૂર્વક ઠોકી.

ટેકરીની તળેટીમાં ઊભેલા યોહાને મરિયમનું મસ્તક પોતાની છાતી સાથે દબાવ્યું કે જેથી તેને સાંત્વના મળે અને આ બનાવ તે જોઈ શકે નહિ. પ્રેક્ષકોમાંથી ઘણાએ આંખો બંધ કરી દીધી. કેટલાંક રડી ઊઠ્યાં, તો કેટલાંક પ્રગટ રીતે પ્રાર્થના કરવા લાગ્યા. કેટલાંક ગેનાથ દરવાજા પ્રતિ પાછાં જવા લાગ્યાં.

જલ્લાદ હવે ઈસુના શરીરને કૂદીને બીજા હાથના કાંડા તરફ ગયો.... જ્યારે તેને સંતોષની ખાતરી થઈ કે સજા પામેલા વ્યક્તિ ખેંચાખેંચમાં તેને પાડી દઈ, કોઈ રીતે આડા લાકડાની બહાર આવી શકશે નહિ, ત્યારે તેણે ઝડપથી ઈસુના બંને બાહુ આડા લાકડાને સમાંતર લાવી દીધા. આડા લાકડા - પેટીબ્યુલમ - ને જમીન ઉપરથી ઊંચકવાની આ નિશાની હતી.



ચિત્ર ૩૨ : વેદનાયુક્ત ક્રૂસિફિકશન

આડા લાકડાની ડાબી-જમણી બાજુઓ બબ્બે સૈનિકોએ તે જમીન ઉપરથી ઊંચકી. આમ ઉપરની તરફ ઊંચકતાં તેમણે ઈસુને કાંડા આગળથી ઘસડ્યો. પ્રત્યેક શ્વાસ લેતી વખતે ઈસુ પીડાને લીધે કણસતા હતા. જ્યારે સૈનિકો ઊભા લાકડા - સ્ટાઈપ્સ ક્રૂસીસ - પાસે પહોંચ્યા ત્યારે ઈસુના પગ જમીનથી અદ્ધર થાય ત્યાં સુધી ચારે સૈનિકોએ આડા લાકડા સહિત ઈસુનું શરીર ઊંચું કર્યે રાખ્યું. આ વખતે તેમનું શરીર આ અસહ્ય વેદનાને લીધે જરૂર અમળાતું હોવું જોઈએ.

સ્ટાઈપ્સ ક્રૂસીસના ખાંચામાં પેટીબ્યુલમ બરાબર બંધ બેસી ગયું ત્યાં સુધી ઊંચા લઈ જવાની આ ક્રિયા ચાલુ રહી. આ આખી બિના નિહાળી રહેલા પેલા બે લૂંટારા આડું જોઈ ગયા. બંનેમાંનો શાંત ચોર ગણગણાટ જેવા ધીમા અવાજે પ્રાર્થના કરવા લાગ્યો, જ્યારે બીજો ચોર બૂમ પાડી સૈનિકોને કહેવા લાગ્યો કે, તેની પોતાની બાબતમાં આ એક મોટી ભૂલ થઈ રહી છે. એક મુખ્ય યાજકે બીજાની સામે જોઈને કહ્યું કે 'મસીહ' માટે આ એક ખૂબ નબળું ઉદાહરણ કહેવાય; તેના પોતાના સમયમાં તેણે આનાં કરતાં ઉમદા ઉદાહરણો જોયાં હતાં.

જ્યારે આડું લાકડું સખત રીતે બંધ બેસી ગયું ત્યારે જલ્લાદે કેદીનું નામ અને તેનો ગુનો લખેલું પાટિયું લીધું અને ઊંચા થઈ સ્તંભના માથે લટકાવી દીધું. પછી તે સ્તંભ આગળ ઘૂંટણભેર બેસી ગયો. સૈનિકો મદદ કરવા દોડી આવ્યા. બંનેએ ઈસુના એક એક પગને ઘૂંટીમાંથી પકડી લીધા. વિધિ પ્રમાણે ડાબા પગ ઉપર જમણો પગ ગોઠવીને ખીલો મારવાનો હતો. કદાચ આખા કાર્યનો આ ભાગ અઘરામાં અઘરો હતો. જો પગ નીચેની તરફ ખેંચીને સ્તંભના છેડે જડી દેવામાં આવે, તો કેદી ઝડપથી મરી જતો. ઘણાં વર્ષોના અનુભવ પછી રોમનો શીખ્યા હતા કે પગ થોડાક ઉપર તરફ વાળેલા રાખીને ખીલા મારવા કે જેથી કેદી ખીલા તરફ નમીને ઉપરની બાજુએ ખેંચાયા કરે.

ઈસુ વધસ્તંભે જડાઈ ગયા અને છેલ્લી વાર તે આ પવિત્ર નગરની સામે ઊંચકાયા. ★

# ૧૭. પારાદૈસનો પ્રવાસી

બે લૂંટારા વચ્ચે ઈસુને લટકાવવાની યોજના કોના ભેજાની નીપજ હશે તે બાઈબલમાં જણાવવામાં આવ્યું નથી. ક્રૂસના મથાળે કટાક્ષયુક્ત લેખનું પાટિયું જડી ઈસુની ઠઠ્ઠામશ્કરીમાં વધારો કરનાર પિલાતના ફળદ્રુપ ભેજામાં આ તુક્કો સૂઝ્યો હોય એ શક્ય. કદાચ અપમાનમાં આવો અસાધારણ વધારો કરનાર પરિસ્થિતિના નિર્માણમાં યહૂદી અધિકારીઓ પણ સામેલ હોય, અથવા આવા વિશિષ્ટ ગુનેગારની સરભરા પણ વિશિષ્ટ રીતે થવી જોઈએ એવું વિચારીને રોમન સૈનિકોએય આવી યોજના ગોઠવી હોય. ગમે તેનો દોરીસંચાર હોય, પરંતુ એક બાબત નિશ્ચિત હતી કે માનવીય રોષથી નીપજેલી આ દુષ્ટ ભાવના પાછળ દૈવી હેતુ હતો.

ઈસુની આ અંતિમ ક્ષણોમાં તેમને કષ્ટ અને અપમાન આપનાર પ્રત્યેક કૃત્ય અને શબ્દ આજે ખ્રિસ્તી જગતમાં પ્રકાશિત તારાની જેમ ચિરંજીવ છે. એક રીતે ઈસુની અંતિમ મળો સળગતી આગ સમાન હતી. જેમાં નાખવામાં આવતાં ગંદાં ચીંથરાં અને કાળા કોલસા પણ પ્રકાશબિંદુઓની જેમ ચમકી ઊઠ્યાં. તેથી બે ચોર-લૂંટારા વચ્ચે લટકવું એ પરિસ્થિતિ ઈશ્વર તેમ જ માનવ બંને વડે મુદ્રિત થયેલું હતું. એ જ તેમની સાચી જગા હતી. તેમના જીવન દરમિયાન યહૂદીઓ ઈસુને "દાણી તથા પાપીઓના મિત્ર" તરીકે ઓળખતા હતા. આજે તેમણે એ જ માન્યતાને સાકાર કરી હતી. દુનિયામાં પાપી મધ્યે તેમનું સ્થાન હતું. તેમની મધ્યે જ જીવ્યા અને મર્યા પણ તેમની વચ્ચે. આવનાર અંતકાળે જ્યારે જગતના ઇતિહાસને સમેટી લેવામાં આવશે ત્યારે પણ આ ઈસુ પાપીઓની વચ્ચે ન્યાયાસને બિરાજશે. અહીં પણ એક તરફ ઘેટાં અને એક તરફ બકરાં. આવું કેન્દ્રીય સ્થાન તેમના ઉદાત્ત ચારિત્ર્ય

અને વિશિષ્ટ જીનવકાર્યનું દ્યોતક છે. હજી તેમનું જીવનકાર્ય સમાપ્ત થયું નથી. જીવનના અંતિમ શ્વાસ સુધી આત્માઓ જીતવા જ જોઈએ. માનવ સમુદાયનો હૃદયપલટો થવો જ જોઈએ. એવી તક તેમને જમણી બાજુ લટકતા લૂંટારામાં દેખાઈ હશે. ઉડાઉ દીકરાનું દૃષ્ટાંત એ ખ્રિસ્તના શિક્ષણના નિચોડરૂપ છે, જ્યારે મૃત્યના મુખમાં ઊભેલા આ લૂંટારાનું પરિવર્તન તે ખ્રિસ્તના જીવનનું સાફલ્ય છે.

સાન્હેદ્રિનના સભ્યોનું અનુકરણ કરતાં એક લૂંટારો ઈસુની ઠઠ્ઠામશ્કરીમાં જોડાયો.

બીજા ચોરે પ્રથમ તરફડતા પોતાના સાથી લૂંટારા સામે જોયું. ચિત્ર  કેટલું નિરાશાજનક અને દુ:ખદ હતું ! લૂંટની યોજનાઓ સાંગોપાંગ પાર પાડનારની બહાદુરી ક્યાં ગઈ ? તેની કાબેલિયત અને દંડી તાકાત ક્યાં ગઈ ? પછી તેની નજર તેવા જ પ્રકારનું મહાકષ્ટ ભોગવતા ઈસુ પર ઠરી. અહીં તો ચિત્ર તદન વિપરીત હતું. કેટલી પરમ શાંતિ ! મશ્કરી અને કટાક્ષબાણો વચ્ચે આંખોમાંથી નીતરતો નિતાંત પ્રેમ ! બે ઘાયલ પ્રાણીઓ વચ્ચે સ્થિતપ્રજ્ઞ, ધીરગંભીર દેવાંશ ! એ માનવ હોઈ શકે જ નહિ. અત્યાર સુધી તેનો સાથી લૂંટારો તેનો આદર્શ હતો. પણ હવે તેની દૃષ્ટિ ખૂલી ગઈ. ઈસુનું ધૈર્ય, શાંતિ અને તેજ તેને અંદરથી હચમચાવી મૂકતું હતું. થોડી જ વાર પહેલાં પોતાના દુશ્મનો માટે પણ ક્ષમાયાચના કરતા ઈસુને તેણે સાંભળ્યા હતા (લૂક ૨૩ : ૩૪). તે તેને યાદ આવ્યું. વળી, બપોરે કાલવરીના રસ્તે આવતાં “યરુશાલેમની દીકરીઓ” માટે આ જ ઈસુએ મર્મભરી ભવિષ્યવાણી ઉચ્ચારી હતી (લૂક ૨૩ : ૨૮-૩૧) તે પણ કેમ ભુલાય ? કદાચ પિલાતની કચેરીમાં ઈસુના અપરાધની સુનાવણીમાં તે હાજર પણ હોય. ત્યાં પિલાતે ત્રણ વખત ઈસુને નિર્દોષ જાહેર કર્યા હતા (લૂક ૨૩ : ૨૨) એ તેની સ્મૃતિમાં રમવા લાગ્યું અને સહસા તે પોકારી ઊઠ્યો, “તું તે જ શિક્ષા ભોગવે છે, તે છતાં શું તું દેવથી પણ

બીતો નથી ? આપણે તો વાજબી રીતે [ભોગવીએ છીએ]; કેમ કે આપણે આપણાં કામનું યોગ્ય ફળ પામીએ છીએ, પણ એણે કંઈ પણ ખોટું કર્યું નથી'' (લૂક ૨૩ : ૪૦, ૪૧).

ઈશ્વરના સાનિધ્યમાં આ પસ્તાવિક માનવીને પોતાની પાપી પરિસ્થિતિનું ભાન થયું. પોતાના પાપસભર ભૂતકાળમાં તે સ્વંય તો ઈશ્વરને ભૂલી જ ગયો હતો. હવે તેને ઈશ્વરનાં દર્શન થયાં. નમ્ર વાણીથી જાહેરમાં તેણે પોતાનાં પાપની કબૂલાત કરી ઈસુનો પ્રભુ તરીકે સ્વીકાર કર્યો. ભૂતકાળની પરિસ્થિતિથી પોતાને અલગ કર્યો. પોતાના દુષ્ટ સાથીની સંગતનો બહિષ્કાર કર્યો. આ તેનો મહાન આત્મિક વિજય હતો. અંધકારની જગ્યાએ હૃદયમાં પ્રકાશ પથરાયો. આ તેનો નવો જન્મ હતો. કેવી વિચિત્ર પરિસ્થિતિ ! વિચિત્ર સંજોગ ! વિચિત્ર વાતાવરણ ! આ તો તેના નવા જન્મ માટે ઈશ્વરપિતાએ નિર્માણ કરેલું વિચિત્ર પારણું હતું. શું આથી વિશેષ વિચિત્ર પારણામાં કોઈનો પણ જન્મ થયો હશે ? ઈસુના સાનિધ્યમાં રાત-દિવસ તેમના ઉપદેશનું પાન કરતા શિષ્યો તેમને છોડીને નાસી ગયા ! એક જ સપ્તાહ પહેલાં ''હોસાના'' પોકારતા જ્ઞાતિબંધુ યહૂદીઓ આજે તેમના લોહીના તરસ્યા બની ગયા, ત્યારે ઈસુની આખી સુવાર્તા આ લૂંટારાએ એક જ ક્ષણમાં ગ્રહણ કરી લીધી : ''હે ઈસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે'' (લૂક ૨૩ : ૪૨). આવી મહાન ક્ષણે આકાશમાં દૂતોનો આખો સમુદાય ''ધન્ય ધન્ય'' પોકારી ઊઠ્યો હશે જ્યારે બીજી બાજુ અંધકારની મહાસત્તાઓ કંપી ઊઠી હશે ! આ અદ્ભુત હૃદયપરિવર્તન ઉપર ક્રાંતિકારી લ્યૂથર લખે છે, ''જ્યાં સંત પિતરનો વિશ્વાસ ડગી ગયો ત્યાંથી આ પસ્તાવિક લૂંટારાના વિશ્વાસની શરૂઆત થઈ ! '' ઈશ્વરવિદ્યાનો પંડિત કેલ્વિન પોતાનો પ્રતિભાવ આપતાં લખે છે : ''મૃત્યુમાં જીવન, ખંડેરમાં ભવ્યતા, શરમમાં પરાક્રમ, પરાજયમાં વિજય અને ગુલામીમાં રાજસત્તા જોનાર આ લૂંટારાની દૃષ્ટિનું દર્શન

કેટલું અદ્ભુત હશે ! જગતના પ્રારંભથી આજ સુધી કદાચ આટલા સબળ વિશ્વાસનું એકેય ઉદાહરણ જોવા નહીં મળે."

એકપણ શબ્દ ઉચ્ચાર્યા સિવાય ઈસુએ આ માનવજીવનનું પરિવર્તન કર્યું એ નોંધપાત્ર બાબત છે. શબ્દોથી નહિ પણ ફક્ત આચરણમાં ધીરજ, નિર્દોષતા, શાંતિ અને ઉદારતાની છાપ દ્વારા આ કાર્ય થયું હતું (૧ પિતર ૩ : ૨). કાર્ય પૂરું થયા બાદ ઈસુ બહુ જ થોડા શબ્દો બોલ્યા, પણ પ્રત્યેક શબ્દ તારણહારના પ્રકટીકરણરૂપ છે. "આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ" (લૂક ૨૩ : ૪૩). "આજ" શબ્દ લૂંટારા માટે સુખદ ભવિષ્યવાણી હતી. હવે આ ઘાયલ, પીડિત શરીરને બહુ લાંબા સમય સુધી યાતના ભોગવવાની નથી ! "તું મારી સાથે" કેટલી ઉત્તમ કલ્પના ! ઈસુની સાથે સંગત જ્યાં દુ : ખ નહિ, યાતના નહિ, અપમાન પણ નહિ. પવિત્ર દેવની સંગત ! સંગતની ફેરબદલીથી તેની પરિસ્થિતિએ કેવો વળાંક લીધો હતો ! ક્યાં પહેલાંના સાથી લૂંટારાની સંગત અને હવે ક્યાં આ નિર્દોષ ઈસુની સંગત ! લૂંટારો યહૂદી હતો તેથી તેના આ સુખદ કલ્પનાચિત્રમાં રંગ પૂરવા માટે તે સમજી શકે એવો પરિચિત શબ્દ છેલ્લે ઈસુએ ઉમેર્યો - "પારાદૈસમાં હોઈશ ! " હવે ઝાંખું ચિત્ર લૂંટારાના માનસપટ ઉપર સ્પષ્ટ રીતે ઉપસી આવ્યું. એદન બાગ જેવા સંપૂર્ણ સર્વાંગસુંદર પ્રદેશમાં ઈસુની સાથે સંગત ! ખરેખર, ઈસુ ત્યાંથી જ આ પૃથ્વી પર આવ્યા હશે, કારણ કે કેટલી સાહજિકતાથી તેમણે પારાદૈસની વાત ઉચ્ચારી ! જાણે સ્વયં તે પારાદૈસના નાગરિક ન હોય ! ક્યારે આ "આજ" પૂરી થાય ? ★

# ૧૮. પુનરુત્થાન - એક ચર્ચા

કોઈ એક સંશોધકે ઘણી વ્યક્તિઓને એક જ પ્રશ્ન પૂછ્યો : "જો આજે તમારે ઈસુની મુલાકાત થાય, તો તમે તેની સાથે શી વાતચીત કરશો ? તેના જવાબમાં જોડ નામના લંડનના એક પ્રાધ્યાપકે કહ્યું કે હું તેમને એક જ પ્રશ્ન પૂછું: "શું તમે ખરેખર પુનરુત્થાન પામ્યા હતા ?"

સ્વાભાવિક છે કે આજના વિજ્ઞાનના યુગમાં આવી અદ્વિતીય ઘટના એકદમ કોઈના ગળે ઊતરી શકે નહિ. ઈતિહાસ, વિજ્ઞાનશાસ્ત્ર, તર્કશાસ્ત્ર અને અધ્યાત્મવાદ એ ચાર દષ્ટિકોણથી વિચારતાં પુનરુત્થાનની ચર્ચામાં ચાર શક્યતાઓને ચકાસણીની એરણ ઉપર મૂકી શકાય :

(૧) આખી ઘટના શિષ્યોના મનની ભ્રમણા હોઈ શકે.

(૨) ઈસુ મૃત્યુ પામ્યા જ નહોતા - તે મૂર્છા હોઈ શકે.

(૩) શિષ્યોનો આ મહાપ્રપંચ હોઈ શકે.

(૪) તે એક દૈવી ચમત્કાર હોઈ શકે.

(૧) **ભ્રમણા :** કોઈપણ ઘટના બની હોવાની તીવ્ર અપેક્ષા ધરાવનાર વ્યક્તિ તે ઘટના ન બની હોવા છતાં ખરેખર બની છે તેમ માનવા લાગે તે સ્થિતિને "ભ્રમ" કહેવામાં આવે છે.

દૈનિક કાર્યક્રમ મુજબ રોજ સાંજે છ વાગે ઘરના બારણે પતિની રાહ જોતી સ્ત્રી વર્ષો સુધી નિયમિત એ ઘટનાથી ટેવાઈ જાય છે. એક દિવસ અચાનક પતિનું મૃત્યુ થાય છે છતાં મૃત્યુ બાદ તે સ્ત્રીને ઘરના બારણે પતિનું દર્શન થાય અને અવાજ પણ સંભળાય, એ સ્થિતિને ભ્રમ કહેવાય.

આ ખુલાસા પ્રમાણે એવું કહેવાય છે કે શિષ્યો ઈસુના પુનરુત્થાનની અપેક્ષા ધરાવતા હતા એ આશાને તીવ્રતાની પરાકાષ્ટામાં ભ્રમણાને જન્મ આપ્યો, અને તેઓ માનવા લાગ્યા કે ઈસુ પુનરુત્થાન પામ્યા છે જેથી પુનરુત્થાનની આખી ઘટના તે શિષ્યોના માનસિક અપેક્ષા - સંતોષના પરિણામે ઉદ્‌ભવેલો આભાસ કે ભ્રમ જ છે.

આધુનિક નિષ્ણાતોએ આવા ભ્રમણાના કિસ્સાઓને વિગતવાર અભ્યાસ કરીને એવું પ્રતિપાદન કર્યું છે કે અમુક ચોક્કસ પ્રકારની વ્યક્તિઓમાં મનની પ્રવાહી સ્થિતિ અને ભ્રમ પેદા કરવાની શક્તિનો સુમેળ જામે ત્યારે વહેલી સવારે કે મોડી રાત્રે એકાંતમાં આવા ભ્રમણાના કિસ્સા બને છે.

બાઈબલમાં નવા કરારમાં લગભગ ૧૦૨ જગ્યાએ પુનરુત્થાનનો ઉલ્લેખ આવે છે. તેનું વિશ્લેષણ કરતાં જણાયું છે કે પુનરુત્થાન પછી પ્રભુ ઈસુનું દર્શન પામનાર વ્યક્તિઓમાં દરેક પ્રકારની વ્યક્તિઓનો સમાવેશ થયેલો છે. સ્થળ - કાળનું કોઈ બંધન આવા દર્શનને નડતું નથી. વળી એક સ્થળે એકીસાથે ૫૦૦ વ્યક્તિ આવું દર્શન પામી હતી (૧ કરિંથી ૧૫ : ૬).

દાર્શનિકો માને છે કે જે દર્શન થયું તે ફક્ત ઈસુના આત્માનું જ હતું. શરીરનું નહિ. પરંતુ ઉત્થાન પામેલા ઈસુના દેહને સ્પર્શ કરી શકાયો હતો (લૂક ૨૪ : ૩૯. યોહાન ૨૦ : ૨૭). તે દેહ ચાલી શકતો હતો (લૂક ૨૪ : ૧૫), તે માછલી પણ શેકી શકતો હતો (યોહાન ૨૧ : ૯), ખાઈ પણ શકતો હતો (લૂક ૨૪ : ૪૧-૪૩).

ભ્રમણાના મનોવિજ્ઞાનમાં "અપેક્ષાની તીવ્રતા"વાળી બાબત પાયાની હકીકત માની લેવામાં આવી છે. પરંતુ આ ઘટનામાં સત્ય તો કાંઈ ઊલટું જ હતું. શિષ્યો પુનરુત્થાનની અપેક્ષા રાખતા જ નહોતા ! (યોહાન ૨૦ : ૯). ખરેખર, તો તેઓ ભયભીત અને નિરાશ થઈ એકાંતવાસ ગાળતા હતા (લૂક ૨૪ : ૩૭-૩૯).

આમ શિષ્યોની ભ્રમણાવાળી બાબત પાયા વગરની સાબિત થાય છે.

(૨) **મૂર્છા :** વર્તમાનપત્રોમાં કેટલાક કિસ્સા અવારનવાર ચમકે છે કે મૃત મનાયેલી અમુક વ્યક્તિ, દફન પહેલાં એકાએક સજીવન થઈ ! આમ એક જૂની માન્યતા પ્રમાણે ઈસુ ક્રૂસ ઉપર ખરેખર મૃત્યુ પામ્યા જ નહોતા, પરંતુ પીડા અને થાકથી મૂર્છિત થઈ ગયા હતા. ડૉ. હગ સ્કોનફીલ્ડ તેમના પુસ્તક "ધી પાસ ઓવર પ્લોટ" માં લખે છે કે ક્રૂસ ઉપર તૃષિત ઈસુને રોમન સૈનિક દ્વારા અપાયેલા સરકામાં રહેલી દવાની અસરથી મૂર્છા આવી ગઈ. તેમને મૃત્યુ પામેલા માની લેવામાં આવ્યા ત્યાર બાદ કબરમાંની ઠંડકથી કળ વળવાથી તેઓ બહાર આવ્યા..તેથી આ આખી ઘટના તે ઈસુના પુનઃસજીવન થવાની નહોતી, પરંતુ પુનઃચૈતન્યયુક્ત થવાની જ હતી.

હકીકતોને વિકૃત સ્વરૂપમાં રજૂ કરીને સત્યને મરડી નાખવાનો આ ઉત્તમ નમૂનો કહી શકાય.

ઈ.સ. ૯૦ ના અરસામાં સમકાલીન યહૂદી ઇતિહાસકાર યોસેફસ લખે છે કે "તે (ઈસુ) તેઓને (મૃત્યુ પછી) ત્રીજે દિવસે જીવતો દેખાયો."

ઈ.સ. ૧૧૦ ના અરસામાં રોમન ઇતિહાસકાર ટેસીટસ ઈસુના મૃત્યુ વિષે સાક્ષી પૂરે છે.

ઈ.સ. ૫૬ના અરસામાં લખાયેલ કરિંથ મંડળી ઉપરના પત્રમાં સંત પાઉલ ઈસુના મૃત્યુ વિષે સાક્ષી પૂરે છે. સંત માર્ક ઈ.સ. ૫૬ માં આ સત્ય ઉપર મહોર મારે છે. તે ઉપરાંત સંત લૂક, માથ્થી, યોહાન અને પિતરની સાક્ષી અમૂલ્ય છે. તે જમાનામાં ક્રૂસ દ્વારા મૃત્યુદંડ આપવા માટે ખાસ તાલીમ પામેલા અનુભવી સૈનિકોને જ કામ સોંપવામાં આવતું. તેઓ ઈસુના મૃત્યુ સંબંધી કોઈ જ શંકા રહેવા દે

તેવા નહોતા. વળી આખા યરુશાલેમ નગરની દૃષ્ટિ આ ઐતિહાસિક બનાવ ઉપર રાજકીય, સામાજિક અને ધાર્મિક રીતે કેન્દ્રિત થયેલી હોય ત્યારે પિલાત જેવો વિચક્ષણ અધિકારી ઈસુના મૃત્યુની ખાતરી વગર તેને દફનાવવાની પરવાની આપે જ નહિ (માર્ક ૧૫ : ૪૪).

માનસિક અને શારીરિક પીડાથી ઈસુએ પ્રાણ છોડ્યા ત્યારે રોમન સૈનિકે તેમને ભાલો ભોંક્યો અને લોહી તથા પાણીની સેર છૂટી (યોહાન ૧૯ : ૩૪). ડો રેન્ડલ શોર્ટ તેમના પુસ્તક ''બાઇબલ અને આધુનિક ઔષધ'' પૃ. ૯૬ ઉપર જણાવે છે કે ભાલાનો આ ઘા એવા પ્રકારનો હતો કે જેથી કોઈપણ જીવિત વ્યક્તિ પણ તત્કાળ મૃત્યુ પામે.

. આવી પરિસ્થિતમાં ત્રણ ત્રણ દિવસથી ભૂખ્યા, અપમાનિત, મારપીટ થયેલા, વેદના અને ત્રાસથી માનસિક અને શારીરિક રીતે ભાંગી પડેલા એવા ઘાયલ ઈસુ, કબરમાં કફન અને અન્ય દ્રવ્યોના લેપથી દફન થઈ ગયા બાદ કોઈની પણ મદદ વગર સામે ચાલીને ઊભા થઈ બે ટન વજનનો પથ્થર ગબડાવી બહાર આવે એવી કલ્પના કરનારની સામાન્ય બુદ્ધિ માટે શું કહેવું ? આમ મૂર્છાની શક્યતા હકીકતથી વેગળી જણાય છે.

(૩) **પ્રપંચ :** અન્ય પ્રાચીન માન્યતા પ્રમાણે ઈસુની કબર ઉપર ચોકી કરતા સૈનિકો નિદ્રાધીન હતા ત્યારે ઈસુના શિષ્યો આવીને તેમનું શબ ચોરી ગયા (માથ્થી ૨૮ : ૧૩) અને પાછળથી પુનરુત્થાનની વાત જોડી કાઢી.

આ કેટલું નબળું કારણ છે તે તેની તાર્કિક શક્યતાઓ ઉપરથી જ જોઈ શકાય છે. રોમન સૈનિકોની આવી બેજવાબદારી ''ઊંઘ'' તે રોમન સરકારની ''આબરૂનો સવાલ'' ઊભો કરે ! જો સૈનિકો નિદ્રાધીન હતા તો તેમની ઊંઘ દરમિયાન શું બન્યું તે તેમણે કેવી રીતે જાણ્યું ? ઈસુના શિષ્યોમાં શબ ચોરી જવા જેટલી હિંમત નહોતી. વળી શબ

ચોરી જવાનું પ્રયોજન શું ? કદાચ તેઓ ચોરી ગયા હોત, તો તે શબ તેઓએ ક્યાં સંતાડ્યું ? એ રહસ્ય બે હજાર વર્ષ સુધી છૂપું રહી શકે નહિ. આ સર્વ શંકાઓ ઉપરાંત એક મજબૂત કારણ આ ચોરીની વાતની વિરુદ્ધ જાય છે. શિષ્યોનું ચારિત્ર્ય અને ઈસુનો ઉપદેશ આવી ચોરી સાથે જરાયે સુસંગત નથી.

પ્રત્યેક ગુનાહિત કાર્ય પાછળ તેનો આશય રહેલો હોય છે. મૃત્યુદંડની બીકથી ગુનેગાર પોતાનો આશય અને ગુનો કબૂલ કરી લેતો હોય છે. લગભગ બધા જ શિષ્યો ઈસુ પરના વિશ્વાસથી અડગ રહીને પાછળથી શહીદીને વર્યા એમ ઈતિહાસ સાક્ષી પૂરે છે. પ્રામાણિકપણે ધારેલી માન્યતા માટે વ્યક્તિ શહીદી વહોરી લે તેવા અસંખ્ય દાખલા મળી આવશે, પરંતુ જૂઠાણા માટે હસતે મુખે મોત વહોરનાર ભાગ્યે જ કોઈ નીકળે !

(૪) **ચમત્કાર :** જો ઉપરોક્ત ત્રણે બાબતોની શક્યતા નકારાત્મક હોય, તો ચોથી બાબત "ચમત્કાર"ની શક્યતા નકારી શકાય તેવી નથી જ.

ત્યારે મૃત્યુ બાદ ઈસુ ખ્રિસ્તનું ખરેખર શું થયું ? એ પ્રશ્નનો એક જ ઉત્તર હોઈ શકે. સંત પાઉલના શબ્દમાં તેનો ઉત્તર સ્પષ્ટ આપી શકાય : "જો ખ્રિસ્ત ઊઠ્યો નથી, તો અમારો ઉપદેશ વ્યર્થ છે, અને તમારો વિશ્વાસ પણ વ્યર્થ છે... ધર્મશાસ્ત્ર પ્રમાણે ખ્રિસ્ત આપણાં પાપને સારુ મરણ પામ્યો.... તેને દાટવામાં આવ્યો, અને ત્રીજે દહાડે તેનું ઉત્થાન થયું..." (૧ કરિંથી ૧૫ : ૧-૧૯). ★

# ૧૯. એમ્મૌસ તરફ

ઉત્થાન પછીના ચાળીસ દિવસનું પ્રભુ ઈસુ ખ્રિસ્તનું જીવન રહસ્યમય પરાક્રમથી ભરપૂર દેખાય છે. યહૂદિયા અને ગાલીલમાંના જૂના ખ્રિસ્ત કરતાં ઉત્થાન પામેલા ખ્રિસ્ત કાંઈક વધુ આત્મિક, વધુ રહસ્યમય, વધુ દૈવી તેમ જ વધુ પરાક્રમી ભાસે છે.

આમ, ઘણી બાબતોમાં અજાયબ રીતે બદલાયેલા છતાં એ જ નિર્વિકાર ખ્રિસ્તનું દર્શન થાય છે. દિલાસો અને પ્રેરણા આપતું આ દર્શન બીજી તરફ માનવસ્વભાવથી ભરપૂર છતાં દૈવી જણાય છે. ખ્રિસ્તના આ રૂપાંતરિત દેહમાં જે પરાક્રમ દેખાય છે તે માનવથી ઊંચી કક્ષામાંથી આવેલું છે. તેની પ્રતીતિ થયા વગર રહેતી નથી. આ દેહ ઇચ્છિત સ્થળે કોઈપણ અંતરાય વગર આવજા કરી શકે છે; બંધ બારણામાં પ્રવેશી શકે છે (યોહાન ૨૦ : ૧૯, ૨૬); અદૃશ્ય થઈ શકે છે; દૂરના સ્થળે ક્ષણમાં જ પહોંચી જઈ શકે છે; માનવદેહની જેમ ભૂખ અને તરસ છિપાવી શકે છે (લૂક ૨૪ : ૪૩).

આ સ્પર્શમય દેહમાં હાથ-પગ અને કૂખમાંના તાજા ઘા પણ દેખાય છે (યોહાન ૨૦ : ૨૭).

ચાળીસ દિવસ પછી આ જ દૈવી માનવદેહ ગુરુત્વાકર્ષણના નિયમની વિરુદ્ધ આકાશમાં ઊંચકાય છે! આ જ દેહમાં હાડકાં તથા માંસની હાજરી હતી : "મારા હાથ તથા પગ જુઓ, કે એ હું પોતે છું; મને હાથ અડકાડીને જુઓ, કેમ કે જેમ તમે મને જુઓ છો કે મને માંસ તથા હાડકાં છે તેમ આત્માને હોતાં નથી" (લૂક ૨૪ : ૩૯). પ્રભુ ઈસુ ખ્રિસ્ત અહીં ફક્ત "હાડકાં અને માંસ"નું જ સૂચન કેમ કરે છે? શું દેહમાં રક્તની ગેરહાજરી હતી? હા, કારણ કે એ રક્ત તો

માનવજાતની પાપની ખંડણીરૂપે, છેલ્લા ટીપા સુધી સ્તંભે જ વહેવડાવી દેવામાં આવ્યું હતું !

ઉત્થાન પામેલા ખ્રિસ્તની આસપાસ દૈવી માનવત્વનો નવો જ ઓપ અહીં જોવા મળે છે. જૂનું માનવત્વ કબરમાં દફનાવી દેવામાં આવ્યું છે : તેને સ્થાને નવું, રૂપાંતરિત અને અજાયબ જેવું દેવત્વ જ જોવા મળે છે. આથી જ ખ્રિસ્તનું નવું દર્શન પામેલ પ્રેરિત પાઉલ કહે છે : "... અને જોકે અમે ખ્રિસ્તને બહારના દેખાવ પરથી ઓળખ્યો હતો, તોપણ હવેથી (તેને એમ) ઓળખતા નથી" (૨ કરિંથી ૫ : ૧૬). હા, ઉત્થાન પામેલા ખ્રિસ્તને ઓળખવા માટે હવેથી નવી દષ્ટિની જરૂર છે.

આવા પરાક્રમથી ભરપૂર મહિમાવંત દેહ સાથે પ્રભુ ખ્રિસ્ત એમ્માૈસ તરફ જતા બે સાથી શિષ્યોની સાથે થઈ જાય છે (લૂક ૨૪ : ૧૫). જ્યારે જ્યારે નમ્ર મનની ખ્રિસ્તી વ્યક્તિ પ્રભુનો વિચાર કરે છે ત્યારે ત્યારે ખ્રિસ્ત અચૂક તેની સાથે હોય છે. એ તેમનું વચન છે, અને એ જ તેમનું વલણ પણ છે : "જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું" (માથ્થી ૨૮ : ૨૦).

પ્રથમ તો આ બે સાથીઓએ પ્રભુને ઓળખ્યા નહિ (લૂક ૨૪ : ૧૬). આમ જ ઘણીવાર ખ્રિસ્તની હાજરી હોવા છતાં આપણે તેમને ઓળખી શક્તાં નથી ! આપણી "આંખો બંધાઈ ગયેલી" હોય છે. જ્યારે પ્રભુ અદશ્ય થાય છે કે તરત આપણને આપણી સ્થિતિનું ભાન થાય છે કે એ તો પ્રભુ જ હતા ! તેમના સાનિધ્યમાં મન કેવું ઉલ્લાસ પામતું હતું !

પ્રભુ પેલા બે સાથી શિષ્યોની વાતમાં જોડાય છે. ગૂંચવાયેલી વાતનો દોર તે પોતાના હાથમાં લે છે. ગૂંચ ઉકેલી નાખે છે. આમ આપણે જ્યાં છીએ ત્યાં જ પ્રભુ પોતે પધારવાની તસ્દી લે છે. પોતાની

અમૂલ્ય સંગત વડે આપણા પ્રશ્નો અને જિજ્ઞાસાઓ તેઓ સંતોષે છે અને આપણી શંકાઓનું સમાધાન કરે છે..

આગળ જતાં શાસ્ત્રમાંથી પોતાને લગતી વાતોનો તેઓને ખુલાસો કરી આપે છે (લૂક ૨૪ : ૨૭). આમ પ્રભુ પોતાનાં વચનો દ્વારા આપણી પાસે આવે છે. આપણને પોતાનું પ્રકટીકરણ આપે છે. પ્રભુ ખ્રિસ્તની સાક્ષી પ્રત્યેક પ્રબોધનો આત્મા છે. શું શાસ્ત્રના પ્રત્યેક વચનમાં આપણે ખ્રિસ્તની પ્રતિછાયા જોવાની ટેવ પાડી છે? તેમનાં વચનો ફક્ત શાબ્દિક જ્ઞાન પૂરતાં જ નથી, તે તો આત્મિક પરિતૃપ્તિ છે.


પ્રેમી અને જિજ્ઞાસુ હૃદય સામે તેઓ પોતાને પ્રગટ કરવા ઇચ્છે છે; એટલું જ નહિ, પણ તેમની સાથે નિકટની સંગત માણવાને પણ તેઓ એટલા જ ઉત્સુક છે. જ્યારે એમ્મૌસ નગર નજીક આવ્યું ત્યારે તેમણે "... જાણે કે આગળ જવાનું કર્યું..." આ વિધાન ઉપરથી સ્પષ્ટ જણાય છે કે મહેમાન ઈસુ યજમાન સાથીઓના આગ્રહની રાહ જુએ છે. ઈસુને વણનોતર્યા મહેમાન તરીકે આવવું નથી ! આપણી ઇચ્છા અને આવકારની ભાવના ઉપર તેમના આગમનનો પૂરો આધાર છે ઈસુએ જ કહ્યું છે કે, "જુઓ, હું બારણા આગળ ઊભો રહીને ઠોકું છું; જો કોઈ મારી વાણી સાંભળીને બારણું ઉઘાડશે, તો હું તેની પાસે માંહે આવીને તેની સાથે જમીશ, ને તે મારી સાથે જમશે" (પ્રકટી. ૩ : ૨૦). ઈસુએ કોઈ જગ્યાએ કહ્યું નથી કે બારણાં બંધ હશે તો તોડીને હું અંદર આવીશ.

"સાથીઓએ તેને આગ્રહ કર્યો કે અમારી સાથે રહે...." (લૂક ૨૪ : ૨૯). આગ્રહને માન આપી ઈસુ ઘરમાં પધારે છે. ઘરમાં આવ્યા પછી ઈસુ પ્રેમાળ મિત્ર સમાન બની જાય છે. હવે તે અજાણ્યા રહેવાનું પસંદ કરતા નથી. જમણના મેજ ઉપર મુખ્ય જગ્યા લઈ પોતાની આગવી રીતે પોતાને સંપૂર્ણ પ્રગટ કરે છે: "ત્યારે તેઓની

આંખો ઊઘડી, અને તેઓએ તેને ઓળખ્યો; પણ તે તેઓની દૃષ્ટિમાંથી અદૃશ્ય થઈ ગયો'' (લૂક ૨૪ : ૩૧).

પ્રભુ ઈસુ રાત રોકાયા વગર તરત જ કેમ અદૃશ્ય થઈ જતા રહ્યા ? શું આવા આગ્રહી સાથીઓ સાથે તેમણે વધારે સમય ગાળવો જોઈતો નહોતો ? ના, ઈસુ અને તેમની વચ્ચે હવે એક નવો સંબંધ સ્થપાયો છે તેવું પ્રભુને આ શિષ્યોને શીખવવાની અગત્ય જણાઈ. ઉત્થાન પામેલા ખ્રિસ્ત સાથેનો આપણો સંબંધ હવે દૃષ્ટિ દ્વારા દૃશ્ય સંબંધ નથી, પરંતુ વિશ્વાસ દ્વારા દૃઢ સંબંધ છે. દૃશ્યની ક્ષણ વીતી ગઈ છે; ફક્ત દૃષ્ટિની યાદ રહી ગઈ છે. શિષ્યોએ હવે વિશ્વાસનું જીવન જીવવાનું છે. જીવનમાં વિશ્વાસ અને પ્રાર્થના દ્વારા સંગત એ જ સામાન્ય ખ્રિસ્તી વલણ અને વાતાવરણ હોવું જોઈએ. ''કેમ કે અમે વિશ્વાસથી ચાલીએ છીએ, દૃષ્ટિથી નહિ'' (૨ કોરિંથી ૫ : ૭). ''જેઓએ જોયા વિના વિશ્વાસ કર્યો છે તેઓને ધન્ય છે'' (યોહાન ૨૦ : ૨૯). ★

2BGZ1



**શ્રી પીયૂષ એસ. ક્રિશ્ચિયન**

(B.E. (Civil); M.I.E. (Ind.); G.S.E. (I) ;Retd.);
M.I.A.H.; M.I.W.R.S.; M.I.G.S. (U.S.A.)

છેલ્લાં પાંત્રીસ વર્ષથી તેમના લેખોથી "ખ્રિસ્તીબંધુ"ના વાચકો પરિચિત છે. તેમના કેટલાક માહિતીસભર લેખોનું સંકલન કરીને આ પુસ્તકનું દ્વિતીય સંસ્કરણ કરવામાં આવ્યું છે.

તેઓ વ્યવસાયે સિવિલ એન્જિનિયર છે. ગાંધીનગર સચિવાલયમાં નર્મદા અને જળ-સંપત્તિ વિભાગમાંથી ખાસ ફરજ પરના અધિકારી - સુપરિન્ટેન્ડીંગ એન્જિનિયર - તરીકે નિવૃત્ત થયા છે.

ગાંધીનગરમાં સ્થાનિક ચર્ચમાં વિવિધ સેવાઓ ઉપરાંત નિયમિત બાઈબલ ક્લાસ ચલાવે છે. લેખન-પ્રવૃત્તિ ચાલુ છે.

મુદ્રક :
ફોટ્રોનિક્સ, નવરંગપુરા, અમદાવાદ-૯. ફોન : ૬૪૨૭૪૪૮